મે-૨૦૨૩
વર્ષ : ૧૫
અંક : ૧૧
મુલ્ય : રૂા. ૨૦/-

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. રણજીતભાઈ હરજીભાઈ પરમાર - બાલાઘાટ**

(પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

(સત્ર : ૨૦૦૮-૨૦૧૧)

સમસ્ત સમાજબંધુઓની ભાવાંજલિ...

ચાલો બિલાસપુર... ચાલો બિલાસપુર... ચાલો બિલાસપુર...

**મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન એવં વિરાટ સગપણ સંમેલન**

**તા. ૧૦, ૧૧ જુન-૨૦૨૩, બિલાસપુર (છત્તીસગઢ)**

*If undelivered please return to :*
Setu Samaj Sandesh
*C/o. Shree K.G.K. Samaj Bhavan*
*Nr. Townhall,*
*ANJAR - KUTCH 370 110.*
*Ph. : (02836) 246511*

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.





Late Karmsinh Madhavji Tank
(Sinogra)



Mr. Prafulchandra K. Tank
Mob: +91 9825053258

Mr. Kishan P. Tank
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


॥ विद्यादान महादान ॥ ॥ परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति ॥ ॥ सा विद्या या विमुक्तये ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



સહ વીર્યં કરવાવહૈ

વર્ષ : ૧૫ અંક : ૧૧ મે-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


કહેવાય છે કે, મનુષ્યનું ચરિત્ર જ તેની સફળતા અને નિષ્ફળતાનું નિર્ણાયક હોય છે. જે આજે સારૂ દેખાય છે, આવતીકાલે તેને કોઇ જોવા ન પણ માગે. કેટલાય સંતો, સાધ્વીઓ, નેતાઓ, અભિનેતાઓ એવા છે જેમને લોકોએ મહાન સમજ્યા અને વિશ્વાસ રાખી તેમના પ્રશંસક બન્યા. પરંતુ જ્યારે તેમના ચરિત્ર સામે આવ્યા તો કોઇ જેલમાં છે, કોઇ ભ્રષ્ટાચાર અને દુરાચારને લીધે કોર્ટ કેસમાં સંડોવાયેલા છે. આવું બને છે ત્યારે લોકોમાં અવિશ્વાસ અને નફરત પેદા થાય છે. સંતાન જન્મે છે ત્યારે સૌને પ્રિય લાગે છે પરંતુ મોટું થયા પછી તેના ચરિત્રના આધારે તેનું મૂલ્ય અંકાય છે. સમાચાર પત્રોમાં આપણે જોઇએ છીએ કે ક્યાંક ''પરિવારનું ગૌરવ'' દેખાય છે તો ક્યાંક ''કહ્યામાં નથી'' એવી ચેતવણી પણ દેખાય છે. ચરિત્રને આધભારે મા-બાપ પોતાની અભિવ્યક્તિ આ રીતે પ્રગટ કરતા હોય છે. ચિત્ર સુંદર હોય તેનું ચરિત્ર સુંદર જ હોય એ જરૂરી નથી.

એક ચિત્રકાર હતો. તે દુનિયાના સૌથી સુંદર વ્યક્તિનું ચિત્ર દોરવા માગતો હતો. તે ચિત્રકાર સુંદર વ્યક્તિની શોધમાં ઘણી જગ્યાએ ભટક્યો પરંતુ તેને સૌથી સુંદર લાગે તેવો વ્યક્તિ ક્યાંય ન મળ્યો. એક દિવસ આમને આમ ભટકતે ભટકતે એક ટેકરી ઉપર પહોંચી ગયો. એ ટેકરી ઉપર એક બાળભરવાડ મસ્ત બનીને મુગ્ધાવસ્થામાં બંસરી વગાડી રહ્યો હતો. બંસરીના સૂરથી આસપાસનું વાતાવરણ શાંત સંગીતમય બની ગયું હતું. અચાનક બાળભરવાડનું ધ્યાન આવેલા ચિત્રકાર ઉપર પડ્યું. ચિત્રકાર પણ તેને જો જ રહી ગયો. તેનો સૌમ્ય ચહેરો અને હોઠોં ઉપર નિર્દોષ મુસ્કાન જોઇ ચિત્રકારને લાગ્યું કે આ બાળકમાં ખરેખર સંસારનો સૌથી માસૂમ અને સુંદર ચહેરો નિવાસ કરે છે. તેણે તેનું ચિત્ર બનાવ્યું અને આશ્ચર્યજનક રીતે તેનું ચિત્ર અનેક દેશોમાં ઉંચી કિંમતે વેંચાયું પણ ખરૂં....!

એ ચિત્રકાર જ્યારે વૃદ્ધ થયો ત્યારે તેને એક વિચાર આવ્યો કે વ્યક્તિનું એક વિકરાળ શૈતાનીરૂપ પણ હોય છે. તેનું ચિત્ર બનાવ્યા વગરનું જીવન અધુરૂં છે. બસ, તે નિકળી પડ્યો દુનિયાના સૌથી વિકરાળ શૈતાની વ્યક્તિની શોધમાં... ! ઘણી જગ્યાએ ભટક્યો પરંતુ આવો વ્યક્તિ ક્યાંય ન મળ્યો. એક દિવસ આમને આમ ભટકતે ભટકતે એક જેલમાં પહોંચ્યો. ત્યાં એક કેદી ઉપર નજર પડી. તેનો ખૂંખાર વિકૃત દાઢી-વાળ વાળો ચહેરો જોઇ હેબતાઇ ગયો ! એક ક્ષણે તેને એ વાતની ખુશી પણ થઇ કે આવો ભયાનક, કુરૂપ અને બિભસ્ત ચહેરો ક્યાંય નહીં મળ. જેલરને પૂછતાં ખબર પડી કે તેણે સાત ખૂન કર્યા છે અને બે દિવસ પછી તેને ફાંસી દેવામાં આવશે. ચિત્રકારે તેનું જલ્દીથી ચિત્ર તૈયાર કરી નાખ્યું. ત્યાર બાદ થેલામાંથી અગાઉ દોરેલું સૌથી સુંદર બાળ ભરવાડનું ચિત્ર કાઢ્યું અને બન્ને ચિત્રો સાથે રાખી સરખામણી કરવા લાગ્યો કે મનુષ્યમાં જ્યારે ઇશ્વરનો વાસ હોય છે ત્યારે કેવો લાગે છે અને શૈતાનનો વાસ હોય છે ત્યારે કેવો લાગે છે. એ ચિત્રો જોઇ રહ્યો હતો એવામાં પાછળથી અચાનક કોઇના રડવાનો અવાજ સંભળાયો. તેણે પાછળ ફરીને જોયું તો તે કેદી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો હતો, જેનું ચિત્ર હમણાં જ બનાવ્યું હતું. ચિત્રકારે કહ્યું કે, તું જ્યારે ખૂન કરતો રહ્યો ત્યારે તો ન રડ્યો તો હવે કેમ રડી રહ્યો છો ? ત્યારે કેદીએ કહ્યું કે, ચિત્રકાર સાહેબ, કદાચ તમે ભૂલી ગયા હશો. આજથી પચાસ વર્ષ પહેલાં જે વ્યક્તિનું ચિત્ર તમે દોરેલું હતું તે હું પોતે જ છું ! ચિત્રકાર આવાક બની જોઇ રહ્યો. તે મનમાં જ બોલી ઉઠ્યો કે વ્યક્તિની અંદર જ ભગવાન અને શૈતાન છુપાઇને બેઠેલા હોય છે. માનવ બનવું કે દાનવ બનવું એ મનુષ્યના હાથમાં છે. આજના સમયમાં મનુષ્યના ચિત્રને સુંદર બનાવવા માટે બજારમાં અસંખ્ય કોસ્મેટીક ચીજોથી દુકાનોના શો-કેશ ભરેલા દેખાય છે પરંતુ ચરિત્રને સુંદર બનાવવા માટે લાયબ્રેરીઓમાં અસંખ્ય અમૂલ્ય સાહિત્ય અલમારીઓમાં ભરેલું છે જે પસ્તીમાં જવાની રાહ જોઇ રહ્યું છે... ! આને સમયની બલિહારી જ કહેશુંને.... !

તંત્રીશ્રી


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com* *Visit us on at : www.setusamajsandesh.org*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા
'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642

મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1
અંજાર (કચ્છ) 370 110
Mob. 09978790488

Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)

Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. Ph./Fax : 0771 - 4098024

NAGPUR Office : "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. Mob. 937312642 ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, Mob. 9978790488


## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

*પ્રમુખ સ્થાનેથી...*



**સ્વ. શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર**
**સ્વ. તા. ૫/૪/૨૦૨૩**
**દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : બાલાઘાટ**
**(પૂર્વ પ્રમુખશ્રી મહાસભા સત્ર : ૨૦૦૮-૨૦૧૧)**

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પૂર્વ પ્રમુખશ્રી અને વર્તમાન સલાહકાર, બાલાઘાટ નિવાસી **શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર** નું તા. ૫/૪/૨૦૨૩ને બુધવારના આકસ્મીક અવસાનથી સમસ્ત સમાજને ક્યારેય ન પુરાય તેવા વડિલ ગુમાવ્યાની ખોટ ઉભી થયેલ છે. મહાસભાના પૂર્વ પ્રમુખની સાથે સાથે મહાસભાના એક અદના કાર્યકર તરીકે સ્વ. રણજીતભાઈ પરમારની ભુમિકા સદૈવ યુવાનોને પ્રેરણા આપતી રહેશે એમાં શંકાને સ્થાન નથી.

સ્વ. રણજીતભાઈ પરમાર ૮૩ વર્ષની વયે પણ સમાજસેવાના કાર્યમાં અગ્રેસર રહ્યા હતા. સમાજ પ્રતિભાનું પ્રકાશન કરી નિઃશુલ્ક વિતરણ કરી સેવાની જ્યોત જલતી રાખવા સદૈવ પ્રયત્નશીલ રહ્યા હતા. સમાજ સંદેશના પ્રકાશનમાં સહયોગ આપી તેને અપડેટ કરવા પ્રયત્નો કરેલ હતા. સત્ર ૨૦૦૮ થી ૨૦૧૧ના સત્રમાં પ્રમુખશ્રી તરીકેના પોતાના કાર્યકાળમાં સમાજનું કાયમી ભંડોળ વધારવા પોતાના યોગદાનથી શરૂઆત કરી મહાસભાને આર્થિક સદ્ધર બનાવવા સફળતાપૂર્વક પ્રયત્નો કરેલ હતા. સમાજસેવાની સાથે સાથે પરિવારમાં પણ સામાજીક ભાવના અને સેવાકીય કાર્યોકરવા ઉત્સુકતા જોવા મળે તેવા સંસ્કારોનું સિંચન કરેલ હતું. વર્તમાન મહાસભામાં તેમના સુપુત્ર શ્રી જીતેન્દ્રભાઈ રણજીતભાઈ પરમાર વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. જ્યારે જ્યારે મહાસભાના કાર્યોમાં કોઈ માર્ગદર્શનની જરૂર પડે ત્યારે આદ. રણજીતબાપાનું માર્ગદર્શન મળી રહેતું હતું. મહાસભાની કાર્યપ્રણાલીમાં નવા સુધારાઓ કરવા તેઓ હંમેશા અગ્રેસર રહ્યા હતા. સ્વ. રણજીતભાઈ હરજીભાઈ પરમારના અવસાનથી સમગ્ર સમાજ એક માર્ગદર્શક એન વડિલ તરીકેની હુંફ ગુમાવ્યાની લાગણી તેમજ ઉંડા દુઃખની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થશ્રીના કુટુંબીજનોને પરમકૃપાળુ પરમાત્મા આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સ્વ. રણજીતભાઈ પરમરના પવિત્ર આત્માને ચિરઃ શાંતિ બક્ષી પોતાના ચરણોમાં સ્થાન પ્રદાન કરે તેવી સમગ્ર સમાજ અને મહાસભા વતી કરબદ્ધ પ્રાર્થના કરીએ છીએ.

# નિર્ધારીત કાર્યોમાં સફળતાની અનુભૂતિ

# મહાસભા કચ્છ દર્શન સમિતિ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના સત્ર ૨૦૨૧-૨૦૨૩ દરમ્યાન આપ સૌના સ્નેહ અને અદ્ભૂત સહકારથી ડીજીટલ વસ્તી પત્રક, એન્ડ્રોઇડ એપ - કેજીકેવન, કુળદેવી માતાજીના મંદિરોનો જીર્ણોદ્ધાર, અન્નપુર્ણા યોજના, સમુહ ભાગવત કથા, આકસ્મિક સહાયતા, સંજીવની, અભિલાષા જેવા મહાસભાના કાર્યકાળના સીમાચિન્હ કહી શકાય તેવા કાર્યો પૂર્ણ કરી શકાયા છે. મહાસભાના વિવિધલક્ષી ભવન માટે નાગલપર મધ્યે જમીન ખરીદી લેવાઇ છે. જ્યારે અંજાર મધ્યે ભવ્ય કાર્યાલયના નિર્માણનું કાર્ય પ્રગતી પર છે.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના આહવાનથી સમાજના દરેક અવટંકના કુળદેવી માતાજીના મંદિરોના જીર્ણોદ્ધાર કરવા કચ્છ દર્શન સમિતિને જવાબદારી સોંપવામાં આવી હતી. મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામના આર્થિક સહયોગ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના સહયોગથી અત્યાર સુધી દેવળીયામાં ત્રણ કુળદેવી મંદિર, કુંભારીયામાં ચાર કુળદેવી મંદિર, ઐતિહાસિક જારનો ઓટો, એંગ્લોઇન્ડીયન સ્કુલ-વાચનાલય, શિવ મંદિર તેમજ કુંભારીયા ગામે આવેલ પંડ્યા પરિવારના નૃસિંહ ભગવાનના વિશાળ મંદિરનો જીર્ણોદ્ધાર તેમજ સિનુગ્રા ગામે એક કુળદેવી મંદિર, ખંભરા ગામે એક કુળદેવી મંદિર, મેઘપર ગામે એક કુળદેવી મંદિર તેમજ શીતળા માતાજીનું મંદિર, રેહા ગામે બે કુળદેવી મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ કરેલ છે. જેમાં શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામના પરિવાર દ્વારા લગભગ સાડત્રીસ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપર પરિવાર દ્વારા બે લાખ ચોસઠ હજારનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. જ્યારે કુંભારીયા શિવ મંદિરનો જીર્ણોદ્ધાર મંદિર બનાવનાર કોન્ટ્રાકટર શ્રી તરૂણભાઇ રાઠોડ - ખંભરા દ્વારા કરી આપવામાં આવેલ છે. આ બધા બાંધકામ પુરા કરી જે-તે અવટંકના ગોઠી ભાઇઓને સોંપી આપવામાં આવેલ છે.



મહાસભાના ઉપપ્રમુખ અને કચ્છ દર્શન સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ રાઠોડ, સહપ્રભારી શ્રી અજયભાઇ પઢિઆર, શ્રી વિનોદભાઇ પઢિઅર, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી સોમનભાઇ ચૌહાણ અને શ્રી



રસીકભાઇ પરમાર કચ્છ દર્શનની પુરી ટીમ દ્વારા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો દ્વારા આ કાર્ય સફળ થઇ શકેલ છે. **હવે બીજા તબક્કામાં કોઇ અવટંકના ડાડા (મુળ પુરૂષ) અથવા સુરાપુરાના પાળીયા અથવા ડેરા દુરસ્ત હાલતમાં હોય તો તેના જીર્ણોદ્ધારનું કાર્ય હાથ પર લેવામાં આવશે.** આથી કોઇપણ અવટંકના સંચાલકોને પોતાના પરિવારના ડાડાના ડેરાનો જીર્ણોદ્ધાર કરાવવાનો જરૂરી જણાય તો **સમિતિના પ્રભારી શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ મો.નં. ૯૪૨૭૨ ૩૫૮૭૦** નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે. આપ જાણ કરશો ત્યાર બાદ સમિતિના સભ્યો સ્થાનિકે રૂબરૂ મલાકાત લઇને જીર્ણોદ્ધારનું કાર્ય કરવામાં આવશે.

મિત્રો, માતાજી મંદિર કે કુળદેવી સ્થાનકો અને ડાડાના મંદિરો બનાવીને આપણું કાર્ય પુરૂં થઇ જતું નથી. સ્થાનિકે જે–તે મંદિરના સંચાલકો રહેતા ન હોય તો માતાજી કે ડાડાના ધૂપ–દિપ અને સેવા–પૂજા કરવાની વ્યવસ્થા પણ આપણે કરી શકીએ તો જ આપણા કુળ અને સમાજની ધરોહર સારી રીતે સચવાઇ રહેશે. સમિતિને જાણ કરશવામાં આવશે તો આવી વ્યવસ્થા પણ કરવા પ્રયત્ન કરવામાં આવશે. પરંતુ આ માટે માત્ર કોઇ એક ઘટક કે અવટંકના સમાજબંધુઓની નહીં પરંતુ સમસ્ત સમાજબંધુઓના સાથ–સહકારની જરૂર પડશે. **માત્ર આપણા કુળદેવી નહીં પરંતુ સમસ્ત સમાજના ૮૦ કુળદેવી મંદિરોના રખરખાવની જવાબદારી આપણી પવિત્ર ફરજ છે એમ સમજી સમાજબંધુઓના સારા પ્રસંગો અથવા જ્યારે ઇચ્છા થાય ત્યારે માતાજીના ઘી–દિવેલ, સેવા–પૂજા અર્થે આપનાથી જે બને તે એક રૂપિયાથી લઇને આપને યોગ્ય લાગે તેટલી રકમ ડાયરેક્ટ ઓનલાઇન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના એકાઉન્ટમાં જમા કરવાથી તે રકમ માત્ર કુળદેવી સ્થાનકોના રખ–રખાવ માટે જ વાપરવામાં આવશે.** આવા એકાઉન્ટની વ્યવસ્થા મહાસભા તરફથી કરવામાં આવશે.

**અભિનંદન કચ્છ દર્શન સમિતિ** – યોગેશભાઇ મગનભાઇ ચાવડા – પ્રમુખશ્રી મહાસભા



**લાધુરામભાઇ રાઠોડ**
**પ્રભારીશ્રી - ખંભરા**



**અજયભાઇ પઢિઆર**
**સહપ્રભારીશ્રી - અંજાર**



**વિનોદભાઇ પઢિઆર**
**સભ્યશ્રી - અંજાર**



**વિનોદભાઇ ચૌહાણ**
**સભ્યશ્રી - ભુજ**



**સોમનભાઇ ચૌહાણ**
**સભ્યશ્રી - માધાપર**



**રસીકભાઇ પરમાર**
**સભ્યશ્રી - ગાંધીધામ**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



## હાર્દિક શ્રદ્ધાસુમન

## સ્વ. શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમાર

**સ્વ. તા. ૫/૪/૨૦૨૩**

**દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : બાલાઘાટ**

**(પૂર્વ પ્રમુખશ્રી મહાસભા સત્ર : ૨૦૦૮-૨૦૧૧)**

સ્વ. રણજીતભાઇ હરજીભાઇ પરમારની ચિરઃ વિદાયથી આપણા સમાજે એક પરિણામલક્ષી અને વિચક્ષણ વડીલ ગુમાવ્યા છે. તેમના સામાજીક સત્કાર્યોની સુવાસ સદાય મહેકતી રહેશે...

પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એજ અભ્યાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન ::

**શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા (નાગપુર) – પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા**

શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (માધાપર)
'સમાજરત્નશ્રી'

શ્રી ભરતભાઇ કાંતિલાલભાઇ સાવરીયા (રાયપુર)
'સમાજ સંરક્ષકશ્રી' પૂર્વ પ્રમુખશ્રી મહાસભા

શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (અંજાર)
પૂર્વ પ્રમુખશ્રી મહાસભા

શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર (રાઉરકેલા)
પૂર્વ પ્રમુખશ્રી મહાસભા

શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક (નાગલપર)
પૂર્વ પ્રમુખશ્રી મહાસભા

શ્રી પ્રફુલ્લભાઇ કેશવજીભાઇ પરમાર (રાજનાંદગાંવ)
સલાહકાર અધ્યક્ષશ્રી મહાસભા

શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા (અંજાર)
વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા (હૈદ્રાબાદ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી (માધાપર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ (ગાંધીધામ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી દિનેશભાઇ ચીમનલાલભાઇ ચાવડા (પુના)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ (ખંભરા)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી બલરામભાઇ ત્રિકમજીભાઇ જેઠવા (અંજાર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર (માધાપર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ (બિલાસપુર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ (ભુજ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી હેમંતભાઇ હરિરામભાઇ ગોહિલ (રાયપુર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર (અંજાર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી નિખિલભાઇ ધનજીભાઇ ચૌહાણ (નાગપુર)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ (જાલના)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ (અમદાવાદ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી સુરેશભાઇ નરોત્તમભાઇ ચાવડા (ભિલાઇ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી નારણભાઇ પુંજાભાઇ રાઠોડ (દુર્ગ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રી પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ (રાજકોટ)
ઉપપ્રમુખશ્રી મહાસભા

શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી (ભુજ)
પ્રમુખશ્રી અખિલ ભારતીય મહિલા મહામંડળ

શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ (વડોદરા)
પ્રમુખશ્રી અખિલ ભારતીય યુવા મહામંડળ

શ્રી રસીકભાઇ વિશ્રામભાઇ પરમાર (રાયપુર)
માનદ્સભ્યશ્રી મહાસભા

શ્રી વિમલભાઇ નારાયણભાઇ ચાવડા (રાયપુર)
માનદ્સભ્યશ્રી મહાસભા

શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક (અંજાર)
માનદ્સભ્યશ્રી મહાસભા

શ્રી રાજેનભાઇ અમૃતલાલભાઇ રાઠોડ (વાપી)
માનદ્સભ્યશ્રી મહાસભા

શ્રી ભોગીલાલભાઇ દેવશીભાઇ ચાવડા (મુન્દ્રા)
માનદ્સભ્યશ્રી મહાસભા

# માધાપર ઘટક આયોજીત સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીરો















# માધાપર ઘટક આયોજીત સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની તસ્વીરો












# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## હાર્દિક શ્રદ્ધાસુમન



## સ્વ. શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર

**સ્વ. તા. ૫/૪/૨૦૨૩**

**દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : બાલાઘાટ (પૂર્વ પ્રમુખશ્રી મહાસભા સત્ર : ૨૦૦૮-૨૦૧૧)**

સ્વ. રણજીતભાઈ હરજીભાઈ પરમારની ચિરઃ વિદાયથી આપણા સમાજે એક પરિણામલક્ષી અને વિચક્ષણ વડીલ ગુમાવ્યા છે.
તેમના સામાજીક સત્કાર્યોની સુવાસ સદાય મહેકતી રહેશે...
પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એજ અભ્યાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન ::**

| | | |
|---|---|---|
| શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર | અંજાર | વરીષ્ઠ મહામંત્રી મહાસભા |
| શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર | અંજાર | મહામંત્રી મહાસભા |
| શ્રી અજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર | અંજાર | મંત્રી મહાસભા |
| શ્રી સુરેશભાઈ રતિલાલભાઈ ચૌહાણ | કોરબા | મંત્રી મહાસભા |
| શ્રી ભગવાનજીભાઈ માધવજીભાઈ રાઠોડ | નાગલપર | મંત્રી મહાસભા |
| શ્રીમતી ગીતાબેન નટવરલાલભાઈ ચૌહાણ | નાસીકરોડ | મંત્રી મહાસભા |
| શ્રી ગૌરવભાઈ હરિલાલભાઈ ચાવડા | રાયપુર | મંત્રી મહાસભા |
| શ્રી કિશોરભાઈ ભગવાનલાલ ટાંક | રાઉરકેલા | સહમંત્રી મહાસભા |
| શ્રી સુરેશભાઈ અનિલભાઈ ટાંક | અંજાર | સહમંત્રી મહાસભા |
| શ્રી વિનોદભાઈ વાલજીભાઈ પરમાર | હૈદ્રાબાદ | સહમંત્રી મહાસભા |
| શ્રી રમણીકભાઈ હિરજીભાઈ ચૌહાણ | નાગપુર | સહમંત્રી મહાસભા |
| શ્રી હિતેશભાઈ મગનભાઈ વરૂ | રાયપુર | કોષાધ્યક્ષ મહાસભા |

| | | |
|---|---|---|
| શ્રી પરસોત્તમભાઈ રામજીભાઈ જેઠવા | અંજાર | સલાહકાર સભ્ય મહાસભા |
| શ્રી વિશ્વંભરભાઈ કાનજીભાઈ રાઠોડ | જયપુર | સલાહકાર સભ્ય મહાસભા |
| શ્રીમતી વેલુબેન નારાયણભાઈ ચાવડા | રાયપુર | સલાહકાર સભ્ય મહાસભા |
| શ્રી કિરીટભાઈ રમણીકલાલ ચૌહાણ | ધનબાદ | ઝોનલ પ્રમુખ મહાસભા |
| શ્રી નટવરલાલ હિરાલાલ ચૌહાણ | નાસીકરોડ | ઝોનલ પ્રમુખ મહાસભા |
| શ્રી અરૂણભાઈ નરોત્તમભાઈ ચૌહાણ | ગાંધીધામ | ઝોનલ પ્રમુખ મહાસભા |
| શ્રી શિવલાલભાઈ શામજીભાઈ ટાંક | ગોંદિયા | ઝોનલ પ્રમુખ મહાસભા |
| શ્રી યોગેશભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર | હૈદ્રાબાદ | ઝોનલ પ્રમુખ મહાસભા |
| શ્રી હિતેશભાઈ ભોગીલાલભાઈ ચૌહાણ | અંજાર | અધ્યક્ષ સેતુ સમાજ સંદેશ |
| શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ | લાતુર | અધ્યક્ષા મહિલા ઉત્કર્ષ સ. |
| શ્રી બાબુલાલ શામજીભાઈ ચૌહાણ | માધાપર | અધ્યક્ષ સરકારી યોજના |

| | | |
|---|---|---|
| શ્રી રમણીકભાઈ પ્રાગજીભાઈ વાઢેર | ગાંધીધામ | પ્રમુખ કચ્છ પ્રા.સ. |
| શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ | બિલાસપુર | પ્રમુખ છત્તીસગઢ પ્રા.સ. |
| શ્રી અશોકભાઈ મનજીભાઈ રાઠોડ | લાતુર | પ્રમુખ મરાઠવાડા પ્રા.સ. |
| શ્રી જગદીશભાઈ પુરૂષોત્તમભાઈ વરૂ | વડોદરા | પ્રમુખ ગુજરાત પ્રા.સ. |
| શ્રી દિનેશભાઈ નાનાલાલભાઈ ટાંક | કટક | પ્રમુખ પૂ. ઓરિસ્સા પ્રા.સ. |
| શ્રી ઘનશ્યામભાઈ કરમશીભાઈ ચૌહાણ | સંબલપુર | પ્રમુખ પ.ઓરિસ્સા પ્રા.સ. |
| શ્રી ડૉ. કાંતિલાલ પુરૂષોત્તમભાઈ ચાવડા | જયપુર | પ્રમુખ રાજસ્થાન પ્રા.સ. |
| શ્રી કિશોરભાઈ વાલજીભાઈ પરમાર | ધનબાદ | પ્રમુખ કોલફિલ્ડ પ્રા.સ. |

| | | |
|---|---|---|
| શ્રી હિરાલાલ કેશવજીભાઈ ખોડિયાર | મુંબઈ | પ્રમુખ મુંબઈ પ્રા.સ. |
| શ્રી જીતેન્દ્રભાઈ રણજીભાઈ પરમાર | બાલાઘાટ | પ્રમુખ વિદર્ભ પ્રા.સ. |
| શ્રી નટવરલાલભાઈ નરશીભાઈ રાઠોડ | વિશાખાપટ્ટનમ | પ્રમુખ આંધ્ર પ્રા.સ. |
| શ્રી પ્રદીપભાઈ પ્રભુલાલભાઈ ચાવડા | ગુલબર્ગા | પ્રમુખ કર્ણાટક પ્રા.સ. |
| શ્રી દિપકભાઈ રતિલાલભાઈ ટાંક | જમશેદપુર | પ્રમુખ સિંગભુમ પ્રા.સ. |
| શ્રી ઉત્તમરામભાઈ મોરારભાઈ ચૌહાણ | કોલકાતા | પ્રમુખ પ.બંગાળ પ્રા.સ. |
| શ્રી ઉમેશભાઈ બેચરભાઈ ખોડિયાર | મદુરાઈ | પ્રમુખ તાલિમનાડુ પ્રા.સ. |
| શ્રી લીલાધરભાઈ રતિલાલ ખોડિયાર | શહડોલ | પ્રમુખ મહાકૌશલ પ્રા.સ. |

**સમસ્ત મહાસભા, યુવા મહામંડળ, મહિલા મહામંડળ, પ્રાદેશિક સમિતિઓ, સર્વે ઘટકો, યુવા મંડળો, મહિલ મંડળોના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સભ્યશ્રીઓ, વિવિધ સંસ્થાના સભ્યશ્રીઓ તથા સમસ્ત સમાજબંધુઓના જયશ્રી કૃષ્ણ**




પ્રમુખશ્રી મહાસભા

*શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા*

'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642


સહ વીર્યં કરવાવહૈ


વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

*શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર*

'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# કારોબારી સમિતિ અને સામાન્ય સભાનો સંયુક્ત અહેવાલ ગોંદિયા (મહારાષ્ટ્ર)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કારોબારી સમિતિની બેઠક વિદર્ભ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ગોંદિયા ઘટકના સ્નેહમય આમંત્રણથી તા. ૩૦/૧૨/૨૦૨૨ તથા તા. ૩૧/૧૨/૨૦૨૨ના રોજ મંદિર રામદેવરાના હોલમાં મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડાના અધ્યક્ષ પદે મળેલ હતી. સૌ પ્રથમ મહાસભાના **વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારે** સૌનું સ્વાગત કરી સ્ટેજ પર સ્થાન ગ્રહણ કરાવેલ હતું. દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, શ્રદ્ધાંજલિ તથા શુભેચ્છા સંદેશાનું વાંચન કરી ગત મીટીંગની મિનિટ્સનું વાંચન કરતા **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરે** જણાવ્યું હતું કે, ગત કારોબારી મીટીંગ તા. ૭/૬/૨૦૨૨ના રોજ અંજાર મધ્યે મળેલ હતી. જેની મિનિટ્સની નોંધ માસ ડિસેમ્બર'૨૨ના સેતુ સમાજ સંદેશના અંકમાં પાના નં. ૧૧ થી ૧૬ પર વિસ્તૃત રીતે આપવામાં આવેલ છે. આપ સૌ સભ્યોએ તેનો અભ્યાસ કરેલ હશે તેમ છતાં આપશ્રીને આ મિનિટ્સ વશે કોઇ સુચન કે સુઝાવ હોય તો આદ. પ્રમુખશ્રીની અનુમતિ લઇ રજુઆત કરવા આમંત્રણ આપું છું. કોઇ રજુઆત ન હોતાં સર્વે સભ્યોએ હાથ ઉંચા કરી ગત કારોબારીની મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. મહામંત્રીશ્રીએ સર્વે સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા**એ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કરી પોતાનું ઉદ્‌બોધન આપેલ હતું. મહાસભાની વિવિધ સમિતિઓ અને વિવિધ યોજનાની જાણકારી સેતુ સમાજ સંદેશના માધ્યમથી સૌ સમાજબંધુઓ સુધી પહોંચાડવામાં આવે છે. મને ખુશી છે કે, મારી કાર્યકારીણીમાં દરેકે દરેક હોદ્દેદારો પોતાની જવાબદારી ખુબજ સારી રીતે નિભાવી રહ્યા છે. જેમ કે સવારે મેં ઉદ્‌ઘાટન સમારોહમાં વાત કરી હતી કે, કચ્છમાં એક પેઇડ સેનોટોરિયમ જેવી સગવડ ઉભી કરવા માટે કચ્છમાં આપણા **ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી**ના ચિંતન ફાર્મ પર વિચાર-વિમર્શ કરેલ હતો. સમય-પૈસા અને માનવ કલાકો બચાવવાની ગણતરીમાં આગામી સમયમાં મહાસભાના આદ. પ્રમુખશ્રીની ચૂંટણી પણ ઇ-ઇલેકશનના માધ્યમથી કરવાની તૈયારી શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના માર્ગદર્શનમાં કરવામાં આવેલ છે. જેના માટે **વડોદરાના શ્રી પૂજનભાઇ** પુરી તૈયારી કરીને તેમનો ડેમો આપણને બતાવશે. જેમાં આપના સુચનો સ્વીકાર્ય રહેશે. આપણે પોઝીટીવ વિચારથી આ કાર્યમાં આગળ વધશું. મહાસભાના એકાઉન્ટીંગને વ્યવસ્થિત કરવા અને આઇ.ટી.ની અધુરાશો પુરી કરવા **શ્રી વિમલભાઇ ચાવડાના નેતૃત્વમાં શ્રી પ્રફુલભાઇ પરમાર, શ્રી ભરતભાઇ સાવરીયા, શ્રી હિતેશભાઇ વરૂ, શ્રી ગૌરવભાઇ ચાવડા** સારી રીતે આ કાર્ય આગળ વધારી રહ્યા છે. તે માટે તેઓને ખુબ ખુબ ધન્યવાદ આપું છું.

**આદ. સલાહકાર અધ્યક્ષ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારે** પોતાનું ઉદ્‌બોધન આપતા જણાવ્યું હતું કે, મહચાસભાના એકાઉન્ટીંગને વ્યવસ્થિત કરવા વિમલભાઇના નેતૃત્વમાં અમે સૌ ભાઇઓ કાર્ય કરી રહ્યા છીએ અને મને વિશ્વાસ છે કે લગભગ દોઢ માસના સમયમાં આ કાર્ય સફળતાપૂર્વક પાર પાડી શકીશું. આ સત્ર પરિવર્તનનું સત્ર છે એવું મને લાગે છે કારણ કે આ સત્રમાં મહાસભાની કાર્યપ્રણાલીમાં ઘણા સુધારા કરી શક્યા છીએ તેનો આનંદ છે. મહાસભાની વિવિધ સમિતિઓના કાર્યો પણ ખુબજ સારી રીતે થઇ રહ્યા છે. ખુબ ખુબ ધન્યવાદ.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ **મહાસભાના કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ વરૂ** દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨નો ઓડિટેડ હીસાબ રજુ કરવામાં આવ્યો હતો. હિસાબની ઝેરોક્ષ ઉપસ્થિત દરેક સભ્યોને આપીને તેઓશ્રીએ બધા હિસાબોનું વાંચન કર્યું હતું. જેમાં શ્રી મનોજભાઇ સોલંકી, શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી યોગેશભાઇ ચાવડા વગેરેએ યોગ્ય સુચનો અને સુઝાવો આપ્યા હતા. અન્ય સુચનો ન હોતાં સર્વે સભ્યોએ હાથ ઉંચા કરી હિસાબને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. કોષાધ્યક્ષ શ્રી હિતેશભાઇ વરૂએ મહાસભા વતી આર્થિક બાબતો સંભાળતા સૌ સભ્યોને તાકીદ કરી હતી કે કોઇ પણ ટ્રાન્ઝેકશન કેસમાં કરવામાં ન આવે. આવેલ દાનની માહિતિમાં પણ પાન નંબર પણ જરૂરી રહેશે. મહાસભાના એકાઉન્ટીંગ માટે પેઇડ એકાઉન્ટન્ટ રાખવાની પણ ભલામણ કરું છું. જે બાબતે સૌ સભ્યોએ હાથ ઉંચા કરી પેઇડ એકાઉન્ટન્ટ રાખવા માટે બહાલી આપી હતી.

**શ્રી મનોજભાઇ સોલંકી**એ સુચન આપતા જણાવ્યું કે, યુવા મંડળ અને મહિલા મંડળના જે ફંડ છે તેમને આપણી મહાસભાની પ્રવૃત્તિના ભાગ રૂપે યુવા ઉત્કર્ષ ફંડ અને મહિલા ઉત્કર્ષ ફંડ હેઠળ રાખશું તો તેને કોરપસ ફંડમાં નહીં લઇ જવા પડે.

**શ્રી ગૌરવભાઇ ચાવડા**એ મેરેજ બ્યુરોના એકાઉન્ટ બાબતે યોગ્ય સુધારો કરવા રજુઆત કરેલ હતી. નછા ઓડીટરની નિયુક્તિ બાબતે કોષાધ્યક્ષશ્રીએ રાયપુરના અંબર અગ્રવાલની ભલામણ કરી હતી જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

આગામી વર્ષના બજેટ બાબતે કોષાધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, મહાસભાની દરેક સમિતિઓ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે માટે આ સમિતિઓને વિનંતી કરું છું કે દરેક વર્ષ પોતાની સમિતિનું અંદાજીત બજેટ બનાવી મને મોકલાવે તો હું તેનું સંકલન કરી મહાસભાનું બજેટ બનાવી શકું. જેથી કરીતે સારી રીતે બજેટ તૈયાર થઇ શકશે. સૌ સભ્યોએ હાથ ઉંચા કરી બહાલી આપેલ હતી. કોષાધ્યક્ષશ્રીએ વાર્ષિક હિસાબો, ઓડિટરની નિયુક્તિ અને બજેટને બહાલી આપવા બદલ હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

**શ્રી પ્રફુલભાઇ પરમારે** ભલામણ કરતા જણાવ્યું હતું કે, દરેક સમિતિઓ ખુબ સારું કાર્ય કરે છે પરંતુ તેમનો હિસાબની વિગત વર્ષના અંતે મળે છે. આવું ન કરતા દરેક સંબંધિત હોદ્દેદારોને દર ત્રણ મહિને પોતાનો હિસાબ કોષાધ્યક્ષને મળી જાય તે રીતે હિસાબ તૈયાર કરી મોકલી આપવા ખાસ ભલામણ કરું છું. **શ્રી દિલીપભાઇ ચૌહાણે** ટી.ડી.એસ. બાબતે રજુઆત કરેલ હતી. દરેક સમિતિના કાર્યો માટે સેપ્રેટ એકાઉન્ટની ભલામણ શ્રી પ્રફુલભાઇ પરમારે કરેલ હતી. **ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ ચૌહાણે** અભિલાષા સમિતિમાં પડી રહેલ તકલીફની રજુઆત કરેલ હતી. તેમણે જણાવ્યું હતું કે, અભિલાષા સમિતિના એકાઉન્ટની માહિતિ ડાયરેક્ટ મને મળી રહે તે માટે વ્યવસ્થા કરવા ખાસ સુચન કરું છું. શ્રી **હેમંતભાઇ ચૌહાણે** એકાઉન્ટીંગ બાબતે પોતાનો સુઝાવ આપેલ હતો દરેક ખાતાને મેઇલ એડ્રેસ આપવા જણાવ્યું હતું. ઉપપ્રમુખશ્રી નારણભાઇ રાઠોડે પણ પોતાનો સુઝાવ મુકેલ હતો.

પ્રાદેશિક સમિતિના અહેવાલોમાં **છત્તીસગઢ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણે** અહેવાલ આપેલ હતો. છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોની પ્રવૃત્તિઓની વિસ્તારપૂર્વક રજુઆત કરેલ હતી. **મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખશ્રી લીલાધરભાઇ ખોડિયારે** પ્રાદેશિક સમિતિનો અહેવાલ અને જાણકારી આપેલ હતી.

**મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા**એ જણાવ્યું હતું કે, આગામી સત્રના મહાસભાના આદ. પ્રમુખશ્રીની ચૂંટણી ઓનલાઇન કરવાના પ્રયાસના ભાગ રૂપે **શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી**એ કરેલ પ્રયત્નોથી **વડોદરાના શ્રી પુજનભાઇ રાઠોડે** પ્રયત્ન કરી સોફ્ટવેર ડેવલપ કરેલ છે અને તેનું ડેમોસ્ટ્રેશન કરવા માટે વડોદરાથી ખાસ અહીં પધારેલ છે. ઓનલાઇન વોટીંગની પ્રક્રિયા અને કેવી રીતે થઇ શકશે તે આપણને સમજાવશે. ત્યાર બાદ આપણા પ્રશ્નો અથવા તેમાં આવતી અડચણ કે કોઇ ક્વેરી હોય તો ચર્ચાથી દુર કરવા પ્રયત્ન કરીશું. શ્રી પુજનભાઇએ ઓનલાઇન વોટીંગની પ્રક્રિયાનું ડેમોસ્ટ્રેશન કરી દરેક સભ્યોને માહિતિ આપી હતી અને વોટીંગ કરાવેલ હતું. **શ્રી પ્રફુલભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ ચૌહાણ, શ્રી હેમંતભાઇ ગોહિલ, શ્રી સુરેશભાઇ ચાવડા, શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી સુરેશભાઇ ચૌહાણ** વગેરેએ પુરક પ્રશ્નો કર્યા હતા. શ્રી પુજનભાઇએ તેની સમજણ આપી હતી અને જણાવ્યું હતું કે, જે કંઇ ક્વેરી રહે છે તેનો અભ્યાસ કરી તેનું નિવારણ થાય તે રીતે આવતી અર્ધવાર્ષિક મીટીંગમાં હું જાતે હાજર રહી ફરીથી ડેમોસ્ટ્રેશન કરી અને આપની બધી સમસ્યાઓનો ઉકેલ આવી જાય તે રીતે પ્રયત્ન કરીશ.

**શ્રી યોગેશભાઇ ચાવડા**એ સભાને જણાવ્યું હતું કે, આજની સભામાં આપણે ઓનલાઇન વોટીંગ કરવાની પદ્ધતિનો સૈદ્ધાંતિક સ્વીકાર કરીએ છીએ. આવતી અર્ધવાર્ષિક બેઠકમાં ફરી ડેમોસ્ટ્રેશન થાય અને આપના સુઝાવોનો ઉકેલ મળે તો જ આપણે

મહાસભાના આગામી સત્રના પ્રમુખશ્રીની ચૂંટણી ડીજીટલ માધ્યમથી કરશું. અન્યથા અત્યારે જે પદ્ધતિ છે તે ચાલુ રાખશું. સૌ સભ્યોએ હાથ ઉંચા કરી તેમના પ્રસ્તાવને સર્વાનુમતે બહાલી આપી હતી.

**શ્રી લીલાધરભાઇ ખોડિયારે** જબલપુરમાં ચાલતી સીતારામ સ્વ સહાયતા સમિતિના કાર્યની માહિતિ આપેલ હતી. આ સમિતિ દ્વાર થતું કાર્ય લોનની પ્રક્રિયા સમાજમાં દાખલ કરવા જેવી છે તેમ જણાવ્યું હતું. મહાસભાના આદ. પ્રમુખશ્રીને પ્રાદેશિક સમિતિના ઘટકોમાં વિઝીટ કરવા આમંત્રણ આપેલ હતું. મહાસભા અને ઘટકોની મજબુત લીંક બનવા પ્રાદેશિક સમિતિ જે કાર્ય કરી શકે તેની માહિતિ આપી હતી. મહાસભા અને ઘટકો વચ્ચેની સૌથી મજબુત કડી હોય તો તે પ્રાદેશિક સમિતિ છે. **ગુજરાત પ્રાદેશિક પ્રમુખશ્રી જગદીશભાઇ પી. વરૂ**એ ગુજરાત પ્રાદેશિક સમિતિનો અહેવાલ આપેલ હતો. વડોદરા મધ્યે બે પ્રાદેશિક મીટીંગ કરવામાં આવેલ છે. દરેક ઘટકમાં સમાજ ભવન બને તેવા પ્રયત્નો કરેલ છે. જામનગર ઘટક દ્વારા પ્રયત્નો ચાલુ છે. **આંધ્ર પ્રાદેશિક પ્રમુખ શ્રી નટવરલાલભાઇ** એ પોતાનો અહેવાલ આપેલ હતો. કોરોના સમયમાં આપેલ સહાયની વિગતો આપેલ હતી.

**વિદર્ભ પ્રાદેશિક પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઇ પરમારે** અહેવાલ આપતા જણાવ્યું હતું કે, આજે આપ સૌ વિદર્ભ પ્રાદેશિકના મહેમાન બન્યા છો તે બદલ આપ સૌને આવકારું છું. પ્રાદેશિક સમિતિ અને ઘટકના સંયુક્તપણે દરેક ઘટકમાં આયોજન કરવામાં આવે છે. આ અધિવેશન પણ પ્રાદેશિક સમિતિ અને ગોંદિયા ઘટક મળીને આયોજન કરવામાં આવેલ છે.

**મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરે** જણાવ્યું હતું કે, ગોંદિયા અધિવેશન દરમ્યાન મહાસભાના સર્વે પ્રમુખશ્રીઓ અને ગોંદિયા ઘટકના સર્વે પૂર્વ પ્રમુખશ્રીઓને શ્રદ્ધાંજલિ આપી તેમના બેનર બનાવેલા છે તે બદલ આયોજકશ્રી ઘટક અને સંકલન કરનાર શ્રી શૈલેષભાઇ ટાંકને ખાસ ધન્યવાદ આપવામાં આવે છે.

વાર્ષિક સભામાં ઉપસ્થિત **આદ. શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમારે** ખાસ ઉપસ્થિત રહી પોતાનું ઉદ્‌બોધન આપેલ હતું. સમાજના કાર્ય કરવા વાળામાં સહન કરવાની શક્તિ હોવી જોઇએ તો જ તેમના પરિવારના યુવા વર્ગ સમાજમાં આવશે અને પોતાનું યોગદાન આપશે. સમાજના નાણાનો દુરૂપયોગ ન થાય તે જોવા ખાસ અનુરોધ કરેલ હતો. સુરેન્દ્રનગર ઘટકને આર્થિક સહાયતાની મદદ મળે તો સમાજ ભવનની સુવિધા સારી રીતે થઇ શકે છે સમાજના કાર્યો કરવાની માનસિક્તા બને તેવા પ્રયત્નો કરવા પર ભાર મુકેલ હતો. **સીંગભુમ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી દિપકભાઇ**એ અહેવાલ આપેલ હતો. પ્રાદેશિક સમિતિના કાર્ય વિશે માહિતિ આપેલ હતી.

**આદ. શ્રી હેમંતભાઇ ચૌહાણે** છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ અને બિલાસપુર ઘટક વતી રજુઆત કરતા જણાવ્યું હતું કે, આગામી અર્ધવાર્ષિક બેઠક બિલાસપુરના આંગણે કરવા આમંત્રણ આપ્યું હતું. **કોરબા ઘટકના પ્રમુખ શ્રી સુરેશભાઇ ચૌહાણે** પણ કોરબા ઘટકમાં અર્ધવાર્ષિક બેઠક થાય તે માટે આમંત્રણ આપેલ હતું. **વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારે** અર્ધવાર્ષિક બેઠક પ્રસંગે સગપણ સંમેલનના આયોજન માટે સુચન કરેલ હતું.

**આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા**એ જણાવ્યું હતું કે, અધિવેશનની સાથે સગપણ સંમેલનનું આયોજન કરવાથી નાના ઘટકો માટે અધિવેશન કરવું મુશ્કેલ થયું હતું એટલે અધિવેશનની સાથે સગપણ સંમેલન ન કરવાનું આપણે બધાએ મળીને નક્કી કરેલ હતું અને તેને કારણે જ અત્યારે અધિવેશનો કરવા માટે એક કરતા વધારે ઘટકોથી આમંત્રણો મળી રહ્યા છે તેમ છતાં સલાહકારશ્રીઓથી ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

**ભુજ ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણે** જણાવ્યું હતું કે, ભુજમાં અર્ધવાર્ષિક બેઠક કરવા ત્રણ વર્ષ પહેલા આવેદન આપેલ છે. તો આ અર્ધવાર્ષિક બેઠક ભુજમાં કરવામાં આવે તે ધ્યાને લેવા વિનંતી કરું છું. મરાઠવાડા પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી અશોકભાઇ રાઠોડે અહેવાલ આપેલ હતો.

**મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી**એ જણાવ્યું હતું કે, પ્રાદેશિક સમિતિના અહેવાલો આપણે બધાએ સાંભળ્યા છે. ઘટકો અને પ્રાદેશિક સમિતિ દ્વારા થતી પ્રવૃત્તિઓનો ખ્યાલ મળી શક્યો છે પરંતુ ઘટકો લેવલે શું પ્રશ્નો ઉત્પન્ન થાય છે તેની કોઇ રજુઆત થઇ નથી. પ્રાદેશિક સમિતિએ ઘટકો સાથે મળી ચિંતન કરવું જોઇએ અને એવા કોઇ પ્રશ્નો હોય કે તેની રજુઆત મહાસભા લેવલે કરવી જોઇએ જેથી આખા સમાજને તેનો લાભ મળી શકે. આપણા બંધારણીય માળખામાં પ્રાદેશિક સમિતિઓ એ

ઘટકો અને મહાસભાને જોડતી મજબુત કડી છે. પ્રાદેશિક સમિતિઓ ઘટકોના લેવલે ઉભા થતા પ્રશ્નોની રજુઆત નહીં કરે તો આ વ્યવસ્થા લાંબા ગાળે નુકશાનકર્તા રહેશે.

ઘટક લેવલથી પ્રશ્નો આવશે તો સમાજમાં આવતા સામાજીક આક્રમણો સામે કેવી રીતે લડવું પડે તેનું આયોજન પણ મહાસભાએ કરવું જોઇએ. આ કાર્ય ત્યારે સફળ બને જ્યારે આપણી ત્રિ-સ્તરીય શ્રૃંખલા સક્રિય કાર્ય કરે તો જ તેના પરિણામો સામે આવી શકશે. પ્રાદેશિક પ્રમુખશ્રીઓ સાથે ચિંતન થાય તેવો સુઝાવ મુકું છું. બીજો સુઝાવ રજુ કરવાનો કે સગપણ સંમેલનના આયોજન અધિવેશન સાથે કરવાથી મીટીંગોનું કોન્સન્ટ્રેશન જળવાઇ રહેતું ન હતું સગપણ સંમેલન મીટીંગોની સાથે કરવું હોય તો એક દિવસ વધુ ફાળવવો જોઇએ.

**મહાસભાના આદ. સલાહકાર શ્રી ભુપેન્દ્રભાઇ પરમારે** જણાવ્યું કે શ્રી મનોજભાઇ સોલંકીએ પ્રાદેશિક સમિતિની પ્રશિક્ષણ શિબિર કરવા માટે રાઉરકેલા ઘટક મધ્યે કરવા આમંત્રણ આપું છું અને તેની બધી વ્યવસ્થા રાઉરકેલા ઘટક કરશે તેવી ખાત્રી આપું છું. **ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ચાવડા**એ રજુઆત કરતા જણાવ્યું કે, પ્રાદેશિક સમિતિને સક્રિય બનાવવા દરેક પ્રાદેશિક સમિતિને એક ટોપીક આપીએ અને પ્રાદેશિક સમિતિ ઘટકોથી વિચાર વિમર્શ કરી તેનો નીચોડ મહાસભાને આપે તો આપણને ઘટકોના વિચારો મળી શકશે. **ગુજરાત પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ**એ પ્રાદેશિક સમિતિની ભુમિકા પર વિચાર રજુ કરેલ હતો.

**ઝોનલ પ્રમુખશ્રી શીવલાલભાઇ**એ પોતાનો અહેવાલ રજુ કરેલ હતો. ઝોનલ પ્રમુખશ્રીની સાથે સાથે વિદર્ભ પ્રાદેશિક સમિતિ અને મહાકૌશલ પ્રાદેશિક સમિતિના કાર્યો વિશે માહિતગાર કરેલ હતા. ગોંદિયા ઘટક મધ્યે આયોજીત અધિવેશનની માહિતિ પણ આપેલ હતી.

**મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** પ્રમુખશ્રીના આદેશાનુસાર આવતી અર્ધવાર્ષિક બેઠક બિલાસપુરના આંગણે આયોજીત કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

રાયગઢ ઘટક પ્રમુખશ્રીએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, અમારું યુવા મંડળ ખુબજ સક્રિય છે. રાયગઢમાં કચ્છયાડનું આયોજન વિચારેલ હતું પરંતુ ત્યાર બાદ આ આયોજન રદ કરવામાં આવેલ જેથી યુવાનો નિરૂત્સાહ થઇ ગયા છે. ફરી આવું ન બને તેની તકેદારી રાખવી જોઇએ. શ્રી પ્રફુલભાઇ પરમારે કચ્છયાડનું આયોજન શક્ય ન બની શક્યું તે બાબતે ખુલાસો કરેલ હતો.

**યુવા મહામંડળના પ્રમુખ શ્રી તૃષારભાઇ ચૌહાણે** પોતાનું વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, કચ્છયાડ માટે ઘણા પ્રયત્નો કરેલ હતા. ત્રણ થી ચાર મહિના બધાને આમંત્રણ આપવા જણાવેલ હતું પરંતુ ઘણા બધા પ્રશ્નોને લઇને સંભવિત કોરોનાને કારણે પણ શક્ય બન્યું નહીં. રાયગઢથી આમંત્રણ આવેલ હતું. રૂબરૂ રાયગઢ જઇને પણ વ્યવસ્થા જોઇ હતી. ઘટક, મહિલા મંડળ અને યુવાવ મંડળે ખુબ ઉત્સાહ બતાવેલ હતો પરંતુ કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઇ જો અને તો જેવી સ્થિતિ હતી. અમારી ઘણી ઇચ્છા હોવા છતાં પણ શક્ય બની શક્યું નહીં. કોરોનાને લઇને ઇ-કચ્છયાડનું સફળતાપૂર્વક કરેલ હતું સાથે સાથે આર્થિક આયોજનમાં પડેલ મુશ્કેલીને કારણે કચ્છયાડનું આયોજન કરી શકાયું નહીં. ઇ-કચ્છયાડમાં લગભગ પાંચસો એન્ટ્રી મળેલ હતી અને સંપૂર્ણ સારી રીતે યુવાઓને સમાજ સાથે જોડી શક્યા છીએ. આદ. પ્રમુખશ્રી યોગેશભાઇના માર્ગદર્શન અને સલાહ-સુચનથી કાર્ય કરી રહ્યા છીએ.

**શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા – વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા**એ તૃષારભાઇને પડેલ મુશ્કેલી અને કચ્છયાડના આયોજનમાં ક્વોલીટીને પ્રાધાન્ય આપવા અને સાદગી તથા બીનજરૂરી ખર્ચ પર કાપ મુકવાની આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડાના પ્રયત્નો વિશે માહિતિ આપેલ હતી. **વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયારે** ગોંદિયા સમાજ ભવનના રીનોવેશન માટે આવેલ દાનની નામાવલી વાંચેલ હતી. શ્રી દેવેન્દ્રભાઇ રાઠોડે મહાસભાના પધારેલ સૌ સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

**અખિલ ભારતીય મહિલા મહામંડળના આદ. પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી**એ મહિલા મહામંડળના અહેવાલ આપ્યો હતો. વર્ષ દરમ્યાન ઓનલાઇન અને ઓફલાઇન કાર્યક્રમના આયોજનની માહિતિ આપી હતી. મહિલા ઉત્કર્ષના કાર્યો માટે મહિલા મંડળના સર્વે હોદ્દેદારોને અભિનંદન આપ્યા હતા. મહિલા મંડળના પૂર્વ પ્રમુખશ્રીઓને સન્માનવાનો ભવ્ય કાર્યક્રમ ગોંદિયા ઘટકને આંગણે કરવામાં આવ્યો હતો તે માટે યોગદાન આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલોમાં **અભિલાષા સમિતિના પ્રભારી શ્રી વિનોદભાઇ ચૌહાણે** આપેલ હતો. અભિલાષા સમિતિની કાર્ય પ્રણાલી અને ઉદ્દેશની માહિતિ આપેલ હતી. ચાલુ વર્ષમાં આવેલ અરજીઓ અને વિતરીત કરેલ સહાયની વિગતો આપેલ હતી સાથે સાથે અભિલાષા સીમતિને મળેલ દાન દાતાઓની માહિતિ પુરી પાડેલ હતી. ચાલુ સાલે ૩૪ જેટલી અરજીઓ આવેલ છે જેમાં લગભગ પોણા ચાર લાખની સહાયનું વિતરણ કરેલ છે.

અભિલાષા સમિતિના આજીવન દાનદાતા, માસીક દાનદાતાના નામોનો ઉલ્લેખ કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. સ્થાયી ફંડ માટેના પ્રયાસો કરી રહ્યા છીએ અને દાતાઓનો સહકાર પણ મળી રહ્યો છે. મહાસભાના અધિવેશનોમાં જ્યારે બહોળી સંખ્યામાં સમાજબંધુઓ હોય ત્યારે અભિલાષા સમિતિને રજુઆત કરવા મળે તો સારું દાન મળી શકે અને તો આપણે આપણા વિદ્યાર્થીઓને વધુ મદદરૂપ થઇ શકીશું. અભિલાષા સમિતિના એકાઉન્ટીંગમાં પડી રહેલ મુશ્કેલી નિવારવા રજુઆત કરેલ હતી.

મહામંત્રીશ્રીએ જણાવ્યું કે, **મહાસભાના આદ. પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા**ને અ.ભા.મહિલા મહામંડળની બેઠકમાં હાજરી આપવા જવાનું હોતાં તેમની ગેરહાજરીમાં **સભાનું પ્રમુખ સ્થાન વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા**ને સંભાળવા આગ્રહ કરું છું.

**મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી**એ ડીજીટલ વસ્તીપત્રક સમિતિ અને ઉપપ્રમુખશ્રી તરીકેનો અહેવાલ રજુ કરેલ હતો. મહાસભાની વિવિધ સમિતિઓ સ્વાવલંબી બને તેવો વિચાર મુકેલ હતો. ડીજીટલ વસ્તીપત્રકમાં હવે બે મોટા ઘટકોનું કામ બાકી છે અને ઘટક લેવલે પૂર્ણ થઇ ગયું છે આપણે અપલોડ કરવાનું બાકી છે. તે લગભગ એક મહિનામાં પૂર્ણ થઇ જશે. પરંતુ દરેક ઘટકોમાંથી મળેલ ફોર્મમાં અધુરાશ છે. મોટા ઘટકોમાં પૂર્ણ વસ્તી ગણતરી થયેલ નથી તે પુરૂંકરી દેવા દરેક ઘટક અને પ્રાદેશિક સમિતિને અનુરોધ કરું છું. વસ્તીપત્રકને અપડેટ કરવા માટે દરેક ઘટકે સતત સક્રિય રહેવું પડશે. મહાસભાના વેબસાઇટ કેજીકેવનની ઉપયોગીતા વિશે માહિતિ આપી હતી.

**શ્રી લીલાધરભાઇ ખોડીયારે** અભિલાષા સમિતિ વિશે સુચન આપેલ હતું કે, આપણે જ્યારે સહાય આપીએ ત્યારે તેની પાસેથી બોન્ડ લેવામાં આવે તો સમિતિને રીટર્ન રકમ મળી રહેશે. **શ્રી વિનોદભાઇ ચૌહાણે** અભિલાષા સમિતિ દ્વારા સહાય લઇ ભણીગણીને કામ ધંધે લાગ્યા હોય તો તેમની પાસથી અનુદાન મેળવવા માટે કરેલ કાર્યની માહિતિ આપેલ હતી. અગાઉ સહાય લઇ ગયેલ છાત્રોની યાદી મળશે તો હું ચોક્કસ તેનો સંપર્ક કરીને રકમ પરત લેવાના પ્રયત્નો કરી શકીશ.

**મહાસભાના ઉપપ્રમુખ અને ડીજીટલ વસ્તીપત્રકના સહપ્રભારી શ્રી હેમંતભાઇ ગોહિલે** પોતાનો અહેવાલ રજુ કરેલ હતો. ડીજીટલ વસ્તીપત્રકની સાથે સાથે બીજી સમિતિઓના કાર્યની માહિતિ આપેલ હતી. મોટા ઘટકોમાં ૧૦ થી ૨૦ ટકા ફોર્મ ભરાયા નથી તે માટે દરેક ઘટક પ્રમુખશ્રીઓ અને પ્રાદેશિક પ્રમુખશ્રીને પ્રયત્ન કરવા વિનંતી કરેલ હતી. સાથે સાથે પરિચય પુસ્તિકાની વિગતો મેળવવામાં પડેલ મુશ્કેલીની વિગતો આપી હતી.

**ઉપપ્રમુખ શ્રી નારાયણભાઇ રાઠોડે** પોતાનો અહેવાલ આપેલ હતો. પ્રાદેશિક અને ઘટકોના માળખાનું પુનર્ગઠન પર કાર્ય કરી રહ્યા છીએ. આ સમિતિના પ્રભારી શ્રી દિનેશભાઇ ચાવડા - પુના ખુબજ મહેનત કરી રહ્યા છે પરંતુ ક્યાંકને ક્યાંક કોઇ મુશ્કેલીના કારણે હજુ બે-ત્રણ ઘટકને મોટા ઘટકમાં મર્જ કરવાની પ્રક્રિયા ચાલુમાં છે.

**ઉપપ્રમુખ શ્રી સુરેશભાઇ ચાવડા**એ સ્કીલ ડેવલપમેન્ટ સમિતિનો અહેવાલ રજુ કરેલ હતો. દુર્ગમાં એમ.એસ.એમ.ઇ.નો વર્કશોપ છે તેમાં કોઇ વ્યક્તિને ટ્રેનીંગ લેવી હોય તો મારો સંપર્ક કરશે તો હું પ્રયત્ન કરી તેમને ટ્રેનીંગ લેવડાવી શકીશ. આ પ્રોજેક્ટમાં ટ્રેનીંગ લઇને ધંધો સ્ટાર્ટઅપ કરવા લોન પણ મળી શકે છે. છત્તીસગઢમાં ટુંક સમયમાં આવો સેમીનાર યોજાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. **મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** વાર્ષિક સભામાં ઉપસ્થિત સૌને આવકાર આપી પોતાનો અહેવાલ રજુ કર્યો હતો. સાથે સાથે મંત્રીગણ દ્વારા મળેલ સહકાર બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. મહાસભાના આદ. પ્રમુખશ્રીના આદેશથી કાર્ય કરી રહ્યા છીએ. સાથે સાથે આકસ્મીક સહાયતા અને અન્નપુર્ણા યોજનાનો પ્રભાર સોંપેલ છે. અત્યારે અન્નપુર્ણા યોજના હેઠળ દર મહિને એક હજાર રૂપિયાની આર્થિક સહાય વિતરીત કરવામાં આવે છે. કચ્છમાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીના પરિવાર તરફથી લગભગ ૨૬૦ પશ્રિવારોને માસીક સહાયતા વિતરીત કરવામાં આવે છે. આકસ્મીક સહાય સમિતિના માધ્યમથી અત્યાર સુધી લગભગ સત્યાવીશ લાખ રૂપીયાની સહાય આ સત્રમાં વિતરીત કરવામાં આવેલ છે. આ માટે

અનુદાન આપનાર સૌ સમાજના દાતાઓનો આભાર માનું છું. ઓનલાઇન ભાગવત કથાની માહિતિ પણ આપેલ હતી. સાથે સાથે સેતુ સમાજ સંદેશના તંત્રીશ્રી તરીકેનો અહેવાલ આપેલ હતો.

**મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી આદ. શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડે** પોતે કરેલ ૨૪ પ્રોજેક્ટની માહિતિ આપી હતી. દરેક પ્રોજેક્ટની પુરી માહિતિ સેતુ સમાજ સંદેશમાં આપવામાં આવેલ છે. મેરેજ બ્યુરો સમીતનો અહેવાલ ઉપપ્રમુખ અને પ્રભારી શ્રીમતી જ્યોતિબેન રાઠોડે આપેલ હતો. સંવેદનશીલ સમિતિના કાર્યની જવાબદારી મને આપી છે તે બદલ આભાર વ્યક્ત કરું છું. મારી પૂરી સીમતિએ ઓનલાઇન સંમેલનમાં ખુબજ સહકાર આપેલ છે તે બદલ સૌનો આભાર વ્યક્ત કરું છું. આદ. બહેનશ્રીએ મેડીટેશન દ્વારા સૌને ફ્રેશ કરવાનું કાર્ય પણ કરેલ હતું. કવિતા દ્વારા સૌને આનંદ કરાવ્યો હતો.

**મહામંત્રીશ્રી વિનોદભાઇ પઢિઆરે** મહામંત્રીશ્રી તરીકે પોતાનો અહેવાલ આપ્યો હતો. સાથે સાથે કચ્છ દર્શન સમિતિ દ્વારા કુળદેવી મંદિરોના જીર્ણોદ્ધારની વિસ્તારપૂર્વક માહિતિ આપવામાં આવી હતી.

**મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા**એ સંજીવનીનો અહેવાલ આપેલ હતો. દાન-દાતાશ્રીઓની વિગતો અને આવેલ અનુદાનની વિગતો આપી હતી. સંજીવની દ્વારા વિતરીત સહાયની વિગતો રજુ કરી હતી. સંજીવનીની કાર્યપ્રણાલી વિશે પણ વિસ્તારપૂર્વક માહિતિ રજુ કરી હતી. પ્રતિમાસ લગભગ દોઢ લાખ જેટલી રકમ સંજીવની દ્વારા વિતરીત કરવામાં આવે છે.

**મહાસભાના ઉપપ્રમુખશ્રી મનોજભાઇ સોલંકી**એ જણાવ્યું હતું કે, મારો બે-ત્રણ બાબતો ધ્યાનમાં દોરવવાની છે કે પ્રતિનિધિ અને પદાધિકારીઓની સંખ્યા ખુબજ મોટી છે પરંતુ વર્તમાન ઉપસ્થિતિને જોતા એમ લાગે છે કે આપણે માત્ર પદ ધારણ કરીને સંતોષ માની લઇએ છીએ. મહાસભાની પ્રવૃત્તિઓમાં કેટલા ઘટકો અને પ્રતિનિધિઓ સક્રિયતાથી લાભ લઇ રહ્યા છે તે જોવું ખુબજ અનિવાર્ય છે. ઘટકો પાસેથી પ્રશ્નો લઇ પ્રતિનિધિઓએ મહાસભા લેવલે મુકવા જોઇએ પરંતુ એકપણ પ્રતિનિધિઓ દ્વારા સુઝાવ મુકાયો નથી. આ બાબત ગંભીર છે માટે બધાની સક્રિયતા પર ભાર મુકવો જોઇએ. મહાસભામાં પદ લઇ નિષ્ક્રીય રહેવાનું ચલાવી લેવું જોઇએ નહીં. આવી વ્યક્તિઓએ સક્રિય રહેવું જોઇએ અથવા સ્વેચ્છાએ પોતાનું પદ મુકી દેવું જોઇએ. ગામે ગામ સ્વચ્છતા, સ્વદેશી અને નિરોગી રહેવા માટે પ્રચાર કરવા જોઇએ. મહાસભાએ સ્થાપેલ વડલો હંમેશા લીલોછમ્મ રહે અને તેના ફળ દરેકે દરેક સમાજબાંધવોને મળે તેવા પ્રયત્નો કરવામાં આવે તે જરૂરી છે અને તે માટે માત્ર મહાસભા જ નહીં પરંતુ દરેકે દરેક સમાજબંધુ પ્રયત્ન કરે તેવી શુભકામના વ્યક્ત કરું છું.

**મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆરે** જણાવ્યું કે, દરેકે દરેક સમિતિ પાસે પોતાનો અહેવાલ લઇ તેની પુરી માહિતિ દરેક ઘટકને મળે તે રીતે તેનું સંકલન કરી મોકલી આપવામાં આવશે.

**શ્રી સુરેશભાઇ ચૌહાણ – મંત્રીશ્રી મહાસભા**એ પોતાનો અહેવાલ આપેલ હતો. આપણે મહાસભાના પ્રતિનિધિનું ગ્રુપ, મહાસભા કારોબારી સભ્યોનું ગ્રુપ, મહાસભા ઘટકોનું ગ્રુપ બનાવેલ છે. જેમાં સમયસર મહાસભાના દરેક કાર્યની જાણકારી આપતા મેસેજ મોકલવામાં આવે છે. મહાસભાના પ્રતિક ચિન્હ વડલાના પ્રતિકનો કલર હંમેશા એકજ રહે તે જોવા આગ્રહ ભરી વિનંતી કરું છું.

**મંત્રી શ્રી ગૌરવભાઇ ચાવડા**એ પોતાનો મંત્રી તરીકેનો અહેવાલ રજુ કર્યો હતો. ડીજીટલ વસ્તીપત્રક, કેજીકેવન એપ તેમજ મહાસભાના વહીવટને લગતી માહિતિ રજુ કરી હતી.

**મંત્રી શ્રી કિશોરભાઇ ભગવાનલાલ ટાંકે** મંત્રી તરીકેનો અહેવાલ રજુ કરેલ હતો. મહાસભાની મીટીંગોમાં પોર્ટફોલીયોનું વિતરણ અને ઉપસ્થિતિની સહી કરાવવાનું કાર્ય તેમજ મીટીંગની બેઠક વ્યવસ્થાની કામગીરી હું સંભાળું છું. આપ સૌ સભ્યોએ મારી કામગીરી જોયેલ હશે. મને હોદ્દેદાર તરીકે નહીં પરંતુ કાર્યકર્તા તરીકે કાર્ય કરવાની મજા આવે છે. ગોંદિયા ઘટકને દુહા ગાઇને અભિનંદન આપ્યા હતા.

**સેતુ સમાજ સંદેશના સંચાલન સમિતિના અધ્યક્ષ શ્રી હિતેશભાઇ ભોગીલાલ ચૌહાણે** સેતુ સમાજ સંદેશનો અહેવાલ રજુ કર્યો હતો. ખર્ચ અને આવકની વિગતો રજુ કરેલ હતી. સમાચાર મોકલનાર દરેક ઘટકોને જરૂરી સુચનો આપેલ હતા.

**શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ – માધાપરે** સરકારી યોજનાઓની માહિતિ વિશે અહેવાલ રજુ કર્યો હતો. આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટેની માહિતિની રજુઆત કરી હતી.

**શ્રી દયારામભાઇ ચાવડા – શહડોલ ઘટક** તેમણે સુઝાવ રજુ કર્યો હતો કે, હું આપશ્રીથી માહિતિ માગું છું કે, જે સમાજબંધુઓ ઇત્તર જ્ઞાતિ લગ્ન કરે છે તેમને સમાજનું સર્ટી આપવાનું કે નહીં ?

બીજો પ્રશ્ન એ છે કે દુર રહેતા પરિવારો મોટા ઘટકમાં આવીને લગ્ન કરે અને લાગા પણ ચુકવ્યા ન હોય પોતાના મુળ ઘટકમાં ક્યારેય આવે નહીં તો મારું સુચન છે કે બીજા ઘટકમાંથી કોઇ પણ ઘટકમાં લગ્ન કરવા આવે તો તેમના મુળ ઘટકની એન.ઓ.સી. લાવે તેને જ સામાજીક સગવડો આપવી જોઇએ.

**વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, ઇત્તર સમાજમાં લગ્ન કરે તેની નોંધણી કે લગ્ન લાગો આપણને લેવાનો નથી આવું વર્ષોથી નક્કી કરવામાં આવેલ છે.

આસનસોલથી આવેલ **શ્રીમતી કલ્પનાબેને** જણાવ્યું કે, મહાસભાની મીટીંગો ચાલતી હોય ત્યારે સમાન્તર મહિલા મંડળની મીટીંગો ચાલે છે જેથી બહેનો મહાસભાની મીટીંગોમાં ભાગ લઇ શકતી નથી. મારો સુઝાવ છે કે એવી કોઇ વ્યવસ્થા થાય તો અમે પણ મહાસભાની મીટીંગમાં ભાગ લઇ શકીએ. **વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** જરૂરી જાણકારી આપેલ હતી.

**શ્રી હેમંતભાઇ ચૌહાણ – બિલાસપુરે** જણાવ્યું કે, મારો સુઝાવ છે કે અભિલાષા સમિતિ દ્વારા જેને પણ મદદ આપવામાં આવે છેતેનું દર વર્ષે પુરૂં લીસ્ટ બનાવી દરેક ઘટકને મોકલવામાં આવે જેથી દરેક ઘટક પ્રમુખને જાણ રહે કે મારા ઘટકના આટલા વ્યક્તિને સહાય મળેલ છે.

**શ્રી વિનોદભાઇ ચાહાણે** જરૂરી ખુલાસા કરેલ હતા. તમામ ઘટકોને લીસ્ટ બનાવી જરૂરથી મોકલાવવા પ્રયત્ન કરીશ. તેઓશ્રીએ અધિવેશન દરમ્યાન સભાના શિડ્યુઅલમાં ફેરફાર થવાથી જે તકલીફ ઉભી થાય છે તેમની રજુઆત કરેલ હતી. આવું ફરી ન થાય તે જોવા ખાસ ભલામણ કરી હતી જેને **શ્રીમતી અમિતાબેન સોલંકીએ** અનુમોદન આપેલ હતું. **શ્રી મનોજભાઇ સોલંકીએ** આ બાબતે સ્પષ્ટતા કરી હતી અને ભવિષ્યમાં સચોટ આયોજન ઘડી કાઢવામાં આવશે એમ જણાવ્યું હતું. **મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણે** ઉપસંહાર કરતા બે દિવસના દરેક કાર્યવાહીનું ટુંકમાં વર્ણન કરેલ હતું. **સલાહકારશ્રી ભુપેન્દ્રભાઇ પરમારે** ગોંદિયા ઘટક અને વિદર્ભ પ્રાદેશિક સમિતિને અધિવેશનના સુંદર આયોજન બદલ ધન્યવાદ આપ્યા હતા. કાર્યકર્તાઓને પ્રોત્સાહીત કરવા શેર-શાયરી દ્વારા અભિનંદન આપ્યા હતા.

**સલાહકાર શ્રી રણજીતભાઇ પરમારે** ગોંદિયા ઘટક અને બાલાઘાટ ઘટકના પરસ્પર લગાવની વાતો કરી હતી. ગોંદિયા ઘટક અને બાલાઘાટ ઘટકના જે કાર્યો થાય તેમાં બન્ને ઘટકની કાર્યકારીણીને આમંત્રણ આપવામાં આવતું છે. બન્ને ઘટકની પરસ્પર લાગણીને કારણે સુંદર આયોજન થઇ રહ્યું છે.

**મહાસભાના ઉપપ્રમુખશ્રી મનોજભાઇ સોલંકી**એ જણાવ્યું કે, **મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડા, વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા, સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ પરમાર અને મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર**ને મહાસભાના લીગલ કાર્ય માટે જવું પડ્યું છે ત્યારે સભાના સમાપનની જવાબદારી મારા શીરે આવેલ છે. યજમાન ઘટક ગોંદિયાના સર્વે પદાધિકારીઓ તેમજ સર્વે કાર્યકર્તાઓને ખુબ ખુબ ધન્યવાદ પાઠવું છું. જે હેતુ માટે અધિવેશન થતા હોય તે હેતુસર દરેક પ્રક્રિયા સારી રીતે ચાલી છે. દરેક હોદ્દેદારો ઝોનલ અને પ્રાદેશિક સમિતિઓ એ પોતાની જવાબદારી સમજી હાજર રહ્યા છે તે બદલ દરેકનો આભાર વ્યક્ત કરું છું. મહાસભાની પચાસ વર્ષની સામાજીક યાત્રામાં જે જે વડીલોએ પોતાનું યોગદાન આપેલ છે તે દરેકને આ સ્થળેથી વંદન કરું છું. અખિલ ભારતીય મહિલા મહામંડળ અને યુવા મહામંડળના સૌ ભાઇ-બહેનોનો પણ આભાર વ્યક્ત કરું છું.

મહાસભા વતી આભારદર્શન **વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** કરેલ હતું. **મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણે** મહાસભાની ત્રણેય પાંખ વતી આભારદર્શન કરેલ હતું. ગોંદિયા ઘટક અને વિદર્ભ પ્રાદેશિક સમિતિ વતી **શ્રી મિતેશભાઇ પરમારે** આભારદર્શન કર્યું હતું. અંતમાં શબ્દગીતનું ગાન કરી સભા પૂર્ણાહુતિની જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર મીટીંગનું સંચાલન **મંત્રી શ્રી સુરેશભાઇ ચૌહાણ, મહામંત્રી શ્રી વિનોદભાઇ પઢિઆર અને વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયારે** કરેલ હતું.

|| ઉँ ગં ગણપત્યૈ નમઃ ||

સહ વીર્ય કરવાવહૈ

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા** દ્વારા માર્ગદર્શિત

**મૈરેજ બ્યુરો સમિતિ** દ્વારા સહકારિત

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ** દ્વારા પ્રેરિત

**શ્રી ક.ગુ.ક્ષ.સમાજ બિલાસપુર ઘટક** દ્વારા આયોજીત



મૈરેજ બ્યૂરો સમિતિ

# અખિલ ભારતીય વિરાટ મંગલ પરિચય સમ્મેલન- બિલાસપુર (છ.ગ.)

૧૫ એપ્રિલ ૨૦૨૩ સુધી નિઃશુલ્ક રજીસ્ટ્રેશન | ૧૬ એપ્રિલ થી રૂ.૩૦૦/ રજીસ્ટ્રેશન શુલ્ક | ઑન સ્પાટ રૂ.૫૦૦/ રજીસ્ટ્રેશન શુલ્ક

ફોર્મ ક..................

તા.........................

**તા.૧૦-૧૧ જુન ૨૦૨૩**
**શનિવાર - રવિવાર**




**-સ્થળ-**
**બિલાસપુર (છ.ગ.)**

Marriage Bureau Regd No.

પાત્રનું નામ........................................................................પુરૂષ..............મહિલા.............

જન્મ તારીખ...............................જન્મ સમય................જન્મ સ્થળ...............................

ઉંચાઈ.................................... વજન............................... વર્ણ..........................................

અભ્યાસ વિવરણ....................................................................................................

હાલમાં પ્રવૃત્તિ- ☐ અભ્યાસ ☐ સર્વિસ ☐ વ્યાપાર અન્ય..................................................

વાર્ષિક આવક...........................પ્રવૃત્તિ વિગત..........................................................

..........................................................................................................................

**પાત્રની શ્રેણી** ☐ સામાન્ય ☐ છુટાછેડા ☐ વિધવા વિધુર ☐ દિવ્યાંગ.............................................. ☐ મંગળ

પિતાનું પુરૂ નામ........................................................................................................

દેશમાં ગામ.................................................... કુળદેવી...........................................ગોત્ર.........................................

હાલમાં પ્રવૃત્તિ ☐ વ્યાપાર ☐ સર્વિસ ☐ નિવૃત્ત અન્ય...........................................................

માતાનું નામ............................................................................ હાલમાં પ્રવૃત્તિ.................................................

અન્ય વિવરણ...............................................................................................................

**ભાઈ -** ............. ☐ અપરિણિત ☐ પરિણિત **બહેન** .............. ☐ અપરિણિત ☐ પરિણિત

મોસાળ........................................................................દેશમાં ગામ.........................હાલ મુ.............................

પોતાનુ નિવાસ સરનામું.....................................................................................................

..........................................................................................................................

મોબાઈલ નં.................................................................. વ્હાટસએપ નં.............................................

અન્ય નં.......................................................................... ઈમેલ..........................................................

અન્ય સંપર્ક સૂત્રો........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**ઉપરોક્ત માહિતિ સંપૂર્ણ રીતે સત્ય અને પ્રામાણિક છે, અધિવેશન વિશેનાં જે પણ નિયમોં હશે તેનાથી પૂર્ણરૂપેણ સહમત છીયે એવી સ્વીકૃતિ સાથે આ આવેદન પત્ર મોકલીયે છીયે, કૃપયા આ ફોર્મ સ્વીકાર કરી રજીસ્ટ્રેશન કરવામાં આવે ।**

પાત્રનાં હસ્તાક્ષર..........................................................

તમારા ઘટકનાં સંપર્ક સારથીઓંના નામ અને મોબાઈલ નંબર

૧..........................................................................................................................

૨..........................................................................................................................

૩..........................................................................................................................

સંપૂર્ણ માહિતિઓંને સાફ તથા સુવાચ્ય રીતે ભરી બિલાસપુર ઘટકનાં વ્હાટસએપ નંબર
**Mob. 9179019190** માં સરસ સ્કેન ઈમેજ મોકલવાનુ રહેશે । (Only Whatsapp Use-No Call pls.)

***સત્યનેં છુપાવશો તો ભવિષ્યમાં પછતાશો***

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા** દ્વારા માર્ગદર્શિત

**મૈરેજ બ્યુરો સમિતિ** દ્વારા સહકારિત

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ** દ્વારા પ્રેરિત

**શ્રી ક.ગુ.ક્ષ.સમાજ બિલાસપુર ઘટક** દ્વારા આયોજીત

સહ વીર્યં કરવાવહૈ

મૈરેજ બ્યૂરો સમિતિ

# અખિલ ભારતીય વિરાટ મંગલ પરિચય સમ્મેલન- બિલાસપુર (છ.ગ.)

| તા.૧૦-૧૧ જુન ૨૦૨૩ શનિવાર - રવિવાર | ૧૬ એપ્રિલ થી રૂ.૩૦૦/ રજીસ્ટ્રેશન શુલ્ક | ઑન સ્પાટ રૂ.૫૦૦/ રજીસ્ટ્રેશન શુલ્ક |
|---|---|---|

**કાર્યક્રમ સ્થળ- શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન, કપીલ નગર, સીપત રોડ, સરકંડા, બિલાસપુર (છ.ગ.)**

આત્મિય સર્વે સમાજબાંધવો, અત્યંત હર્ષનો વિષય છે કે **મહાસભા પ્રમુખશ્રી આદરણીય યોગેશભાઈ મગનભાઈ ચાવડા**નાં માર્ગદર્શનમાં **મહાસભા મૈરેજ બ્યુરો સમિતિ દ્વારા છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત બિલાસપુર ઘટકનાં આતિથ્ય આંગણે વિરાટ તથા બહુઉદ્દેશિય મંગલપરિચય સમ્મેલનનું આયોજન થવા જઈ રહ્યુ છે।**

કાર્યક્રમની સંક્ષિપ્ત રૂપરેખા આ મુજબ છે....

તા. ૯.૬.૨૦૨૩, શુક્રવાર - સાંજે - ૫ કલાકે સ્પોટ રજીસ્ટ્રેશન શુરૂ
તા. ૧૦.૬.૨૦૨૩ શનિવાર - સવારે - ૯.૩૦ કલાકેથી સ્પોટ રજીસ્ટ્રેશન તથા કાર્યાલયનું ઉદઘાટન
-બપોર પછી રજીસ્ટર્ડ પાત્રોનું સ્વાગત તથા મંગળ પરિચય
તા. ૧૧.૬.૨૦૨૩ રવિવાર - સવારે - ૯.૩૦ કલાકેથી રજીસ્ટર્ડ પાત્રોનું મંગળ પરિચય
**(૧ કલાક હેતુ વિશેષ શ્રેણીનાં પાત્રોંનુ પરિચય)** ટીપાર્ટી તથા સમાપન

**વિશેષ- વાલીઓં તથા પાત્રોંથી અનુરોધ છે કે આ સગપણ સમ્મેલનમાં શામેલ થવા ઈચ્છતા પાત્રોંનેં સંલગ્ન આવેદન પત્રમાં પ્રારૂપ અનુસારે સંપૂર્ણ માહિતિઓંનેં સાફ તથા સુવાચ્ય રીતે ભરી બિલાસપુર ઘટકનાં નિમ્ન વ્હાટસએપ નંબરમાં સરસ સ્કેન ઈમેજ મોકલવાનુ રહેશે ।**

**આવેદન ફૉર્મ મોકલવા હેતુ સંપર્ક - Mob. 9179019190 (Only Whatsapp Use-No Call pls.)**

Our Overseas Candidates, who are willing but unable to attend this Sammelan, are requested to filled **ONLINE Registration FORM** along with a decent **short video of introduction**, to be shown during sammelan to **Sri Gauravbhai Jagdishbhai Tank, Nagpur, Mob.8007161696 (Whatsapp No.).**

**Bank Details**
HDFC Bank
A/c Name-Hemant Chauhan
A/c No. - 07711000008480
IFSC- HDFC0000771

રજીસ્ટ્રેશન શુલ્ક ડાબી બાજુ આપેલ એકાઉંટ નંબરમાં અથવા જમણી બાજુ આપેલ QR Code Scan કરીનેં ઑનલાઇન પણ મોકલી સકો છો। વિશેષ નોંધ - બૈંક ડિપૉજીટ પર્ચી અથવા ઑનલાઇન પેમેંટ સ્ક્રીન શૉટ સાથે ઉમ્મીદવાર નું પુરૂ નામ (પિતાનાં નામ સાથે) લખીનેં અવશ્ય મોકલશો, જેથી તમારા ફૉર્મ સાથે એનું મિલાન થઈ સકે। (ઑનલાઇન લિંકમાં પણ પેમેંટ ઑપ્શન આપેલ છે)

**ઑનલાઇન રજીસ્ટ્રેશન લિંક આપણા સમાજનાં વિભિન્ન વ્હાટસએપ ગ્રુપમાં શેયર કરવામાં આવી છે**

- નિવેદક -

**શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભાઈ રાઠૌડ**
પ્રભારીશ્રી-મૈરેજ બ્યુરો સમિતિ Mob. 9421319802

**શ્રી મેહુલભાઈ ચંદ્રકાંતભાઈ ચૌહાણ**
સહ-પ્રભારીશ્રી-મૈરેજ બ્યુરો સમિતિ Mob. 9371130543

**- મૈરેજ બ્યુરો મીડિયા મેનેજમેંટ તથા ટેક્નીકલ સંપર્ક સૂત્રોં -**

**શ્રી મનોજભાઈ વિજયભાઈ યાદવ**
Mob. 9960066697

**શ્રીમતી દીપલબેન ચંદ્રકાંતભાઈ રાઠૌડ**
Mob. 7020868624

**શ્રી ગૌરવભાઈ જગદીશભાઈ ટાંક**
Mob. 8007161696

**- બિલાસપુર ઘટક સંપર્ક સૂત્રોં -**

**શ્રી અંબાલાલભાઈ વિરજીભાઈ ચૌહાણ**
ઘટક પ્રમુખ તથા મહાસભા ઉપપ્રમુખશ્રી
Mob. 9981834888

**શ્રી હેમંતભાઈ નાનાલાલભાઈ ચૌહાણ**
ઘટક ઉપપ્રમુખ તથા છ.ગ. પ્રાદેશિક પ્રમુખશ્રી
Mob. 9301019190

**શ્રી ભાવેશભાઈ નરસીભાઈ ગોહિલ**
ઘટક ઉપપ્રમુખ તથા છ.ગ. પ્રાદેશિક મંત્રીશ્રી
Mob. 8839402752

**શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઈ ચાવડા**

**શ્રી વિજયભાઈ ડાયાલાલભાઈ ચાવડા**

**શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ**

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

મેરેજ બ્યૂરો સમિતિ

# મહાસભા અર્ધવાર્ષિક બૈઠક એવં
# અખિલ ભારતીય વિરાટ મંગલ પરિચય સમ્મેલન બિલાસપુર છ.ગ.

તારીખ - ૧૦ જુન - ૧૧ જુન ૨૦૨૩ શનિવાર - રવિવાર / સ્થળ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન, બિલાસપુર (છ.ગ.)

## બિલાસપુર (છ.ગ.) માં આવેલ અમુક હોટલ તથા રેટ વિશેની માહિતી

| | |
|---|---|
| 4 Star<br>**Hotel East Park**<br>(AC Room Only)<br>Agrasen Chowk,<br>Bilaspur (C.G.)<br>Tel. 07752-428999/7898999719 | **Room Tariff**<br>Suite - Rs.7499/<br>Delux - Double Bed - Rs. 6500/<br>Club - Double Bed - 5500/<br>Standard - Double - Rs. 4500/ |
| **Hotel Down Town**<br>(AC Room Only)<br>Rajkishor Nagar, Sipat Road<br>Bilaspur (C.G.)<br>Tel. 07752-419051/9926200022 | **Room Tariff**<br>Royal Suit - Double Bed - Rs.7200/<br>Super Delux - Double Bed - Rs. 3700/<br>Delux - Double Bed - Rs. 3200/<br>Standard - Double - Rs. 2800/<br>Extra Per Bed - Rs. 500/ |
| **Hotel Grand Gulmohar**<br>(AC Room Only)<br>Sahid Chowk, Mopka, Bilaspur (C.G.)<br>Tel. 7224887878/6264563832 | **Room Tariff**<br>Family Delux - Double Bed - Rs. 4000/<br>Super Delux - Double Bed - Rs. 3500/<br>Delux - Double Bed - Rs. 3000/ |
| **Hotel Daya Guest House**<br>(AC/Non AC Room)<br>Bajrang Chowk, Rajkishor Nagar,<br>Bilaspur (C.G.)<br>Tel. 07752350774/9827102222 | **Room Tariff**<br>Non AC - Double Bed - Rs. 1200/<br>AC - Double Bed - Rs. 1800/ |
| **Hotel Grand Amba**<br>(AC/Non AC Room)<br>Telephone Ex. Road, Bilaspur (C.G.)<br>Tel. 07752429881/9109994881 | **Room Tariff**<br>Super Delux - Double Bed - Rs. 3000/<br>Delux - Double Bed - Rs. 2400/<br>Extra Bed - Rs.500/ |
| **Hotel Chandrika**<br>(AC Room)<br>Near Satyam Talkies, Bilaspur (C.G.)<br>Tel. 07752410009 | **Room Tariff**<br>Single Bed - Rs. 1200/<br>Double Bed - Rs. 1300/ |
| **Hotel The Emerald**<br>(AC Room Only)<br>Old Bus Stand Road, Bilaspur (C.G.)<br>Tel. 07752-411611/9589000954 | **Room Tariff**<br>Royal Suite - Rs.4000/, Suite - Rs. 3400/<br>Super Delux - Double Bed - Rs. 2800/<br>Royal Delux - Double Bed - Rs. 2449/<br>Delux - Double Bed - 2300/<br>Standard - Double - Rs. 2100/ |
| **Hotel Geeta**<br>Near Old Bus Stand Road<br>Bilaspur (C.G.)<br>Tel. 07752-408511 / 7489793671<br>Extra Bed AC-300/, Non AC-200/ | **Room Tariff**<br>Super Delux - Double Bed - Rs. 2400/<br>Delux - Double Bed - 2100/<br>Standard (AC) - Double - Rs. 1500/<br>Standard (Non AC) - Double - Rs.700/<br>Economy - Double - Rs. 650/ |

**સંપર્ક સૂત્ર**
**શ્રી ભરતભાઈ મારૂ** Mob.7049591369 / **શ્રી ભાવેશભાઈ ગોહિલ** Mob.8839402752
**શ્રી કલ્પેશભાઈ ચૌહાણ** Mob.9993273534 / **શ્રી હનીષભાઈ પરમાર** Mob.7987036995

॥ ૐ શાંતિ ॥




## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૪'

*The Lifeline.....*

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઈ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

**પરોપકારી પરિવાર તો તેને જ કહીએ... કે જે પીડ પરાઈ જાણે રે... સમાજમાં સાર્વત્રિક સુખાકારીનો સૂર્યોદય**

# પર દુઃખભંજન 'સંજીવની સંકલ્પ ધારી પરિવારો'નો પરિચય...

''**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ**'' નામક બંધારણીય સંસ્થાની સ્થાપનાને આજ જ્યારે ૫૧ વર્ષમાં પ્રવેશે '**મહાસભા**' નામક મધ્યસ્થ સંગઠનની સ્થાપના યથાર્થ પૂરવાર થઇ રહી છે ત્યારે આ સંગઠનની સફળતામાં સહભાગી સમાજપ્રેમીબંધુ પરિવારોને નમન, વંદન, અભિનંદન સહ યાદ કરીએ.

મહાસભાની સ્થાપના બાદના સંઘર્ષકાળને સફળતાપૂર્વક પાર પાડી, તત્કાલીન પદાધિકારીશ્રીઓએ અનુકરણીય આચાર-વિચાર-વ્યવહાર... સમાજની આવનારી પેઢીઓ માટે પ્રમાણમાં વધારે સાનુકુળ વહીવટી માળખું વારસામાં આપી, સૌ કોઇએ પોતાનો સમાજધર્મ નિભાવ્યો છે. વર્તમાનકાળને આપણે સાચા અર્થમાં 'સ્વર્ણિમકાળ' ગણાવી શકીએ. ૧૯૯૬ બાદ પરિવર્તનના પવને તો સમાજનું ક્લેવર-ફ્લેવર જ બદલી નાખ્યું. મહાસભાની સ્થાપના સાથે સતત ૨૫ વર્ષ તન-મન-ધન-સમયથી સેવા કરનાર સાચા સમાજસેવકોના અથાગ, અનન્ય, અપૂર્વ પરિશ્રમને કારણે સમાજને એક અતિ વ્યવસ્થિત વ્યવસ્થા તંત્ર તો મળ્યું પરંતુ આ વ્યવસ્થાતંત્રમાં સમાજના જન-સામાન્ય બંધુઓનો અતૂટ વિશ્વાસએ મહામૂલી મૂડી એવં મજબૂત પાયા પર એક આધુનિક, પ્રગતિશીલ, પરિણામલક્ષી, વ્યવસાયીક ધોરણે ચાલતી સંસ્થામાં જન-સામાન્ય દિલથી જોડવાથી '**મહાસભા**'ની જરૂરીયાત સમાજના જન-જન માનસમાં કેળવાઇ ગઇ.

**જે સંસ્થાના વહીવટથી સંસ્થાના બહુધા વર્ગ લાભાન્વીત થાય છે તે સંસ્થા અકલ્પનીય પ્રગતિ કરે છે. 'સમાજ સંરક્ષક' શ્રી ભરતભાઇ સાવરીયાજી**ના કાર્યકાળથી જ મહાસભાના સામાન્ય વહીવટમાં આમૂલ પરિવર્તન આવ્યું. આદ. શ્રી ભરતભાઇના કાર્યકાળ બાદ આવેલ તમામ પ્રમુખશ્રીઓએ સમાજઉત્કર્ષની પ્રવૃત્તિઓને ખૂબજ વેગ આપ્યો. આ કાળખંડમાં સમાજની અને તેમાંય **માદરેવતન કચ્છની** આર્થિક પરિસ્થિતિમાં અચાનક જ અકલ્પનીય બદલાવ આવ્યો અને સમાજસેવાના આર્થિક ધોરણોમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું. સાથે સાથે છત્તીસગઢમાં પરંપરાગત વ્યવસાયો અસ્ત થતા ગયા તો સમાજનો યુવા વર્ગ કૃષિ ક્ષેત્રે ક્રાંતિકારી સિદ્ધિઓ મેળવવા લાગ્યા. સમાજનો યુવા વર્ગ પરંપરાગત વેપાર-ધંધા-ઠેકેદારીના સ્થાને ઉચ્ચ અભ્યાસ કરી ઉચ્ચ પગાર ધોરણ મેળવતો થયો. માદરેવતન કચ્છની આર્થિક ઉત્ક્રાંતિ એ તો **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી, ડીઝલકીંગ શ્રી મનોજભાઇ વેગડ, આધ્યાત્મિક અગ્રણી શ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમારની** ત્રિમૂર્તિએ તો સમાજમાં અપાતા દાન-સહયોગની પરિભાષા જ બદલી નાખી. માંગીએ તેથી વિશેષ મદદ આપવાની ભાવના પ્રજ્વલીત થઇ. ઘટકે-ઘટકે સામાજીક કાર્યક્રમો ઉત્સવની જેમ ઉજવાતા થયા.

સમાજસંગઠનમાં '**કોર્પોરેટ કલ્ચર**' ઉભું થયું. **સમાજ ઉત્કર્ષના ફળ સમાજના જરૂરીયાતમંદ પરિવારોને ઘેર બેઠા જ મળે તેવી અદ્ભૂત યોજનાઓનું આયોજન અને તેનું સફળ અમલીકરણથી સમાજના જન-જનમાં મહાસભા પ્રત્યે માન-સન્માન-અભિમાનની અનુભૂતિ જાગી** જ્યારે પણ કોઇપણ જરૂરીયાતમંદ સમાજબંધુઓને ચોમેરથી નિરાશા જ સાંપડે ત્યારે 'મહાસભા' તેને તુરંત મદદરૂપ થાય તેવી જડબેસલાક વ્યવસ્થાતંત્રનું ગઠન અને ફળદાયી અમલીકરણથી સમાજમાં સાર્વત્રિક સુખાકારીનો સૂર્યોદય થયો.

આજ મહાસભાના વર્તમાન પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાજીના કાર્યકાળમાં અગાઉથી ચાલી આવતી સમાજ ઉત્કર્ષની તમામ યોજનાઓ પૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. **શ્રી યોગેશભાઇના કાર્યકાળના પ્રારંભીક અડધું સત્ર તો કોરોનાકાળમાં જ હોમાઇ ગયું** તેમ છતાંય મહાસભાએ સમય સાથે કદમ-તાલ મીલાવતા ઓનલાઇન સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ સતત ચાલુ જ રાખી, સમાજબંધુઓના વિશ્વાસને કાયમ રાખેલ છે. વર્તમાન કાલખંડમાં પણ અનેક ઐતિહાસિક કાર્યો થયા છે. મહાસભાની તમામ પાંખો પોતાની ક્ષમતા કરતાય વધારે પ્રભાવીરૂપે પ્રદર્શન કરેલ છે. સમસ્ત વિશ્વમાં પથરાયેલ આપણા સમાજબંધુઓના સતત ઉત્કર્ષ માટે વર્તમાન મહાસભા પૂર્ણ સ્વરૂપે કાર્યરત છે.

આવો મિત્રો આજે આપણે મહાસભાની અતિ મહત્વકાંક્ષી યોજના એટલે **'સંજીવની'**ની સંપૂર્ણ સફળતાના સાચા સૂત્રધારો એટલે કે **'સંજીવની' સંકલ્પધારી પરિવારો**નો પરિચય કેળવીએ, એમની સાત્વીક સમાજસેવાને શત શત નમન કરીએ. આમ જોઇએ તો વર્તમાન સમયમાં કોઇ કોઇનું નથી એવી દ્દઢ માન્યતાઓ વચ્ચે જેને ક્યારેય જોયા નથી, ઓળખતા નથી, પીછાણતા નથી એવા તદ્દન અજાણ્યા સમાજબંધુઓના સ્વાસ્થ્ય લાભ માટે અપાતા લખ-લૂંટ દાનથી ચાલતી 'સંજીવની' યોજનાની અકલ્પનિય સફળતાના સાચા સૂત્રધાર સમાજબંધુઓની સમાજભાવનાને સક્રિય કરવા સતત વૃદ્ધિ કરવામાં 'સંજીવની' સફળ રહી છે.

'સંજીવની' યોજનાની ઉપયોગીતા તો આજ ઘટક-ઘટકના ઘેર-ઘેર જાણીતી થઇ ગઇ છે. **પ્રતિમાસ રૂા. ૧,૫૦,૦૦૦/- જેવી માતબર રકમની મેડીકલ સહાયનું વિતરણ કરતી** 'સંજીવની'નો સમાજપ્રેમીબંધુઓના વિશ્વાસે રૂા. ૭૦,૦૦,૦૦૦ (સીતેર લાખ) જેવી માતબર રકમ મહાસભા સ્થાયી ભંડોળમાં અર્પણ કરી છે. સેતુ સમાજ સંદેશના ગતાંકમાં 'સંજીવની સરતાજ' પરિવારોથી પરિચય મેળવેલ. 'સંજીવની' યોજના હેઠળ રૂા. ૫૦,૦૦૦ કે તેથી વધારેનો સહયોગ આપનાર દાતાશ્રી પરિવારોને **'સંજીવની સરતાજ'** થી અને રૂા. ૩,૦૦,૦૦૦ થી વધારેનો સહયોગ આપનાર પરિવારોને **'સંજીવની સમ્રાટ'** ના બહુમાનથી મહાસભા સન્માન આપે છે. ઉપરોક્ત બન્ને યોજનાઓની સફળતા બાદ **'સમાજરત્ન' શ્રીમાન વિનોદભાઇ સોલંકીજી**ની પ્રેરણા અને અમદાવાદ નિવાસી **કર્નલ સત્યાન ડી. રાઠોડસર**ની પહેલથી 'સંજીવની'સંકલ્પધારી પરિવાર યોજનાના અમલથી જ સમસ્ત સમાજમાં ખુબજ સ્વીકાર્ય બની. આ યોજના હેઠળ સમાજનો એક પરિવાર એવો સંકલ્પ વ્યક્ત કરે છે કે પ્રતિમાસ અમુક નિશ્ચિત રકમ સમાજના જરૂરીયાતમંદ પરિવારોની મેડીકલ મદદ માટે આપીશ. પછી આ રકમ રૂા. ૫૦૦ થી ૫૦૦૦ પ્રતિમાસ હોઇ શકે. આમ 'સંજીવની'એ પ્રત્યેક સમાજબંધુઓને ઘરબેઠા સમાજ પ્રત્યેનું ઋણ ઉતારવાની ઉચ્ચ ભાવના સાકાર થવામાં સહાયરૂપ બની છે.

સેતુ સમાજ સંદેશના પ્રત્યેક અંકમાં આવવા સન્માનનીય સમાજબંધુ પરિવારના નામો **સંજીવની સંકલ્પધારી પરિવાર** નામક કોલમમાં ગર્વભેર છપાય છે ત્યારે આવા સમાજપ્રેમી પરિવારની પ્રતિષ્ઠા પણ મૂઠી ઊંચેરી અંકાય છે. સમસ્ત સમાજ આવા સંકલ્પધારી પરિવારોને ખૂબજ માન-સન્માનથી જુએ છે, ઓળખે છે, પીછાણે છે.

મિત્રો, આપ પણ આ સમાજઉપયોગી યોજનામાં જોડાઇ, સમાજ ઉત્કર્ષના પાવન-પવિત્ર યજ્ઞમાં યથાશક્તિ-યથા ઇચ્છા સ્વૈચ્છીક સહયોગ આપી, **માત્ર થોડા નાણાના અભાવે સમાજના એ વંચિત, પીડીત, દીન-દુઃખી પરિવારોમાં આશાનું એક નવું કિરણ પહોંચાડવા નિમિત્ત બની શકો છો.** અસ્તુ સમાજ...

**વિનિત : વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી 'સંજીવની')**

**'સાભાર-સ્વિકાર' : ('સંજીવની'માં નોંધાયેલ/મળેલ દાતાશ્રીઓની યાદી...)**

| | |
|---|---|
| ૬૨,૪૦૦ | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કોરબા ઘટકના સમાજપ્રેમીબંધુઓનો લોકફાળો હા. શ્રી સુરેશભાઇ ચૌહાણ - મંત્રીશ્રી મહાસભા વિગતવાર નામો આવતા અંકે...) |
| ૬૦,૦૦૦ | 'સંજીવની સરતાજ' સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પૂના (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૧,૦૦૦ | 'સંજીવની સરતાજ' શ્રી યોગેશભાઇ મગનલાલભાઇ ચાવડા પરિવાર - નાગપુર (પ્રમુખશ્રી મહાસભાશ્રી યોગેશભાઇના સુપુત્ર ચિ. રોનકના શુભ લગ્નોત્સવ નિમિત્તે ખુશાલી ભેટ) |
| ૨૧,૦૦૦ | સ્વ. શ્રી બાબુલાલભાઇ પ્રેમજીભાઇ વાઘેલા - દુર્ગ ની પુણ્ય સ્મૃતિ અર્થે હા. માતૃશ્રી કુસુમબેન શ્રી એવં શ્રીમતી દક્ષાબેન વિનસભાઇ કાજલબેન મિનેશભાઇ, વિનલબેન રોહિતભાઇ એવં શ્રીમતી કિર્તિબેન મનિષભાઇ પરમાર - રાયપુર |
| ૧૫,૦૦૦ | 'સંજીવની સરતાજ' શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ - સુરત (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૧૨,૦૦૦ | શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર પરિવાર - શહડોલ (મ.પ્ર.) (પ્રમુખશ્રી મહાકૌશલ પ્રાદેશિક સમિતિ) |

| | |
|---|---|
| ૧૨,૦૦૦ | શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ ટાંક (મોરબી) (સોલાર સપ્લાયર્સ) પ્રતિમાસ રૂા. ૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી |
| ૧૧,૦૦૦ | 'સંજીવની સરતાજ' સ્વ. રણજીતભાઇ હરજીભાઇ પરમાર પરિવાર - બાલાઘાટના સુપુત્ર શ્રી જીતેન્દ્રભાઇની સુપુત્રી ચિ. કાજલના લગ્નોત્સવ નિમિત્તે ખુશાલી ભેંટ |
| ૫,૦૦૦ | શ્રી એવં શ્રીમતી નિર્મળાબેન વ્રજલાલભાઇ પરમાર - ભુજ અને પુત્રવધુ શ્રીમતી હસ્મિતાબેન (ડૉ.) દેવેન્દ્રભાઇ પરમાર (એમ.ડી. સ્કીન) પ્રમુખશ્રી ભુજ ઘટકના જન્મદિન ખુશાલી ભેટ |
| ૫,૦૦૦ | 'સંજીવની સરતાજ' બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર ઉપપ્રમુખશ્રી મહાસભા, ''જીવતે જગતીયું'' ઉત્સવ પ્રસંગે સપ્રેમ ભેટ) |
| ૫,૦૦૦ | સ્વ. નિર્મળાબેન લીલાધરભાઇ નથુભાઇ ટાંક (ખંભરા) - અંજારની પુણ્યસ્મૃતિ ભેંટ હ. શ્રી લીલાધરભાઇ ટાંક |
| ૨,૦૦૦ | શ્રી નિતિનભાઇ માધવજીભાઇ વરૂ - રાઉરકેલા (ચેરમેન - પૂર્વ ઝોન 'સંજીવની', જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧,૧૦૦ | શ્રી ઉદયભાઇ અરૂણભાઇ વરૂ - રાયપુર (પ્રમુખશ્રી સેવા સમિતિ-રાયપુર) |
| ૧,૧૦૦ | શ્રી એવં શ્રીમતી રોશની પાર્થકુમાર જશવંતભાઇ ચાવડા - ચંદિયા (લગ્નોત્સવ વર્ષગાંઠ શુભેચ્છા ભેટ) |
| ૧,૦૦૦ | શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા (પૂર્વ ઉપપ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ) |
| ૧,૦૦૦ | માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલભાઇ જેઠવા - કલ્યાણ |
| ૧,૦૦૦ | શ્રી નરોતમભાઇ વાઘજીભાઇ જેઠવા - અમદાવાદ (જન્મદિન ખુશાલી ભેટ) |
| ૧,૦૦૦ | સ્વ.ચંદુલાલભાઇ શામજીભાઇ ચૌહાણ - જન્મદિન ખુશાલી ભેટ, હ. હર્ષાબેન ચંદુલાલ |
| ૧,૦૦૦ | શ્રી પથિક નિતિનભાઇ ટાંક (?) |
| ૫૦૦ | શ્રી રાકેશભાઇ વનરાજભાઇ ટાંક - સિનુગ્રા (સહમંત્રીશ્રી કચ્છ પ્રા. સમિતિ) સુપુત્ર ચિ. કિશનની સગાઇ પ્રસંગે શુભેચ્છા ભેટ) |

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન
શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર
'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર
(પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા)

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર
સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર - આદીપુર
શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા
(પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ
શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર - કુકમા
શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર - રાયપુર
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - સાઉદીઅરેબીયા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક - આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક - મોરબી

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇહ નિલેશભાઇહ રાઠોડ - હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૪

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... બોર્ડ તથા અન્ય પરીક્ષાઓ આપીને વેકેશનની મોજ માણતા વિદ્યાર્થી મિત્રોને તેઓ સારા ગુણથી પાસ થાય તેવી હાર્દિક શુભેચ્છા... બોર્ડની પરીક્ષા આપનાર છાત્રોએ પોતાને ક્યા ક્ષેત્રમાં જવું છે તેની માનસિક તૈયારી કરી લીધી હશે. તમે કોઇપણ અભ્યાસમાં આગળ વધીને કારકિર્દી બનાવવાની ઇચ્છા રાખો પણ મહેનત સિવાય કશું મળતું નથી. સારા ટકા મેળવીએ તો મેરીટ ઉપર આપણા પસંદગીના અભ્યાસક્રમમાં એડમીશન મળી શકે છે અન્યથા લાખો રૂપિયા ખર્ચીને એડમિશન લેવું પડે છે. મોટા ખર્ચની વાત હોય એટલે વાલીઓને મુંઝવણ થાય... નાણાંની વ્યવસ્થાનું ભારણ આવે. સમાજ અને સેવાભાવી ટ્રસ્ટો આખું ફુલ ન આપી શકે પણ ફુલની પાંખડી રૂપી મદદ કરી શકે. જો કે, આવકના સ્ત્રોત નિયમિત હોય તો હવે બેન્ક પણ એજ્યુકેશન લોન આપે છે. આ બધા દબાણોમાંથી મુક્તિ મેળવવાનો એકજ ઉપાય છે, અને તે છે સખત મહેનત...

'અભિલાષા' સમિતિને શિક્ષણ સહાયની અરજીઓ મળે છે તેમાં વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસમાં થનાર ખર્ચની વિગત જાણીને ખરેખર ચોંકી જવાય છે ! આજે વ્યવસાય બની ગયેલી શિક્ષણ વ્યવસ્થા ખુબજ મોંઘી બની ગઇ છે. જો કે સામે અભ્યાસક્રમોની વિવિધતામાં તકો પણ વધી છે. ઘણા બધા છાત્રો આ બધી વૈતરણીમાંથી પસાર થઇને જીવનમાં સ્થાયી પણ બન્યા છે. આવા અને ખાસ કરીને **સમાજનું ઋણ લીધેલું હોય તેવા છાત્રોને ખાસ અપીલ છે કે તમે સમાજને કાંઇક પરત આપવાનો નિષ્ઠા ભરેલો પ્રયાસ કરો જેથી અન્ય નબળા છાત્રોનો સમાજ હાથ પકડી શકે.** આ એક સમાજ પ્રત્યેની નૈતિક ફરજ ઉપરાંત પુણ્યનું કામ પણ છે.

ખેર, આ સમિતિ દ્વારા આપવામાં આવતી શિક્ષણ સહાય માટેના સાચા આભારી સમિતિના માનનીય દાતાશ્રીઓ છે. તેમાં પણ **સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી તરફથી પ્રતિમાસ અને અન્ય પ્રસંગોએ મળતું દાન શિરમોર છે. માસ એપ્રિલના અનુદાન પેટે તેઓશ્રી તરફથી રૂા. ૫૦૦૦/– પ્રાપ્ત થયેલ છે.** ખુબ ખુબ આભાર... જય સિયારામ...

**<u>અભિલાષા સમિતિના માસિક દાનદાતાશ્રીઓ</u>**

| | | |
|---|---|---|
| સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી | માધાપર | પ્રતિમાસ રૂા. ૫૦૦૦/- |
| શ્રીમતી મિતાબેન અશોકભાઇ રાઠોડ | લાતુર | પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- |
| શ્રી ભગવાનલાલ રછોડભાઇ ટાંક | નડિયાદ | પ્રતિમાસ રૂા. ૧૦૦૦/- |
| શ્રી હેમંતભાઇ નરભેરામભાઇ ચાવડા | રાયગઢ | પ્રતિમાસ રૂા. ૫૦૦/- |
| શ્રી વલમજીભાઇ પ્રેમજીભાઇ વાઘેલા | આદીપુર | પ્રતિમાસ રૂા. ૫૦૦/- |

તમામ દાતાશ્રીઓનો સમિતિ વતી ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ






**પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ** **સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ**

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com


## ''મામા મહિનો''

આ અંક આપના હાથમાં આવશે ત્યારે મામા મહિનો ચાલતો હશે... ખરું ને, હા મામા મહિનો એટલે વેકેશનનો મહિનો.... એપ્રિલ માસમાં દરેક વિદ્યાર્થીઓને પરીક્ષા પૂરી થવાથી વિદ્યાર્થીઓ કરતા વાલીઓ વધુ હાશકારો અનુભવતા હોય છે. તે પરીક્ષા પોતાના બાળકની એલકેજીની હોય કે દસમા-બારમાની હોય, વાલી પોતે જાણે રેસની દોડમાં હોય તે રીતે પોતાના બાળકને દોડાવતા હોય છે.

મિત્રો, ખાસ આ વેકેશનના પિરિયડનો આપણે સૌ વાલીઓએ ખૂબ જ હકારાત્મક ઉપયોગ કરવાનો છે. વર્ષ દરમિયાન બાળક તેની રોજનીશી માં અટવાયેલો હોય છે. સ્કૂલ, ટ્યુશન, હોમવર્ક, પ્રોજેક્ટસ વગેરેમાં ગુથાયેલો હોય છે. આ વેકેશનમાં તમે તમારા બાળક સાથે સમય ગુજારો, તેને શું ગમે છે??.. તેની રુચિ શું છે?.. તેને કઈ રમત ગમે છે?.. તેની સાથે તેની મનગમતી રમત રમો, તેના મિત્ર બનો. બાળક સાથે તેના મિત્ર બનીને રહેશો તો જો બાળક આપને તેની બધી સિક્રેટ વાતો શેર કરશે પણ જો માં બાપ બનીને હુકમ ચલાવશો તો તે ક્યારેય તમારી સાથે ખુલીને વાત નહીં કરે. આથી આ વેકેશનમાં આપના બાળક સાથે આપ પણ બાળક બની જાવ અને પછી જુઓ શું ફરક દેખાય છે ???... તેની ખામીઓ ખુબીઓ તેના વિચારો, તેના મિત્ર મંડળ વગેરે જાણો અને પીછાડો... હા આ બધું જાણ્યા સમજ્યા પછી તેને જ્ઞાન દેવા બેસી જવાનું નથી કે તારે આમ ન કરાય... આમ કરાય... આની સાથે દોસ્તી રખાય.. આની સાથે નહીં ..આમ કરવાથી બાળકના કુમડા માનસ પર આવડી અસર પડે છે. હાલમાં આપણું બાળક આપણા કરતાં વધુ એડવાન્સ અને હોશિયાર છે. સોશિયલ મીડિયા, મોબાઈલ અને ઇન્ટરનેટ દુનિયામાં તે આપણા કરતાં તેની સાથે વધુ રહે છે, માટે તેને કોઈપણ વાત મા બાપ બનીને હુકમ કરીને કહેવા કરતા તેને લોજિકલી સમજાવો. હાલના બાળકો ખૂબ જ હોશિયાર છે તેને લાગણીથી નહીં પણ તર્કસંગતતાથી આપની વાત સમજાવો. આમ ન કરવું, તેમ કહેવાને બદલે આમ કરવાથી કેટલું નુકસાન થાય છે તે સમજાવું, માટે તેમ ન કરવું જોઈએ તેવી રજૂઆત કરવી જોઈએ અને આ વાતનું વારંવાર પુનરાવર્તન કરવાથી બાળકને સમજમાં આવી જશે કે મારા મા બાપ જે કંઈ કહે છે તેની પાછળ કોઈ પરફેક્ટ લોજીક હોય છે માટે ફરીથી કહું છું કે બાળક ગમે તેટલું નાનું હોય કે મોટું પણ તેમાં પણ ખાસ ટીનએજ ના બાળકો સાથે મિત્ર બનીને રહો નહીં કે મા બાપ... સ્કૂલ કોલેજ કે કોઈપણ વાત હોય તે તમારી સાથે શેર કરી શકે તેવી મિત્રતા કેળવો તેની વાત ખોટી હોય તો પણ તુરંત તેને રોકશો નહીં પણ પછી પાછળથી ઉપર કહ્યું તે પ્રમાણે લોજિકલી સમજાવો. જો તુરંત શિખામણ આપશો તો તો તેને ખોટું લાગશે અને બીજી વાર તમારી સાથે ખુલીને વાત નહીં કરે. આજકાલના મા બાપની ફરિયાદ હોય છે કે બાળક અમારું સાંભળતા જ નથી અને પોતાનું ધાર્યું કરે છે. આ વાત કરનાર મા બાપને પોતાની તરફ જોવાનું કહું છું કે તેઓ શું કરે છે??.. કુટુંબમાં વડીલ હોવાથી ઘરમાં હંમેશા પોતાની વાત મનાય તેવો આગ્રહ રાખે છે ને??.. પોતે કહે તેમ જ ઘરમાં થવું જોઈએ તેવો આગ્રહ હોય છે... તો મિત્રો તમારો બાળક પણ તમારા નક્ષે કદમ પર ચાલશે ને... તમે પણ તમારા ઘરમાં તમારી વાત જેટલી સરળતાથી સહજતાથી કરશો એટલી જ સરળતાથી આપનું બાળક આપની સાથે વાત કરશે. બધા મા-બાપ એવું ઈચ્છે છે કે પોતાનું બાળક આદર્શ હોવો જોઈએ, નંબર વન હોવું જોઈએ દરેક ક્ષેત્રમાં.... ભણવામાં, બોલવામાં તથા દરેક ઈતર પ્રવૃત્તિમાં... પણ કોઈ મા બાપ પોતે આદર્શ બનવા માટે તૈયાર થતા નથી... મારું દ્રઢ પણે માનું છે કે જેમ બાળકને ભણવા માટે ઇતર પ્રવૃત્તિ માટે ક્લાસીસમાં જાય છે તેવી રીતે મા-બાપને પણ પોતાના બાળકને પરફેક્ટ કેમ બનાવવું ? તેના ક્લાસમાં જવું જોઈએ અને પોતાને શું ફેરફાર કરવો જોઈએ તે શીખવું જોઈએ આપણા સમાજની સૌથી મોટી સમસ્યા છે કે બાળકો માટે સ્કૂલ, કોલેજ ક્લાસ બધું જ છે, તેના સિલેબસ પણ છે, પણ મા બાપ માટે કશું જ નહીં. ટ્રાયલ અને એરર મેથડ... આમ કરો તો બાળક માને તો ઓકે નહી તો પછી બીજી પદ્ધતિ..નહીં તો પછી....હાલની પરિસ્થિતિમાં બાળકો સાથે હા વાલીઓએ પણ How to deal with children વિશે શીખવું પડશે અને તે માટે વાલીઓએ લર્નિંગ લેવા માટે જરા પણ નાનપ અનુભવા જેવું નથી. તો મિત્ર આ મામા મહિનાનો ઉપયોગ આપણા બાળકો સાથે બાળક બનીને ગુજારીશું તો મને પૂરો વિશ્વાસ છે કે આપણે આપણા બાળકને વધુ સારી રીતે ઓળખતા થશું અને તેમની સાથે આત્મીતા વધશે અને બીજું કે બાળક હેડ ઓફ ધ ફેમિલીના નાતે આપણી વાત માનવી પડે છે એટલે માનશે નહીં પણ એ ખરેખર આપણને દિલથી માનશે. આ વેકેશનનો સદુપયોગ કરો તેની સાથે બાળક બનીને ફરવા જાઓ, આનંદ કરો, રમો અને પછી જુઓ તમારા બાળકની પ્રગતિ, ઉત્સાહ અને કોન્ફિડન્સ માં કેટલો વધારો થાય છે.... એક મા-બાપ તરીકે તમારી પણ આજ ઈચ્છા છે ને... તો ચાલો મિત્રો કેટલા વાલીઓ ઉપરોક્ત બાબતોનો અમલ કરે છે અને પછી શું પરિણામ મળ્યું તે મને જણાવશો. આ અંગે આપને કોઈ પણ માહિતી, મદદ અને માર્ગદર્શન જોઈએ તો અમે આપના એકમાત્ર ફોન કોલ થી દૂર છીએ. મિત્રો, છેલ્લે બાળકો પ્રત્યે આપણી અપેક્ષા હોય તે સ્વાભાવિક છે પણ બાળકની આપણા તરફથી શું અપેક્ષા છે તે ક્યારેય આપણે જાણવાની કોશિશ કરી છે?? ફક્ત સારા કપડા ,સારી સ્કૂલ, ભૌતિક સુખ આપવાથી આદર્શ મા-બાપ નથી બની જવાતું... આ માટે આપણે સૌએ આત્મચિંતન કરવું જરૂરી છે. **કોઈપણ અપેક્ષા આપણે રાખી તે પહેલા તે માટે આપણે તે માટે આપણી પાત્રતા કેળવી જોઈએ** તે પાત્રતા મેળવવા માટે પ્રથમ આપણે પ્રયત્ન કરવો જોઈએ ત્યાર બાદ જ આપણે બીજા પાસેથી અપેક્ષા રાખવી જોઈએ.



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ** **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઇ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ.... શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સમાજની બહેનોના આર્થિક વિકાસ માટે આત્મનિર્ભર એ બહેનોના સ્વાવલંબનના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૮મો પ્રોજેક્ટ તા. ૧૮ માર્ચ-૨૦૨૩ના રોજ **ગુજરાત પ્રાદેશિકના અમદાવાદ ઘટકથી શ્રીમતી છાયાબેન વાઢેર** દ્વારા લેવામાં આવેલ.



**શ્રીમતી છાયાબેન હરીશભાઇ વાઢેર એ સુરેન્દ્રનગર વાસી હાલમાં અમદાવાદ રહેતા શ્રીમતી ભગીરથીબેન દલપતરામભાઇ વાઢેર (સિનુગ્રા)ના પુત્રવધુ તથા ઔરંગાબાદના શ્રીમતી તારાબેન ધીરૂભાઇ વરૂના સુપુત્રી છે.** તેઓએ બી.કોમ. કરેલ છે.

જીવનમાં દરેકને કંઇકને કંઇક શીખવાની રૂચી હોય છે. છાયાબેનને પણ કંઇક નવું જોવે તો બનાવવું અને એ વસ્તુ કેવી રીતે સહેલાઇથી અને જલ્દી બની શકે એવી એમની કોશીષ રહે છે. તેઓએ પહેલા બેકીંગ અને કુકીંગ ક્લાસીસ ચલાવેલ છે. પણ સુરેન્દ્રનગર નાનું સેન્ટર હોવાના કારણે કુકીંગ ક્લાસીસ બંધ કરી ૨૦ વર્ષ ટ્યુશન ક્લાસીસ લીધા.

હાલમાં અમદાવાદ શહેરમાં શિફ્ટ થયા બાદ છાયાબેન ઓર્ડર ઉપર બંગાલી સ્વીટ્સ ચાલુ કરેલ છે. કુકીંગ એ એમની પહેલી પ્રાયોરીટી હતી અને શ્રીમતી મીતાબેન દ્વારા આ તક મળી. તેઓ કહે છે કે સમાજમાં ઘણા લોકો કદાચ આ "Learn & Earn" પ્રોજેક્ટની જરૂર જ પણ હોય, પણ જે બહેનોમાં સૌથી વધારે કાંઇક નવું શીખવાની-જાણવાની તાલાવેલી હોય, ઇચ્છા હોય એવા લોકો આ પ્રકારના દરેક પ્રોજેક્ટમાં ખુબજ રૂચી રાખે કારણ કે જુદા જુદા પ્રકારના આવા પ્રોજેક્ટસ તમારી ક્રીએટીવીટીને જીવીત રાખે છે અને આ જોવાથી પણ આપણામાં અનેક પ્રકારના આઇડીયા આવે જે નવીનતમ કાંઇક કરવાની પ્રેરણા આપે. જેટલું શીખશું એ જરૂર ઉપયોગી થશે જ.




શ્રીમતી છાયાબેને આ બંગાલી મીઠાઇના ખુબજ સુપર-ડુપર સકસેસ વર્કશોપમાં સર્વપ્રથમ રસગુલ્લા બનાવતા શિખવાડ્યા જે બંગાલી મીઠાઇનો બેઝ છે. એકદમ સોફ્ટ અને સ્પોજી, પરફેક્ટ બધાયનો ફેવરીટ રસગુલ્લા ત્યાર બાદ રસમલાઇ, અંગુરી મલાઇ, મલાઇચોપ, સંદેશ, ભાપ સંદેશ, મીષ્ટી દોહી, આ બધી જ બધાયની મનભાવન મીઠાઇઓ ખુબજ સરલ મેથડથી સ્પેશીયલ ટેકનિક સાથે ઘણી બધી ઉપયોગી મહત્વપૂર્ણ ટીપ્સ અને ટ્રીક્સ સાથે શિખવાડી હતી.

છાયબેનની બંગાળી મીઠાઇ શીખવાડવાની આવી સરલ ટેકનિકના કારણે આજે ઘેર-ઘેર શુદ્ધ અને ફ્રેશ બંગાલી મીઠાઇ બનાવી શકાશે અને થોડી પ્રેક્ટીસ કર્યા બાદ જરૂરથી ઓર્ડર



પ્રમાણે મીઠાઇઓ બનાવીને આપી શકાય. નાનું-મોટું બિઝનેસ સ્ટાર્ટ કરી શકાય. આજે તો ઘરમાં બનેલી શુદ્ધ મીઠાઇઓની વારે-તહેવારે-પ્રસંગે ખુબજ ડીમાન્ડ છે. તો આપણે ઓર્ડર્સ કેવી રીતે લેવા, મીઠાઇઓ કેવી રીતે પેક કરવી, સેલ કરવી એનું ખુબજ સરસ માર્ગદર્શન આપ્યું. આજના સમયમાં પ્રોફેશનલ લોકો ક્લાસીસની આટલી બધી ફીસ લઇને પણ સિક્રેટ્સ છુપાવતા હોય... ના બતાડે... અને આપણા સમાજની આ સર્વે ટેલેન્ટેડ બહેનો જેઓ પોતપોતાના ફિલ્ડમાં એક્સપર્ટસ છે, નિષ્ણાંત છે તેઓ દીલ ખોલીને ઉદારતાથી, સમાજ સેવાની ભાવનાથી સમાજની બહેનોને "Learn & Earn" પ્રોજેક્ટ અંતર્ગત ઝીણીથી ઝીણી બધી જ મહત્વપૂર્ણ ઉપયોગી ટીપ્સ અને ટ્રીક્સ સાથે બધા જ સિક્રેટ્સ શેયર કરે છે... બતાડે છે.... શિખાડે છે.... ધન્ય છે સર્વે બહેનોની સમાજ ભાવનાને વંદન છે... નમન છે....

શ્રીમતી છાયાબેન ખુબજ ખુશીની સાથે મહાસભાના મંચથી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરનો આ પ્રોજેક્ટ લેવાની સુવર્ણ તક આપી તે માટે હ્રદયથી મહિલા ઉત્કર્ષ સમિતિનો આભાર વ્યક્ત કરે છે. તેઓ કહે છે કે આદરણીય મીતાબેન માટે જેટલું લખીએ તે ઓછું જ છે. મીતાબેન પોતાનો અમુલ્ય સમય કાઢીને, આપણા સમાજની બહેનો-દીકરીઓ કાંઇકને કાંઇક નવું-નવું શિખીને પોતાના પગભર થાય... આત્મનિર્ભર બની સ્વાવલંબી બને તે માટે સતત પ્રયાસરત રહે છે. આ નેક કાર્ય મેં જાતે અનુભવ્યું છે. મને આ પ્રોજેક્ટ લેવા માટે તેઓએ મને



ખુબજ સાથ-સહકાર, હિંમત અને ટાઇમ પણ આપ્યો. મીતાબેનના અથક પ્રયાસથી હું મારો આ બંગાલી મીઠાઇનો "Learn & Earn" પ્રોજેક્ટ આત્મવિશ્વાસથી સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. ખુબ ખુબ આભારી છું મીતાબેન અને તેમની ટીમની.

મહિલા ઉત્કર્ષ સમિતિ છાયાબેન જેવા ગુણવાન, નીતિવાન, પ્રેમાળ, લાગણીશીલ, વિવિધલક્ષી કલામાં પારંગત, કર્મઠ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હ્રદયથી સૅલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના જીવનપથ પર સદૈવ પ્રગતીશીલ રહે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે.... અસ્તુ... જય સમાજ....

અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર



# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



ચૌહાણ પરિવાર - રેહાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે તા. ૨૯-૩-૨૩, બુધવારના રોજ ચૈત્રી અષ્ટમી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. વહેલી સવારે સ્થાપન અને પૂજન બાદ માતાજીના ભુવા શ્રી અમરશીભાઇ ભીમજી ચૌહાણ દંપતિ સાથે પાંચ યુગલોએ હવનવિધી કરાવેલ હતી. હવન બાદ મહાઆરતી અને રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ માતાજીને નૈવેધ ધરાવી સૌ ગોઠી પરિવારોએ મહાપ્રસાદ ગ્રહણ કરેલ હતો.

સત્કાર સમારોહમાં મહાપ્રસાદના દાતાશ્રી સ્વ. વિશ્રામભાઇ રૂડાભાઇ ચૌહાણ પરિવાર - રેહા હસ્તે તેમના પૌત્રો શ્રી નરેન્દ્રભાઇ રવજીભાઇ ચૌહાણ તથા શ્રી રીતેશભાઇ શાંતિલાલ ચૌહાણ, મહાઆરતીના દાતાશ્રી જીતેશભાઇ દામજીભાઇ ચૌહાણ તથા જાયન્ટસ ગ્રુપ ઓફ ભુજના પ્રમુખ પદે વરાયેલા ચૌહાણ પરિવારના મંત્રી શ્રી વિનોદભાઇ ચૌહાણનું પરિવારના પ્રમુખ શ્રી મોહનભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, અગ્રણીઓશ્રી સોમનભાઇ ચૌહાણ, શ્રી નાનાલાલભાઇ ચૌહાણ, શ્રી કપિલભાઇ ચૌહાણ, શ્રી ત્રંબકભાઇ ચૌહાણ, શ્રી દિપકભાઇ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. હવનવિધી માધાપર નિવાસી આચાર્ય શ્રી જનકભાઇ દવેએ કરાવેલ હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશભાઇ આર. ચૌહાણે કરેલ હતું. સર્વ શ્રી ભુપતભાઇ ચૌહાણ, દિલીપભાઇ ચૌહાણ, દિનેશભાઇ ચૌહાણ, મિતેશભાઇ ચૌહાણ, સુનિલભાઇ ચૌહાણ તથા હરીશભાઇ ચૌહાણ (દિવ્યમ સ્ટુડીયો)એ વ્યવસ્થા સંભાળી હતી.

## સેતુ સમાજ સંદેશ

**અગત્યની સુચના**

સર્વે સમજબંધુઓને જણાવવામાં આવે છે કે આપના સમાજને લગતી દરેક માહિતી આપણે એક માત્ર એન્ડ્રોઇડ એપલીકેશન kgkone દ્વારા મેડવી સકસુ જેથી આપણે સેતુ સમાજ સંદેશ ની વેબસાઇટ www.setusamajsandesh.org તેમજ એન્ડ્રોઇડ એપલીકેશન આવતા મહિના થી બંધ થઈ જસે અને kgkone એપલીકેશન પર સેતુ સમાજ સંદેશની pdf ફાઇલ તેમજ jpg ફાઇલ મેડવી સકસો જેથી આ એન્ડ્રોઇડ એપલીકેશન દરેક સમાજબંધુ ના મોબાઇલ પર હોવી જરૂરી છે જય સમાજ

**- તંત્રીશ્રી**

# ચૌહાણ પરિવાર - કુંભારીયા દ્વારા મહાસુદ-૯ અને ચૈત્ર સુદ નોમના માતાજીના સ્થાનકે હવન-પ્રસાદ-કરનો કાર્યક્રમ યોજાયો




સર્વે ગોઠીભાઇઓને જણાવવાનું કે, આપણે મહાસુદ નોમ, આસો સુદ નોમ એમ દર વર્ષે બે હવન કરતા પણ ગત વર્ષે માતાજીના આશીર્વાદથી આપણે આ વર્ષે ચૈત્ર સુદ નોમના દિવસે પણ હવન કરવાનું નક્કી કરેલ. એમ વર્ષમાં હવે ૩ વખણ હવન થાય છે. આમ આ વર્ષે આપણે ચૈત્ર સુદ નોમ તા. ૩૦-૩-૨૦૨૩ના રોજ ધામધૂમથી ઉજવેલ.

મહાસુદ નોમ તા. ૩૦-૧-૨૩ અને ચૈત્ર સુદ નોમ ૩૦-૩-૨૩ની તૈયારી રૂપે કુંભારીયા ગામની આજુબાજુ રહેતા સેવાભાવી ગોઠી ભાઇઓએ માતાજીના સ્થાનકે જઇ માતાજીના સ્થાનક પર દર વર્ષની જેમ આ વર્ષે પણ સાથે મળી સાફ-સફાઇ અને લાઇટીંગ ડેકોરેશન કાર્ય કરેલ. ત્યાર બાદ ભોજન લઇ છુટા પડેલ.

મહાસુદ નોમના રોજ શ્રી ભાવિકભાઇ મહેન્દ્રભાઇ ચૌહાણ - હૈદ્રાબાદના પરિવાર દ્વારા હોમ-હવન, નૈવેદની પ્રસાદી ધરાવેલ તેમજ ચૈત્ર સુદ નોમના રોજ શ્રી દિપેશભાઇ શિવરામભાઇ ચૌહાણ - કોરબા અને શ્રી ગોપાલજીભાઇ કેશવજીભાઇ ચૌહાણ - રાંચી પરિવાર દ્વારા હોમ-હવન અને નૈવેદની પ્રસાદી ધરાવેલ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સવારે આઠ વાગે મહારાજ તેમજ યજમાન પરિવારો સ્થાનકે પહોંચી આવ્યા અને હવનની શરૂઆત કરેલ. હવનનું નારીયેલ બપોરે ૧૨.૩૦ વાગે સમયસર હોમવામાં આવેલ. ત્યાર બાદ માતાજી સમક્ષ નૈવેદની પ્રસાદી ધરાવેલ અને પ્રસાદી સ્વરૂપે આવતા નારીયળને વધારેલ. ત્યાર બાદ બ્રાહ્મણોને ભોજન કરાવી અને યથા યોગ્ય દક્ષીણા આપી આશીર્વાદ લીધેલ. દર વર્ષની જેમ આ વર્ષે પણ પચાસથી વધુ ગોઠી ભાઇઓએ હવન તેમજ સમુહ મહાપ્રસાદનો લાભ લીધેલ. માતાજીના આશીર્વાદથી આ બંને હવનમાં બહાર ગામથી પણ માતાજીના ગોઠીભાઇઓ પધારેલને માતાજીના કાર્યમાં સાથ-સહકાર આપેલ.

આમ તો અવાર-નવાર કર થતાં જ હોય છે તે જ રીતે આ વખતે હવનની સાથે દિપેશભાઇ શિવરામભાઇ ચૌહાણ - કોરબા એ પોતાના પુત્ર ચિ. દર્શના કર કરેલ હતા. આમ આ વર્ષે આપણે મહા સુદ નોમ અને ચૈત્ર સુદ નોમ ધામધૂમથી ઉજવેલ અને સૌ ગોઠી ભાઇઓ પર માતાજીના આશીર્વાદ વરસતા રહે તેવી માતાજી સમક્ષ પ્રાર્થના કરેલ. માતાજીના આશીર્વાદથી તા. ૨૩-૧૦-૨૦૨૩ના રોજ આસો સુદ નોમ હવનનું સૌ સાથે મળીને કાર્ય કરશે. બહાર ગામ રહેતા સૌ ગોઠી ભાઇઓને નમ્ર વિનંતી કે તમે સૌ મહા મહિનામાં માતાજીના હવનમાં અને મહાપ્રસાદમાં પધારો અને હવનના યજમાન, મહાપ્રસાદના દાતાશ્રી તેમજ સ્થાનકમાં થતાં કાર્યોમાં સહભાગી બનો તેવી શ્રી બ્રહ્માણી માતાજીને પ્રાર્થના.

નાસિકરોડ સ્થિત બિટકો ટ્રસ્ટ દ્વારા કુંભારીયા નિવાસી ચૌહાણ પરિવારના શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરનો જીર્ણોદ્ધાર્ કરવામાં આવ્યો. તે સમયે પૂરા કચ્છનું સૌથી અધ્યતન માતાજીના મંદિરમાં તેની ગણના થાય છે. બિટકો ટ્રસ્ટ દ્વારા મંદિરના દેખરેખ તથા નિભાવનો ખર્ચ નિયમીત રીતે ગોઠી ભાઇના સહકારથી કરવામાં આવે છે. કોરોના જેવા કપરા સમયમાં પણ બિટકો દ્વારા પોતાના માતાજી પ્રત્યેની શ્રદ્ધા જાળવી રાખી હતી અને તમામ સેવાના કાર્યો નિયમીત રીતે કર્યા હતા. હવનમાં બેસવા તેમજ કર કરવા માટે શ્રી જીતેન્દ્રભાઇ ચૌહાણ - મો. ૯૯૨૪૯૩૨૫૦૩, શ્રી ચંદ્રેશભાઇ ચૌહાણ - મો. ૯૪૨૭૪૪૩૨૧૬ નો સંપર્ક કરવો. તેમજ માતાજીના કાર્યની માહિતિ મેળવવા માટે વોટ્સએપ ગ્રુપ બનાવેલ છે. તેમાં દરેક ઘરના એક સદસ્ય જરૂરથી જોડાય તેમાં જોડાવવા માટે શ્રી હિતેશભાઇ ભોગીલાલભાઇ ચૌહાણ - મો. ૯૯૦૯૦૬૯૦૫૭ નો સંપર્ક કરવો.



# સ્વ. રણજીતભાઇ હરજીભાઇ પરમાર - પૂર્વપ્રમુખશ્રી, મહાસભાને તેમની સામાજીક યાત્રાના સાથીઓની શ્રદ્ધાંજલિ...

**સંકલન : વિનોદ ચૌહાણ – ભુજ**

સ્વ. રણજીતભાઇ પરમારના અવસાનનું મને ખુબજ દુઃખ છે. લાંબા સમય સુધી સમાજને સેવા આપવાની સાથે તેમની રચનાત્મક યોજનાઓ અને કાર્યો હંમેશા આપણને યાદ રહેશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

**– પ્રફુલચંદ્ર કે. ટાંક (અમદાવાદ)**

સ્વ. રણજીતભાઇ પરમારની ચિર વિદાયથી આપણા સમાજે એક પરિણામલક્ષી અને વિચક્ષણ વડીલ ગુમાવ્યા છે. તેમના સ્વર્ગવાસ બદલ દુઃખ અનુભવવાની સાથે શ્રદ્ધાંજલી આપું છું.

**– ભુપેન્દ્રભાઇ પરમાર (રાઉરકેલા)**

સ્વ. રણજીતભાઇ પરમારના હૈયામાં હંમેશા સમાજહિતનું ચિંતન જ રહેતું. તેમની વિદાયથી આપણે એક માયાળુ વડીલની છત્રછાયા ગુમાવી છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે.

**– પરેશભાઇ ચૌહાણ (ધનબાદ)**

સ્વ. રણજીતભાઇ ઉંમરમાં મારાથી ઘણા નાના હતા પણ અમારો સંબંધ ખુબજ ઘનીષ્ટ હતો. તેઓ એક ઉત્સાહથી ભરપૂર વ્યક્તિત્વ હતા. ભગવાન તેમના પવિત્ર આત્માને શાંતિ આપે.

**– હિમ્મતલાલ રાઠોડ (ગોંદિયા)**

સ્વ. રણજીતભાઇ પરમારની સાથે મને સમાજ સેવા કરવાનો મોકો મળ્યો તે મારૂં સદ્‌ભાગ્ય છે. આપણા સમાજને તેમણે આપેલ તન-મન-ધનથી સેવા સદા તેમનું સ્મરણ કરાવશે. ઓમ શાંતિ...

**– મીનાબેન ચૌહાણ (કલ્યાણ/અંજાર)**

સ્વ. રણજીતભાઇ પરમાર સામાજીક ઉત્કર્ષના વિચારોથી ભરપૂર વ્યક્તિત્વ હતા. સમાજના મહિલા વર્ગને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવામાં તેમનો સિંહફાળો હતો. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**– સવિતાબેન ચૌહાણ (ગાંધીધામ)**

સ્વ. રણજીતબાપાના અવસાન બદલ હું ખુબજ ઉંડા દુઃખની લાગણી અનુભવું છું. આ ઉંમરે પણ તેમની સેવા પ્રત્યેની ધગશ કોઇપણ યુવાનને શરમાવે તેવી હતી. તેમનું વ્યક્તિત્વ અનોખું હતું. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**– જયસિંહ પરમાર (ભુજ)**

સ્વ. રણજીતભાઇ સાથે અમારો આત્મિય સંબંધ હતો. કચ્છ આવે ત્યારે અચૂક મળતા. ગમે તેવી સ્થિતિમાં પણ તેમણે સમાજસેવાનો યજ્ઞ ચાલુ રાખ્યો. આવા વ્યક્તિત્વની ખોટ હંમેશા રહેશે. શ્રી રાજશ્યામજી તેમના આત્માને શાંતિ આપે.

**– રસિલાબેન તથા નાનાલાલ સોલંકી (અંજાર)**

સમાજરત્ન સ્વ. હિરજીબાપાના સમયથી જીવનના અંતિમ પડાવ સુધી સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત સ્વ. રણજીતભાઇ પરમારના અવસાન બદલ હું ઊંડા શોકની લાગણી અનુભવું છું. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે.

**– ભુપેન્દ્રભાઇ સાવરીયા (ધનબાદ)**

સ્વ. રણજીતભાઇ પરમારના દુઃખદ અવસાન બદલ અમો ઉંડા શોકની લાગણી પ્રગટ કરીએ છીએ. તેમના વિચારો સમાજને સદા પ્રેરિત કરતા રહ્યા. તેમના સેવાકાર્યો હંમેશા આપણા હૈયામાં અંકિત રહેશે. ઓમ શાંતિ...

**– જમુનાબેન તથા દામજીભાઇ વરૂ (વડોદરા)**

સ્વ. રણજીતબાપા મારા માટે આદરણીય હતા. પોતે નિર્ધારિલ કામ પ્રત્યેની નિષ્ઠા વંદનિય હતી. તેમના અવસાન બદલ દુઃખની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલી આપું છું.

**– હસમુખરાય ટાંક (સુરેન્દ્રનગર)**

સ્વ. રણજીતભાઇ પરમાર વિવિધ સમાજ સેવાઓ સાથે શિક્ષણ, તબીબી અને સ્વરોજગારના ક્ષેત્રે પણ કાર્યરત હતા. તેમના સામાજીક યોગદાનનું મુલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. ઓમ શાંતિ...

**કાન્તિભાઇ પરમાર (કુકમા)**

સ્વ. રણજીતભાઇ પરમારની અમુલ્ય સેવાઓને યાદ કરી હું હાર્દિક શ્રદ્ધાંજલી આપું છું. કુકમા કન્યા છાત્રાલયના વિકાસ અને વિદ્યાર્થીનીઓની સુવિધામાં તેમનો મોટો સહયોગ હતો. ઓમ શાંતિ...

**– મોહનલાલ ચૌહાણ (કુકમા)**

સ્વ. રણજીતભાઇ અમારા દેવળીયા ગામનું અણમોલ રત્ન હતા. માદરે વતન પ્રત્યનો તેમનો પ્રેમ અમને હંમેશા યાદ રહેશે. સેવા અને સંગઠનપૂર્તિના ક્ષેત્રે એમણે સમાજને જે અર્પણ કર્યું છે તે ક્યારેય ભુલાશે નહીં. ભગવાન તેમના આત્માને શાંતિ આપે.

**– હિમ્મતલાલ ચાવડા (દેવળીયા)**

સ્વ. રણજીતભાઇ નાના ઘટકોને હંમેશા પ્રોત્સાહન આપતા અને પ્રેમથી મુલાકાત લેતા. અમારા રેહા ઘટકના બાલમંદિર નવિનીકરણ તથા અન્ય સેવા માટેનો સહયોગ હંમેશાં અમને પ્રેરણા આપશે. ઓમ શાંતિ...

**– ભવાનભાઇ વેગડ (રેહા)**

# CA Komal Chawda





| | | |
|---|---|---|
| Father | : | CA Mahesh Harji Chawda (B.Com., F.C.A.) |
| Occupation | : | Chartered Accountancy Practice |
| Mother | : | Nirmala Mahesh Chawda (M.A.-- Master in Arts) |
| Native Place | : | Devria (Kutch) |
| Kuldevi | : | Shri Brahmani Mataji, Shri Sikotar Mataji |
| Gotra | : | Kashyap |
| Mosad | : | Shri Jayprakash Khodiyar (Dabda,Anjar-Kutch) |
| Resi. Adrs. | : | 503, Dream Place, New Baradwari, Sakchi, Jamshepur - 831001 (Jharkhand) |
| Contact Nos. | : | 9835950204 (Father)<br>9798146651 (Mother) |
| E-mail | : | chawdaassociates@gmail.com<br>komalchawda5@gmail.com |
| Date of Birth | : | 07.08.1991 |
| Time of Birth | : | 10.14 am |
| Place of Birth | : | Anjar (Kutch) |
| Height | : | 5'3" |
| Weight | : | 48 |
| Education | : | Chartered Accountant & Certified DISA (Diploma in Information System Audit) |
| Current Occp. | : | Working at Chawda & Associates, Chartered Accountants Firm |
| Marital Status | : | Our Son in Law expired in July'22 (After one & half year of Marriage) due to Cancer |

# શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર – રેહા

## ચૈત્રી અષ્ટમિ ઉત્સવ (તા. ૨૯/૩/૨૩–બુધવાર)ની તસવીર ઝલક...

**મહાપ્રસાદના દાતાશ્રી : સ્વ. વિશ્રામભાઈ રૂડાભાઈ ચૌહાણ પરિવાર – રેહા હસ્તે પૌત્રો શ્રી નરેન્દ્ર રવજીભાઈ તથા શ્રી રિતેશ શાંતિલાલ ચૌહાણ**














**ચૌહાણ પરિવાર - રેહા સ્થાનકના શુભકાર્યો, કર-નૈવેદ્ય, મહાપ્રસાદ તથા વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે સંપર્ક : વિનોદભાઈ ચૌહાણ - ૯૮૭૯૧૫૦૧૧૩**

# સેતુ સમાજ સંદેશ

## અગત્યની સુચના

(૧) આથી દરેક ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારશ્રીઓને જણાવવાનું કે, 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશીત કરવા માટેના સમાચારો લેટરપેડ પર લખી મોકલાવવા જરૂરી છે.

(૨) જેમની પાસે લેટરપેડ ન હોય તેમણે હોદ્દા સહિતની રબ્બર સ્ટેમ્પ લગાવવી જરૂરી છે.

(૩) ઇ-મેલથી મોકલાવવામાં આવતા સમાચારો ટાઇપ કરેલા અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે.

(૪) અહેવાલ, વિજ્ઞાપન વગેરે મોકલતી વખતે મોબાઇલ નંબર અવશ્ય લખવો. જેથી સંપર્ક કરી શકાય.

(૫) સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવા માટેની માહિતિ તારીખ ૧૫ સુધીમાં અવશ્ય મોકલી આપવાની રહેશે.

(૬) વિજ્ઞાપન માટેના ફોટોગ્રાફ ઓછામાં ઓછા 1 mb નો મોકલાવવાનો રહેશે.

(૭) મોબાઇલ એન્ડ્રોઇડ એપ્સ અને વેબસાઇટની માહિતિ માટે સેતુ સમાજ સંદેશના અધ્યક્ષશ્રી હિતેશભાઇ બી. ચૌહાણ - મો. ૯૯૦૯૦૬૯૦૫૭ નો સંપર્ક કરવો.

- તંત્રીશ્રી

# સમાજ ગૌરવ – હાર્દિક અભિનંદન



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી ખુબ ઉત્સાહભેર કરવામાં આવી હતી. તા. ૨ માર્ચથી ૮ માર્ચ વુમન્સ વીક અંતર્ગત રોજ જુદા જુદા ટાસ્ક આપી વિવિધ હરીફાઇઓનું ઓનલાઇન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી બહેનો પોત-પોતાના વોટ્સએપ ગ્રુપ ઉપર પોસ્ટ કરવાની હતી. પહેલા દિવસે બ્યુટીફાઇ યોર સેલ્ફ અંતર્ગત ૫૦ વર્ષથી નીચેની બહેનોએ રીટ્રો સ્ટાઇલમાં અને ૫૦ વર્ષથી ઉપરની બહેનોએ ગુજરાત અથવા રાજસ્થાનની સ્ટાઇલમાં તૈયાર થઇ ફોટા મોકલવાના હતા. બીજા દિવસે મેમોરેબલ મોમેન્ટ ઓફ યોર લાઇફ અંતર્ગત બહેનોએ પોતાના જીવનની યાદગાર પળની તસ્વીર મોકલવાની હતી. ત્રીજા દિવસે બી એક્સપ્રેસીવ અંતર્ગત મહિલા દિનથી સંબંધિત કવિતા પ્રસ્તુત કરવાની હતી. ચોથા દિવસે રોલમોડલ/એડમાયર આઇડોલ અંતર્ગત બહેનોએ પોતાના જીવનની પ્રેરણાસ્ત્રોત સ્ત્રી વિશે જણાવવાનું હતું. પાંચમા દિવસે ડીસ્ટ્રેસ યોર સેલ્ફ અંતર્ગત બહેનોએ પોતાના ટેન્શનથી કેવી રીતે રિલેક્સેશન મેળવે છે તે જણાવવાનું હતું. છઠ્ઠા દિવસે હોળી હોવાથી બહેનોએ પોતાની હોળી-ધુળેટીના ઉજવણીના ફોટો શેર કર્યા હતા. સાતમા દિવસે એટલે આઠ માર્ચ મહિલા દિનના દિવસે બહેનોએ પોતાની આસપાસ હોય તેવા ડોમેસ્ટિક હેલ્પર્સનો ફુલ, ભેટ આપી સન્માન કર્યું હતું. આમ વુમન્સ વિકની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

ત્યાર બાદ તા. ૨૫-૦૩-૨૦૨૩ના અંધેરી સ્થિત આદરણીય કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર (અ.ભા.મ. મહામંડળના પૂર્વ પ્રમુખ)ના નિવાસ સ્થાને મહિલા દિન નિમિત્તે મીટીંગનું આયોજન થયું હતું. મીટીંગની શરૂઆત ઓમકાર અને

પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ નામી-અનામી સ્વર્ગવાસ પામેલાઓને શ્રદ્ધાંજલિ રૂપે બે મીનીટ મૌન પાડવામાં આવ્યું હતું. મહિલા દિનની ઉજવણી તેમજ ચૈત્ર નવરાત્રીનો દિવસ હોવાથી મા દુર્ગાને યાદ કરીને, શ્રી દુર્ગા ચાલિસાનું, પારાયણ કરવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીની પ્રેરણા મુજબ તેમણે આપેલ ગાઇડલાઇન્સથી મહિલા દિન ઉજવવામાં આવ્યો હતો. તે અંતર્ગત સંઘર્ષ કરી આગવું સ્થાન પ્રાપ્ત કરી સફળતા મેળવી હોય તેવી ૧૫ બહેનોને સંભારણારૂપે ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેના પ્રાયોજક કાંદીવલી સ્થિત આદ. નિર્મળાબેન વિનોદભાઇ કોન્ટ્રાક્ટર (પૂર્વ પ્રમુખ મુંબઇ મહિલા મંડળ), હતા. અ.ભા.મહિલા મહામંડળ દ્વારા આપેલ વિષયો ઉપર બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા. ત્યાર બાદ વુમન્સ વીકના અલગ અલગ ટાસ્ટમાં વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવ્યા હતા. જેના પ્રાયોજક શ્રીમતી લક્ષ્મીબેન નારાયણભાઇ ચૌહાણ હતા. શ્રીમતી કીનાબેન કેતુલભાઇ કોન્ટ્રાકટરે વૈવિધ્યસભર એક મિનિટની રમતો રમાડી વિજેતા બહેનોને ઇનામ પણ આપ્યા હતા. આદ. કાન્તાબેન કોન્ટ્રાકટર પરિવારના દરેક સભ્યોએ ખુબજ પ્રેમથી બનાવેલ અનેક સ્વાદિષ્ટ વાનગીઓ આગ્રહપૂર્વક બધી બહેનોને ખવડાવી હતી સાથે તેમણે મહિલા દિનની ઉજવણીના સંભારણા રૂપે બધી બહેનોને ભેટ આપી હતી. અંતમાં મહિલા મંડળના બધા સભ્યોએ કોન્ટ્રાકટર પરિવારનો હૃદયથી આભાર માની છુટા પડ્યા હતા.

## મરાઠવાડા પ્રા. મહિલા મંડળ

મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન વરૂ એમની ટીમને અંતર્ગત જાલના મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિનના અવસર પર એક પ્રતિયોગીતા લેવામાં આવી હતી. ૮ માર્ચ વિશ્વ મહિલા દિનના ઉપલક્ષમાં ''આઇ એમ પ્રાઉડ ઓફ માય સેલ્ફ'' આ વિષયનાં આધારે પોતાનાં ઉપર જે ગર્વ છે તે એક મિનિટનો વિડિયો ગુજરાતી ભાષામાં બનાવી મોકલવાનો હતો.

આ અનોખી એવી પ્રતિયોગીતાનો આવો સરસ એવો વિષય શ્રીમતી જ્યોતીબેન જ લાવી શકે. આ પ્રતિયોગીતાનું આયોજન કરવાનું ઉદ્દેશ એ હતો કે આપણા સમાજની પ્રત્યેક મહિલાને પ્રેરણા મળે એ પણ પ્રેરિત થઇ પોતાનું યોગદાન દે અને આપણા સમાજમાં હજી વધુ સ્વસ્થ, સુખ અને સમૃદ્ધિ આવે.

કે.જી.કે. સમાજની બહેનો જે પણ કારણથી આપને



પોતાના ઉપર ગર્વની અનુભૂતિ થાય છે અથવા આપણે જે પણ કામ કરીએ છીએ તે કામ ઘરકામ, સામાજિક કામ અથવા એવું કોઇ કામ જે આપના પરિવાર, સમાજ તથા દેશની પ્રગતિમાં યોગદાન આપે અને તમોને પોતા પર ગર્વની અનુભુતી કરાવે. આ પ્રતિયોગીતામાં પ્રથમ - મીનાબેન રાઠોડ - લાતુર, દ્વિતીય - પારૂલબેન પરમાર - પંઢરપુર, તૃતિય - મીતાબેન રાઠોડ - લાતુર, સાંત્વના પુરસ્કાર - મીનાબેન પરમાર - ઔરંગાબાદ, પ્રતિમાબેન જેઠવા - શ્રીરામપુરને આપવામાં આવ્યું હતું. આ પ્રતિયોગીતાનું સુંદર આયોજન જાલના ઘટક પ્રમુખ, મહાસભાના ઉપપ્રમુખ શ્રીમતી જ્યોતીબેન ભક્તિરામભાઇ રાઠોડ અને મંત્રી શ્રીમતી જ્યોતીબેન ચાવડાએ કર્યું હતું.

## કચ્છ પ્રા.મહિલા મંડળ

કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ઇલાબેન અનંતભાઇ ચાવડાના અધ્યક્ષ સ્થાને અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી, મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણની ગરીમામય ઉપસ્થિતિમાં કચ્છ પ્રાદેશિક અંતર્ગત આવતા ૨૦ મહિલા મંડળનો સુંદર પ્રવાસ નયન રમણીય ત્રિમૂર્તિ મંદિર - સિનુગ્રા મધ્યે તા. ૧૫-૩-૨૦૨૩, બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના તથા દિપ પ્રાગટ્ય સાથે કરાઇ હતી. અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના હોદ્દેદારશ્રીઓને સ્ટેજ પર માનભેર આવકાર આપી પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ. વિશેષમાં દરેક મહિલા મંડળના પ્રમુખોને સ્ટેજ ઉપર આમંત્રિત કરી તેઓનું પણ પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ. દરેક પ્રમુખશ્રીએ પોતાના મહિલા મંડળ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતિ આપી હતી. દરેક મહિલા મંડળ સક્રિયપણે અવનવી પ્રવૃત્તિ કરી સમાજ ઉપયોગી કાર્ય કરે છે તે ખરેખર પ્રશંસનીય છે. ત્યાર બાદ જે પવિત્ર ધરતી ઉપર પ્રવાસ યોજવામાં આવેલ હતો તેવા પૂજનીય





દાદા ભગવાનની કાર્યશૈલી ઉપર મોટા સ્ક્રીન ઉપર સીડી બતાવવામાં આવેલ હતી.

વિશેષ આમંત્રિત તરીકે સમાજસેવક નારીરત્ન એવા યામીનીબેન ઠક્કરનું સ્વાગત કરવામાં આવ્યું હતું. યામીનીબેન ઠક્કર ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ છે. જેઓ તેમના પતિ સાથે સાંઇ હોસ્પિટલમાં દર્દીઓની નિઃશુલ્ક સેવા કરે છે. નારી તે સમાજનું આભુષણ છે. તેઓએ નારી વિશે પોતાનું વકતવ્ય આપ્યું. આજના આધુનિક સમયમાં સ્ત્રીઓએ કઇ રીતે પોતાના સંસ્કાર, સંસ્કૃતિ જાળવણી કરવી જોઇએ તે વિશે પણ ખુબજ સારું વકતવ્ય આપ્યું હતું. ૧૦૮ સમુહ ભાગવત સપ્તાહની માહિતિ આપવા માધાપર ઘટકથી આદ. સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકી, બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર તથા તેમના મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણ આવેલ તેમનું શાલ તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું આપણા મહિલા મંડળ આવા સુંદર આયોજન કરી સૌ સાથે મળી સામાજીક પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસો કરે છે. બાદમાં આપણા અ.ભા.મ. મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ વરીષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન ટાંક તથા કચ્છ પ્રાદેશિક પ્રમુખ ઇલાબેન અનંતભાઇ ચાવડાએ પોતાના વિચારો રજુ કર્યા હતા. ઇલાબેને કહ્યું હું દરેક મહિલા મંડળના પ્રમુખોનો હૃદયપૂર્વક આભાર માનું છું કે દરેક સક્રિય રીતે તેમને દરેક આયોજનમાં સાથે આપે છે. બપોરના સૌએ સ્વાદીષ્ટ ભોજન લીધું. જેની વ્યવસ્થા કચ્છ પ્રાદેશિક મંડળ વતી નિઃશુલ્ક કરવામાં આવી હતી. પાંચસો જેટલી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. બપોર પછીના સેશનમાં એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક મહિલા મંડળની નાની વયની દીકરીથી લઇ મોટી ઉંમરની બહેનો પોતાની પ્રસ્તુતી આપી હતી. જેમાં પ્રથમ ક્રમાંકે નંદા રાઠોડ-આદીપુર, દ્વિતીય - રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - ભુજ, તૃતિય - કંચનબેન પઢિઆર - અંજાર, આશ્વાસન - સંજના દિક્ષિત પરમાર - ખંભરા સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમને સુંદર ગીફ્ટોથી નવાજવામાં આવેલા. દરેક ભાગ લેનાર બહેનોને પણ પ્રતિક ભેટ આપવામાં આવેલ. ત્યાર બાદ લક્કી ડ્રો કરવામાં આવેલ. વચ્ચે પ્રશ્નોતરી રાખવામાં આવેલ. વિજેતા બહેનોને ઇનામો આપવામાં આવ્યા હતા. હર્ષોલ્લાસ સાથે સૌ છુટા પડ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રીટાબહેન, ઉષાબેન, તૃપ્તિબેન પરમાર, નિર્મળાબેન ચાવડા, રીતુબેન ટાંક, સંગીતાબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાઉરકેલા મહિલા મંડળ

ગત તા. ૧૦-૩-૨૩ના રોજે રાઉરકેલા મહિલા મંડળ દ્વારા સ્થાનીય સમાજ ભવનમાં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના પ્રમુખ સ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તથા હોળી મીલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન મહિલા મંડળ મંત્રી શ્રીમતી અનિતાબેન હરીશભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલ હતું. અખિલ ભારતીય મહિલા મહામંડળ અને રાઉરકેલા મહિલા મંડળના ઉચ્ચ પદે રહી પોતાની સેવા આપેલ અથવા



વર્તમાન આપી રહ્યા છે, રાઉરકેલા મહિલા મંડળના સલાહકાર સભ્યો તેમજ રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખશ્રીના હસ્તે દિપ






પ્રગટાવી કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવેલ.

ત્યાર બાદ બહેનો દ્વારા પ્રભુ પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ મહિલા સશક્તિકરણ, નારી દ્વારા પરિવારનું સંકલન, સ્ત્રી એટલે સમાજનું આભુષણ અને આર્થિક પગભરતા નારીની અગત્યતાના વિષયો ઉપર પોતાના વિચારો રજુ કરેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો દ્વારા મહિલા દિવસ અને નારી શક્તિને દર્શાવતા સુંદર કવિતા, ગીત, શાયરી પણ પ્રસ્તુત કરવામાં આવેલ હતી.

ઘટકમાં પણ કેટલીક બહેનો સ્વાવલંબી થઇ પોતાના પગભર થવા પોતાના પરિવારના ભરણપોષણમાં સહયોગ આપી રહ્યા છે અને નારી સમાજને ગૌરવાન્વીત કરી રહી છે. આજ મહિલા દિવસના શુભ અવસરે તે દરેક મહિલાઓનું નમન, વંદન અને અભિનંદન કરતા મંચ ઉપર સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ રાઉરકેલા મહિલા મંડળની બહેનો શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, શ્રીમતી માયાબેન હરીશભાઇ પરમાર, શ્રીમતી નિશાબેન કિશોરભાઇ પરમાર, શ્રીમતી ભુમીકાબેન ચાવડા, શ્રીમતી શીતલબેન રાઠોડ અને શ્રીમતી આશાબેન પરમાર દ્વારા બે નાટક અને શ્રીમતી અનિતાબેન ટાંક દ્વારા ઝાંસીની રાણીના કિરદારને દર્શાવતા એક નાનો રોલ પ્રસ્તુત કરવામાં આવેલ હતો. કાર્યક્રમ દરમ્યાન મહિલા મંડળ પ્રમુખશ્રી દ્વારા આપેલ સ્લોગન ''મેં આધુનિક નારી હું, મેં આજ કી નારી હું''ના ગુંજનથી હોલ ગુંજી ઉઠેલ હતું. મહિલા દિવસની ઉજવણી સાથે સાથે પાવન પર્વ હોળીને પણ એકબીજા ઉપર ગુલાલ અને ફુલ ઉડાળી ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરી હતી. કાર્યક્રમના અંતે મહિલા મંડળ મંત્રી શ્રીમતી અનિતાબેન ટાંક,શ્રીમતી સોનલબેન પરમાર તથા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપના સર્વેનું આભાર વ્યક્ત કરેલ.

રાઉરકેલા મહિલા મંડળ દ્વારા તા. ૬-૪-૨૩ના પવનપુત્ર શ્રી હનુમાનજીના જન્મોત્સવના પાવન પ્રસંગે સમુહ સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલહતું. હનુમાનજીની કૃપાથી અને મહિલા મંડળની બહેનોના સુમધુર કંઠે સુંદરકાંડનો પાઠ અને ભજનથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સુંદરકાંડ પાઠ પછી હનુમાન ચાલીસા પાઠ, હનુમાનજીની આરતી, ૧૦૮ રામ નામ જાપ અને ભજનનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે પ્રસાદ લઇ સર્વે હરખભેર વિખરાયા હતા. આ આયોજનને સફળ બનાવવા ઉત્સાહ, ઉમંગ અને આનંદથી ભાગ લીધેલ સર્વે બહેનોનો આભાર માનવામાં આવેલ.

## આદિપુર મહિલા મંડળ

તા. ૧૩-૩-૨૦૨૩, સોમવારના રોજ આદિપુર મહિલા મંડળ દ્વારા કારોબારી સભ્ય શ્રીમતી ભાવિતાબેન રાઠોડના ઘરે મહિલા મંડળની મીટીંગ તથા કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. બધા ગાઉન-ડ્રેસમાં સજ્જ થઇને આવેલ.

મીટીંગ/પાર્ટીની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી કરેલ. ત્યાર બાદ વન-મિનિટ ગેમ અને હાઉજી ગેમ રમેલ. ગેમમાં પ્રથમ મનિષાબેન ચૌહાણ અને દ્વિતીય ત્રિવેણીબેન ટાંક આવેલ. લક્કી ડ્રો નંબરમાં અનુરાધાબેન ટાંક આવેલ. શ્રીમતી ભાવિતાબેન રાઠોડ તરફથી ગિફ્ટ આપવામાં આવેલ. બધાએ ખુબ મજા કરી, ખુશી થઇ અને અલ્પાહાર બાદ બધા છુટા પડેલ.



તા. ૧૫-૩-૨૦૨૩, બુધવારના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, કચ્છ પ્રાદેશિક મહિલા મંડળની મીટીંગનું આયોજન ત્રિમંદિર, સિનુગ્રા ખાતે કરવામાં આવેલ. તેમાં આદિપુરની બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધેલ. ઉપરોક્ત કચ્છ પ્રાદેશિક મહિલા મંડળની મીટીંગમાં, એક પાત્રિય

અભિનયની પ્રતિયોગીતામાં શ્રીમતી નેહાબેન રાઠોડને પ્રથમ નંબર/ઇનામ પ્રાપ્ત થયેલ છે. આદિપુર ઘટકનું ગૌરવ વધારવા બદલ શ્રીમતી નેહાબેન રાઠોડને ખૂબ ખૂબ અભિનંદન તેમજ શ્રીમતી પલ્લવીબેન ચૌહાણને આશ્વાસન ઇનામ મળેલ. એ ઉપરાંત પ્રશ્નોતરી અને લક્કી ડ્રોમાં પણ બહેનોએ ઇનામ મેળવી આદીપુર ઘટકનું ગૌરવ વધાર્યું છે. જય સમાજ...



## ગાંધીધામ મહિલા મંડળ





ગાંધીધામ મહિલા મંડળ દ્વારા માર્ચ મહિનામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન અને હોળીના તહેવારની ઉજવણી માટે મીટીંગ કરવામાં આવી. જેમાં તુલીપ ગ્રુપ લીડર રૂચિબેન રાઠોડે વિવિધ ગેમોનું આયોજન કરી મલ્ટીકલરની થીમ આપવામાં આવી. શરૂઆતમાં માતાજીની પ્રાર્થના બાદ સૌ બહેનોએ અલગ અલગ ચીજવસ્તુના અંદાજીત પ્રાઇઝ અને બલુનની જેવી ગેમમાં ઉત્સાહભેર ભાગ લઇ ખુબજ આનંદ કર્યો. નયનાબેન પરમાર, નીનાબેન જેઠવા તેમજ બલુનની જોડી ગેમમાં લક્ષ્મીબેન ચાવડા અને સુનીતાબેન ટાંક, ઉર્વીબેન ચૌહાણ અને વિભાબેન ચૌહાણ એ ઇનામ પ્રાપ્ત કર્યા હતા. નવદુર્ગાના નવ નામ ક્રમાનુસાર બોલાવામાં મોનાબેન પ્રથમ રહ્યા હતા. આજની રસપ્રદ ગેમો રમાડી આનંદ કરાવવા માટે સૌ બહેનોએ તુલીપ ગ્રુપને અભિનંદન આપ્યા હતા. મંત્રી શ્રીમતી હીનાબેન પરમારે પણ સૌનું ઉત્સાહવર્ધન કરેલ.

સ્થાનિક તેમજ અ.ભા.મહિલા મહામંડળના આરોગ્ય અધ્યક્ષ એવા નયનાબેન ચૌહાણ દ્વારા હાલમાં જ ગાંધીધામ મધ્યે કુદરતી ઉપચાર માટે આરોગવ્ય વેલનેસ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેની મુલાકાત મહિલા મંડળની બહેનોએ લીધેલ. જેમાં નયનાબેન ચૌહાણ દ્વારા કુદરતી ઉપચાર પંચગવ્ય, વિવિધ ઔષધીઓ અંગે ઉપયોગી માહિતિ આપી તે જ રીતે તેમના સુપુત્રી જાનકીબેને પણ મેડીટેશન, ટેપીંગ સાઉન્ડ થેરેપીઓ વિષે તેમ બહેનો સાથે યોગ-પ્રાણાયામ કરી પ્રેક્ટીકલ સમજણ આપેલ અને આસન, પ્રાણાયામ સાથે શ્વાસોશ્વાસ નિયમન અંગે ખુબ ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન પરમારે કહ્યું કે સંપૂર્ણ દેશી પદ્ધતિથી સેન્ટરમાં ફ્લોરીંગ કરેલું હોય, પ્રાકૃતિક અનુભુતી થાય છે આવું સુંદર ખુબજ ઉપયોગી લાભ લેવા જેવું હેલ્થકેર સેન્ટર બનાવવા બદલ નયનાબેન અને જાનકીબેન ખુબ ખુબ અભિનંદનને પાત્ર છે. ત્યાર બાદ સૌ બહેનો ઓર્ગેનિક શરબતનું પાન કરી આનંદ સાથ છુટા પડ્યા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ



હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૬-૪-૨૦૨૩, ગુરૂવારના રોજ હનુમાન જયંતિના દિવસે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી નિર્મલાબેન એસ. ચાવડાના નિવાસ સ્થાને ૧૦૮ હનુમાન ચાલિસાનું પાઠ કરવામાં આવ્યું હતું. બહેનો મળીને હનુમાન ચાલિસાનું પાઠ કર્યું હતું. ૨૫ બહેનોએ હનુમાન ચાલિસાના પાઠમાં હાજરી આપી હતી. આરતી અને પ્રસાદ વિતરણ પછી મહિલા મંડળએ ગેમ અને તંબોલા રમાડ્યું હતું. નિર્મલાબેનએ ગેમના પુરસ્કાર આપ્યા હતા. સ્વાદિષ્ટ જલપાનનો આનંદ લઇ બધા બહેનો છુટા પડ્યા હતા.

## સમાજ ગૌરવ



ઉજ્જૈન ઘટક અંતર્ગત શામગઢ જીલ્લા મંદસૌર નિવાસી શ્રી દેવેન્દ્રભાઇ ઓમપ્રકાશભાઇ ચાવડા અને શ્રીમતી પલ્લવીબેન દેવેન્દ્રભાઇ ચાવડાના સુપુત્ર ચિ.જીત ડી. ચાવડાએ નર્મદા જલ સંસાધન પાણી પુરવઠા અને કલ્પસર પરિયોજના માટે ગુજરાત લોકસેવા આયોગ દ્વારા લેવાયેલી પરીક્ષા (જી.પી.એસ.સી.) ઉત્તિર્ણ કરી રાજ્ય સરકારના સેન્ટ્રલ ડીઝાઇન ઓર્ગેનાઇઝેશન ઓફીસમાં આસિસ્ટન્ટ ઇન્જીનિયર (ગેઝેટેડ ઓફીસર) ગાંધીનગર (ગુજરાત) સ્થિત સચિવાલયમાં ક્લાસ- II અધિકારીની પોસ્ટ પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

★★★★★

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરા મધ્યે માસ્ટર્સ ઇન જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનો અભ્યાસ કરતી ભુજ ઘટકની વિદ્યાર્થીની કુ. ઝીલ વિનોદભાઇ ચૌહાણ (સુપુત્રી શ્રીમતી રીટાબેન તથા શ્રી વિનોદભાઇ એલ. ચૌહાણ) એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત ''મીડીયા બઝ-૨૦૨૩'' કાર્યક્રમમાં મોનોએક્ટીંગ સ્પર્ધામાં બીજો ક્રમાંક મેળવીને આપણા સમાજને ગૌરવ અપાવેલ છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સાત જેટલા અન્ય દેશોના ૭૮૫ જેટલા છાત્રોએ ભાગ લીધો હતો. કુ. ઝીલ ચૌહાણને અભિનંદન અને શુભકામના....



★★★★★

પુના ઘટક નિવાસી શ્રી જયેશભાઇ વિજયભાઇ યાદવ તથા શ્રીમતી સંધ્યાબેન જયેશભાઇ યાદવના સુપુત્ર ચિ. ઇશાન હાલ ૧૩ વર્ષનો છે. તે જ્યારે ૯ વર્ષનો હતો ત્યારથી બાસ્કેટ બોલ રમે છે. તે પુનાથી સ્ટેટ લેવલ ઉપર રમી રહ્યો છે. પુનાના એ.બી.સી. ક્લબે પ્રીમીયર લીગ રમવા માટે ઓક્શન રાખ્યું હતું જેમાં ૭૫ ખેલાડીઓનું ચયન થયું હતું. જેમાં ઇશાનની ૧.૭૫ લાખ પોઇન્ટની બોલી લાગી અને ઇશાન 'નમીતા પાવર' (શાર્ક ટેંક)ની ટીમમાં સિલેક્ટ થયો. આ સિદ્ધી યાદવ કુળ અને આપણા સમાજ માટે ગૌરવની વાત છે. જીલ્લા પરિષદની અનેક મેચોમાં ટ્રોફી, ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. ઇશાનના મોટા બહેન ઇશીતા યાદવે પણ બાસ્કેટ બોલ સારું રમી રહ્યા છે તેમણે પણ ઘણા મેડલો પ્રાપ્ત કર્યા છે. પુના ઘટક તરફથી તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની હાર્દિક શુભકામના....



# માતૃ નર્મદે હર



''માં રેવા રેવા તારૂં પાણી નિર્મલ'' આ પંક્તિને ચરિતાર્થ કરતી માં નર્મદાની મહિમા અપરંપાર છે. શિવ પુત્રી માં રેવાના વખાણ કરી શકે એવા શબ્દો કદાચ પૂરી સૃષ્ટિમાં નહીં મળે.

ભારત વર્ષના મધ્ય ભાગે અમરકંટકથી શુભ ઉદ્‌ગમ કરનારી રાજા મૈકલની પુત્રી નર્મદા મધ્ય પ્રદેશ અને ગુજરાતની જીવનરેખા છે. અમરકંટકથી ઉદ્‌ગમ લઇ ભરૂચમાં ખંભાતની ખાડી સુધીમાં નર્મદા જીવન અને અનેકો સંસ્કૃતિનું સર્જન કરે છે.

નર્મદા નદીની પરિક્રમાનો એક વિશેષ મહત્વ છે. પૂરા વિશ્વથી નર્મદાજીની પરિક્રમાનો લ્હાવો લેવા અનેક શ્રદ્ધાળુ ભક્તો દર વર્ષ મોટી સંખ્યામાં પધારે છે. સ્થાનીય વાર્તામાં આ શ્રદ્ધાળુઓને પરકમ્મા વાસી કહેવાય છે. આ પરકમ્મા વાસી જીવનના મોહ-બંધનને છોડી પોતાને માં નર્મદાના આંચલમાં સમર્પિત કરી દે અને માં તો માં છે સાહેબ, પોતાના બાળકોની અસીમ શ્રદ્ધાનું માન રાખી મહા હેતવાળી નર્મદા પણ પરકમ્મા વાસીઓમાં એક અતૂટ શક્તિનો સંચાર કરે છે.

મિત્રો, આજે તમારો પરિચય આવા જ એક પરકમ્માવાસીથી કરવા જઇ રહ્યો છું. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ શહેર અને શ્રી વિઠ્ઠલની ભક્તિથી તરબોળ પંઢરપુરની પવિત્ર ભૂમિના નિવાસી શ્રી ભિનેશભાઇ ગોપાલભાઇ પરમાર. હાલમાં શ્રી ભિનેશભાઇ દ્વારા નર્મદાજીની પરિક્રમા સફળતાપૂર્વક પૂર્ણ કરી ૧૪ ડિસેમ્બર-૨૦૨૨ના ઓમકારેશ્વરથી શુભારંભ થયું જીવનદર્શનની નર્મદા કાંઠેની ૩૫૦૦ કિલોમીટરની પરિક્રમાનો.

ઓંમકારેશ્વરથી જ્યારે ભિનેશભાઇ જબલપુર પહોંચ્યા તો આ તિર્થક્ષેત્રનો સૌંદર્ય અમેને અભિભૂત કરી ગયો. શ્રદ્ધેય નર્મદા પુત્ર સાહિત્યકાર અને નર્મદા પરિક્રમાવાસી સ્વ. અમૃતલાલ

વેગડ બાપાની કર્મભૂમી એટલે જબલપુર. ભિનેશભાઇની માં નર્મદાપ્રતિની ભક્તિ અતૂટ હતી અને દઢ નિશ્ચય સાથે જબલપુરથી મંડલા તરફ યાત્રા અગ્રેસર થઇ.

લોકો સલાહ આપી કે મંડલા છોડી સીધે ડિણ્ડોરી તરફ પ્રસ્થાન કરો પરંતુ સાચ્ચા નર્મદા ભક્ત ક્યા એક પળ પણ નર્મદાના અદ્ભૂત સૌંદર્યથી વંચતિ રહી શકે ? ગૌરીઘાટથી મંડલાની એકાકી યાત્રામાં ભિનેશભાઇને લોકોનો નિશ્ચલ અને નિર્મળ પ્રેમ પ્રાપ્ત થયો સાથે જ આ અનુભૂતિ પણ થઇ કે માં નર્મદાની પરિક્રમાનો અસલ આનંદ તો નર્મદા કાઠે અને આશ્રમોમાં જ છે.

એવું કહેવાય છે કે માં નર્મદાના દર્શન માત્રથી પાપ ધોવાય અને કષ્ટોનું હાર થાય તો પછી જેને પરિક્રમા જેવું પુણ્યશાળી કાર્ય કર્યું હોય એ તો કોઇ પુણ્ય આત્મા સંત કહેવાય. ભિનેશભાઇએ ૩ માહ ૫ દિવસમાં પરિક્રમા પૂર્ણ કરી જેમાં ડિંડોરી, અમરકંટક જે મંડલાના ઘાટોમાં તેમને કન્યાભોજ પણ કરાવ્યું. ૧૪ એપ્રિલ-૨૦૨૩ના શુભ દિવસે ઓંમકારેશ્વમાં પરિક્રમા પૂર્ણ થઇ.

ભિનેશભાઇના શબ્દોમાં નર્મદા નદીની પરિક્રમા, આત્માનો આધ્યાત્માથી જ સંગમ કરાવે છે. નર્મદાનો વેગ તથા તટ ઉપરની પ્રાકૃતિક અને સુરમયી છટા આ તપોભૂમિના મહત્વ અને સૌંદર્યમાં ઉત્તરોત્તર વધારો કરે છે. ભિનેશભાઇએ ભવિષ્યમાં પણ પરકમ્મા વાસીઓની આશ્રમોમાં સેવા કરી પુણ્ય લાભ અર્જીત કરવાનું વિચાર્યું છે. એક પુરી સભ્યતાને જીવન આપનારી માં નર્મદા અને પરકમ્માવાસી ભાઇ શ્રી ભિનેશભાઇ ગોપાલભાઇ પરમાર તથા પરિવારને અનંત કોટી કોટી પ્રાણામ અને સાધુવાદ.

નર્મદા પરિક્રમા કરતા ભિનેશભાઇનું મંડલા જીલ્લાના હનુમાન ઘાટ પર આગમન થયું ત્યારે આસ્થા અને ભક્તિની અલખથી ઓતપ્રોત ભિનેશભાઇએ સ્વામી સીતારામ આશ્રમમાં કન્યા ભોજનું આયોજન કર્યું. જેનો લ્હાવો લેવા તેમના પરિવારજનો તથા સ્નેહીજનો બાલાઘાટ અને ડોંગરગઢથી પધાર્યા હતા. સર્વે પોતાના હાથેથી ભોજન રાંધી નાની કન્યાઓને ભોજન કરાવ્યું તથા ભિનેશભાઇની શુભ મુલાકાત લીધી. પરિવરના સ્નેહના મોહમાં ના ફસાઇ જાય એટલે ભિનેશભાઇ કાર્યક્રમના તુરંત પશ્ચાત પોતાની આગળની યાત્રા માટે પ્રસ્થાન કર્યું. એવા હૃદયનિશ્ચય તથા ભક્ત સંત ભિનેશભાઇની આસ્થા સામે નમન છે. ભિનેશભાઇ પાછલા ૪૦ વર્ષથી તીર્થનગરી પંઢરપુરમાં પોતાના પરિવાર સાથે નિવાસરત છે. નર્મદા પરકમ્માવાસી શ્રી ભિનેશભાઇ ગોપાલભાઇ પરમારની નર્મદા પરિક્રમાના વૃતાંતને પૂર્ણ કરવા સર્વે પાઠકોને નર્મદે હર.

# સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ સિનીયર સિટીઝન ક્લબ ગાંધીધામના હોદ્દેદારોની મીટીંગ ક્લબના પ્રમુખ પ્રભુલાલભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને ગાંધીધામ સમાજ ભવનમાં તા. ૧૪-૪-૨૩, શુક્રવારના રોજ સાંજે ૫ કલાકે વાર્ષિક પ્રોગ્રામ થયેલ તેની ચર્ચા અને તેનો હિસાબ બાબત રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના અને ગાયત્રી મંત્રથી કરવામાં આવેલ. ત્યાર બાદ મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમારના દુઃખદ અવસનના સમાચાર જાણી હાજર હોદ્દેદારોએ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. ત્યાર બાદ બધા ઉભા થઇ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

ક્લબના પ્રમુખશ્રીએ તા. ૫-૩-૨૩ના રોજ યોજવામાં આવેલ ક્લબના વાર્ષિક દિવસની સફળ ઉજવણી બાબત ક્લબના હોદ્દેદારોનો આભાર માન્યો હતો. ત્યાર બાદ સિ.સિ. ક્લબના પ્રમુખ શ્રીએ વડીલ સોવેનિયર છપાવવા તથા વાર્ષિક પ્રોગ્રામમાં થયેલ આવક અને ખર્ચનો હિસાબ રજુ કર્યો હતો. ત્યાર બાદ સિનીયર સિટીઝનલ ક્લબની આગામી કરવાની પ્રવૃત્તિઓ વિષે ચર્ચા કરવામાં આવી હતી. ગરમી ઓછી થયા પછી એક પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેડીકલ કેમ્પનું આયોજન, જીવદયાની પ્રવૃત્તિ, આધ્યાત્મિક પ્રવૃત્તિ, વિશેષ નિષ્ણાંતોનું પ્રવચન રાખવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. આદીપુર ઘટકની આર્થિક રીતે નબળી એક મહિલાને સિલાઇ મશીન ખરીદવા, સિનિયર સિટીઝનલ ક્લબ તથા સભ્યોએ આર્થિક મદદ કરી, મહિલાને સિલાઇ મશીન ખરીદીને આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત મીટીંગમાં ક્લબના પ્રમુખ પ્રભુલાલ પરમાર, ઉપપ્રમુખ ચંદ્રકાન્તભાઇ સોલંકી, મંત્રી યશવંતભાઇ પરમાર, સહમંત્રી જેભાઇ રાઠોડ, સહખજાનચી લીલાધરભાઇ રાઠોડ, રમત-ગમત મંત્રી હરસુખભાઇ ચૌહાણ હાજર રહ્યા હતા.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત

**રાયબહાદુર શ્રી જગમાલભાઈ રાજાભાઈ વિદ્યાર્થી ભવન, ભુજ**

વાલરામનગર, સ્વામિનારાયણ વાડી પાસે,
નવી રાવલવાડી, ભુજ (કચ્છ)

:: સંપર્ક ::
અરવિંદભાઈ રાજગોર (ગૃહપતિ) ૯૪૨૮૪૬૩૦૦૩

**પ્રવેશ ચાલુ છે**






કચ્છના પાટનગર ભુજ મધ્યે આપણા સમાજના
વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવાની ઉત્તમ સગવડ

**વિદ્યાર્થી ભવનની વિશેષતાઓ :-**

★ દરેક રૂમમાં મર્યાદિત વિદ્યાર્થી
★ અભ્યાસ માટે શાંત અને નયનરમ્ય વાતાવરણ
★ સીસીટીવી કેમેરાથી સજ્જ સમગ્ર સંકુલ
★ ગરમ પાણીની વ્યવસ્થા
★ સાયન્સ, આર્ટસ, કોમર્સ અને ડિપ્લોમા તથા ઇજનેરી કોલેજની નજીકના અંતરે
★ વિદ્યાર્થીઓ માટે પ્રવાસ અને શૈક્ષણિક સેમીનારનું આયોજન.


# ઘડપણ

કોને કહું હું મારી વ્યથા,
કોણ સાંભળશે મારી કથા.
બાળપણ તો રમતમાં ગયું,
જવાનીમાં ખુબ મજા કર્યું.
પછી જીંદગીએ રીટાયર કર્યું,
હવે તો ઘડપણ આવી ગયું.
ઘડપણની વાત નિરાલી હોય,
સુખ-શાંતિ આવી ગઈ હોય.
ક્યાંક ને ક્યાંક દુઃખાવો હોય,
મલમને તેલ લગાડવાનું હોય.
ઘરેથી બારે જાતા ના આવડે,
ઘરમાં ને ઘરમાં રહી મુંઝવણ પડે.
ઘરની રસોઈ ભાવે નહીં,
બારનું ખાવાનું પચે નહીં.
મનથી જ ઉડાન ભરી આવો.
સપનામાં સફર કરી આવો.
સગા-સંબંધીને ના મળાય,
બેનપણીઓને પણ ના મળાય.
ફક્તને ફક્ત ફોન જ થાય,
મનને કાંય સમાધાન ના થાય.
ગુડા નવા બેસાડો, બત્રીસી લગાડો,
મોતી બિંદુ કઢાવો,આમ જ સમય પસાર કરો.
રોજ ભગવાનનું નામ સ્મરણ કરો,
પોતાની જીંદગી સુધારી લ્યો.
પોતાની જીંદગી સુધારી લ્યો.



ધન્યવાદ


**અરૂણા વિ. યાદવ**
મો.નં. ૯૯૨૨૪૪૬૧૨૬
પૂના (મહારાષ્ટ્ર)

# ૫૦વી પુણ્ય તિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ - ૧૯૦૧

સ્વર્ગવાસ - ૦૧.૦૪.૧૯૭૩

## પ્રેમ નિવાસ, ચક્રધરપુર નિવાસી સ્વ. પ્રાગજી પ્રેમજી રાઠોડ (ખેડોઇ)

૫૦ વી પુણ્ય તિથિ મા સ્વ. પૂ. બાપા તમારી ખુબ યાદ આવે છે. તમોએ સ્વ. દાદા પ્રેમજી જૈરામ રાઠૌડ નું નામ આગળ વધાર્યું અને એમના અવસાન પછી પરિવારની પૂરી ફરજ નિભાવી. એક-એક જણ ની ખૂબ સંભાળ લીધી અને આગળ વધવા માર્ગદર્શન આપી પ્રેરિત કર્યા. આ બધુ કદી ભુલાય નહીં . બહુ આયમી પ્રતિભા અને કડી મેહનત થી તમોએ પારિવારિક, ધાર્મિક , સામાજીક અને ઠેકેદારી વ્યવસાય ના ક્ષેત્ર માં ખુબ સફળતા મેળવી હતી. ચક્રધરપુર, ચાયબાસા, ટાટા, રાંચી, ધનબાદ, ઝરિયા માં વસતા આપણા સમાજના ભાઈઓ સાથે તમારા મધુર સંબંધ હતા. તમો ૨૫.૦૩.૧૯૭૩ ના સિંહભુમ પ્રાદેશિક ના પહેલા પ્રમુખ પણ ચુંટાયા હતા. ચક્રધરપુર ગામ માં પણ સામાજીક અને ધાર્મિક કાર્યો માં પણ તમારી સારી પૂછ-પરખ હતી. સાધુ સંતો, ગાયની સેવા તમને અતિ પ્રિય હતી.

તમો આજે પણ અમારા કુટુમ્બ ના આદર્શ છો. તમારી ધાર્મિક ભાવના, કર્તવ્યનિષ્ઠ જીવન, કુટુમ્બ અને સમાજ પ્રતિ પ્રેમ-ધર્મ કર્મ, અર્થ અને સત્ય ની રાહ પર ચાલવાની પ્રેરણા અમોને આગળ વધવા હમેશા સહાય કરતી રહેશે.

પ્રભુ આપની દિવ્ય આત્માનું સતત કલ્યાણ કરે એજ અમારી પ્રાર્થના....

-:: નિર્મળ હૃદયથી સ્મરણ કરતા સ્વ. પ્રેમજી જૈરામ ના પરિવાર જણો ::-

ગં. સ્વ. લક્ષ્મી મણીલાલ ચાવડા (બહેન-જમાઇ)
અ. સૌ. મનોરમા ઈશ્વરલાલ પ્રેમજી (ભાઈ વહુ - ભાઈ)
ભાઈ ગિરધરલાલ વિશનજી (ભત્રિજા)
અ. સૌ. પુષ્પા બલરામ વિશનજી (ભત્રિજા વહુ - ભત્રિજા)
ગં. સ્વ. રંજન નવીન વિશનજી (ભત્રિજા વહુ)
ગં. સ્વ. સરલા કિશોર વિશનજી (ભત્રિજા વહુ)
અ. સૌ. નીતા ચન્દ્રકાન્ત ઓધવજી (ભત્રિજા વહુ - ભત્રિજા)
ભાઈ ચિમન ઓધવજી (ભત્રિજા)
અ. સૌ. જનક અરૂણ ઓધવજી (ભત્રિજા વહુ - ભત્રિજા)
અ. સૌ. વનીતા યશવંત ઓધવજી (ભત્રિજા વહુ - ભત્રિજા)
અ. સૌ. મમતા નલિન ઓધવજી (ભત્રિજા વહુ - ભત્રિજા)

ગં. સ્વ. ગીતા કિશોર ટાંક (ભત્રીજી)
અ. સૌ. વર્ષા રાજેન ઉત્તમરામ (ભત્રિજા વહુ - ભત્રિજા)
અ. સૌ. હીના સંજય ઈશ્વરલાલ (ભત્રિજા વહુ - ભત્રિજા)
અ. સૌ. પરિંદા ઉમેશ જીવરામ (પૌત્ર વહુ - પૌત્ર)
અ. સૌ. હીના પરેશ જીવરામ (પૌત્ર વહુ - પૌત્ર)
અ. સૌ. લતા મુકેશ ટાંક (પૌત્રી - જમાઇ)
અ. સૌ. ભાવના મધુકર ગિરધરલાલ (પૌત્ર વહુ - પૌત્ર)
અ. સૌ. નમ્રતા હેમંત રાઠૌડ (ભત્રીજી - જમાઈ)
અ. સૌ. સોનલ હિતેન પરમાર (પૌત્રી - જમાઈ)
ગં. સ્વ. રંભા મનોહર સાવરિયા (ભાણેજા વહુ)
અને સ્વર્ગવાસી કુટુમ્બ જણો.

મોબાઇલ : ૮૫૮૦૦૨૨૮૪૧ - ઈશ્વરલાલ પ્રેમજીભાઈ, ૯૯૭૩૮૧૭૭૪૭ - ઉમેશ જીવરામભાઈ

# અનંતની યાત્રાએ...



બાલાઘાટ (દેવળીયા) નિવાસી શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમાર (ઉ.વ. ૮૩) પૂર્વ પ્રમુખશ્રી મહાસભા, શ્રી જીતેન્દ્રભાઇ પ્રમુખશ્રી વિદર્ભ પ્રા.સ.ના પિતાશ્રીનું તા. ૦૫-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



વડોદરા (સિનુગ્રા નિવાસી ગં.સ્વ. સરસ્વતીબેન શિવલાલભાઇ વાઢેર (ઉ.વ.૯૦)નું તા. ૧૬-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કટક (માધાપર) નિવાસી શ્રી રમેશભાઇ કુંવરજીભાઇ રાઠોડ (ઉ.વ.૭૮) તે સ્વ. વિજયભાઇ કુંવરજીભાઇ રાઠોડ (મહાસભાના પૂર્વ પ્રમુખ)ના ભાઇનું તા. ૦૬-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી જયંતિભાઇ નરશીભાઇ સોલંકી (ભુસાવલવાળા)નું તા. ૧૫-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ભિલાઇ (ખંભરા) નિવાસી શ્રી જગદીશભાઇ નારાયણભાઇ ટાંક (ઉ.વ.૬૪)નું તા. ૦૪-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગોંદિયા (માધાપર) નિવાસી શ્રી વિજયભાઇ મુરજીભાઇ રાઠોડ (ઉ.વ.૬૪)નું તા. ૨૨-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગપુર (માધાપર) નિવાસી શ્રી રમેશભાઇ (રમણીકલાલ) ભવાનજીભાઇ ટાંક (ઉ.વ.૮૦)નું તા. ૨૩-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગોંદિયા (ખંભરા) નિવાસી ગં.સ્વ. રમાબેન જીવરામભાઇ ટાંક (ઉ.વ.૭૯)નું તા. ૨૪-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (સિનુગ્રા) નિવાસી શ્રી કિશોરભાઇ મોહનભાઇ ચૌહાણ (ઉ.વ.૭૦)નું તા. ૧૫-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.




ગળપાદર નિવાસી ગં.સ્વ. સરસ્વતીબેન મેઘજીભાઇ ચૌહાણ (ઉ.વ.૮૪)નું તા. ૧૪-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રીમતી શારદાબેન પરસોત્તમભાઇ જેઠવા (ઉ.વ.૫૯)નું તા. ૨૦-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (કુંભારીયા) નિવાસી શ્રી જયંતિલાલ પ્રેમજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૮) નું તા. ૦૭-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી દામજીભાઇ વાઘજીભાઇ પરમાર (ઉ.વ.૭૦)નું તા. ૨૮-૦૩-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી શ્રી પરસોત્તમભાઇ વલમજીભાઇ ટાંક (ઉ.વ.૯૦)નું તા. ૧૬-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



આદિપુર (માધાપર) નિવાસી કુ. ગરીમા રજીતભાઇ રાઠોડ (ઉ.વ.૨૭)નું તા. ૦૭-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.



ગાંધીધામ (ગળપાદર) નિવાસી શ્રી હિરાલાલભાઇ ખોડાભાઇ પરમાર (ઉ.વ.૮૨)નું તા. ૧૮-૦૪-૨૦૨૩ના રોજે અવસાન થયેલ છે.

**મેરેજને લગતી તમામ આઇટમ મેળવવા માટેનું એકમાત્ર સ્થળ એટલે જ**

# લગ્નસરા



- લગ્નવિધિ આઇટમ
- ડેકોરેશન
- ગીફ્ટ આઇટમ
- કરિયાવર
- આણાની આઇટમ
- લગ્ન પ્રસંગની આઇટમ વગેરે

બહાર ગામ વસતા સમાજબંધુઓને કૂરીયરથી મોકલવાની વ્યવસ્થા છે

**ટીપી-૩, ખીજડા મામા મંદિર રોડ, ખત્રી ચોક, ૧૨મી. રોડ, અંજાર (કચ્છ) મો.નં. : 8141968106**

@lagansara the weddings studio

*With Best Compliments from...*

## Er. Keval B. Rathod

DCE, B.Tech Civil

**DEV CONSULTANT**
BUILD UNIQUE

**Consulting Civil Engineer**

*(Anjar Area Development Aurthority "AADA" Approved)*

*Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110*

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

*Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com*

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.


**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

**Hemraj Damji Solanki**
**Ketan H. Solanki (B.Arch.)**
**Samir H. Solanki (B.E.)**

**098221 17126**
**098226 67940**
**097654 82266**

## M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)



## M/s. SAMEER TRADERS (Agencies House)

## 3rd DIMENSION (Architect & Engineers)

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365




**KIA**

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

**TOYOTA**

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







**cromā**

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

**SANDY RESORT**

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750 Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740 Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



**SHRI RAMESH KOOVARJI RATHOR**
**26TH AUGUST 1944- 6TH MARCH 2023,**
**CUTTACK,ODISHA. MOBILE : 9871518046**
**GAM: MADHAPAR, KUTCH**

નથી હયાત પરંતુ સાથે જ છો તેવું હંમેશા લાગ્યા કરે છે, હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે.
ક્યારેક કહેવાયેલા તમારા સત્સંગના ભણકારા સંભળાયા જ કરે છે અને યાદોમાં તમારા દર્શન થયા જ કરે છે.
પ્રભુ તમારા દિવંગત આત્માને શાંતિ અર્પે એજં પ્રાર્થના...

**SHOK ATUR RATHOR PARIVAR**

**G.S. ROOPA RAMESH RATHOR**

Shri Hansraj .K. Rathor (Bhai) — Smt Shakuntala .H. Rathor(Bhabhi)
Shri Deepak .S. Rathor (Bhatrija) — Smt Bharati .S.Rathor ( Bhatrija bahu)
Shri Naresh .S. Rathor ( Bhatrija) — Smt Meena .N. Rathor (Bhatrija bahu)
Late Shri Himanshu.V.Rathor (Bhatrija) — G.S. Nandita .H. Rathor (Bhatrija bahu)
Smt Deepa .S. Rao ( Bhatriji) — Shri Satya Rao
Shri Nikhil .R. Rathor (Son) — Smt Maheshwari .N. Rathor( Bahu)
Shri Manish .R. Rathor ( Son) — Smt Shubhakankshi .M. Rathor(Bahu)

GRANDCHILDREN
Miss Jeevanaa Nikhil Rathor
Mstr Hriday Manish Rathor
Mstr Ved Nikhil Rathor

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર

**સ્વ. તા. ૫/૪/૨૦૨૩**

**દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : બાલાઘાટ**

**(પૂર્વ પ્રમુખશ્રી મહાસભા સત્ર : ૨૦૦૮–૨૦૧૧)**

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પૂર્વ પ્રમુખ આદ. શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમારના અવિસ્મરણીય યોગદાન બદલ સુરેન્દ્રનગર ઘટક સદાય તેમનું ઋણી રહેશે.

યાદ રહેશે અમોને સદા... સદ્સંસ્કારો તમારા... અમો સદા અગ્રેસર રહેશું... સમાજ સેવાના પથ પર તમારા.... તમે સદા જીવંત છો.... કાર્ય-વિચારોમાં અમારા... શ્રદ્ધાસુમન અર્પિત છે ચરણોમાં તમારા.... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**હસમુખભાઈ કે. ટાંક**
પ્રમુખશ્રી, સુરેન્દ્રનગર ઘટક

**હરીશભાઈ ડી. પરમાર**
સલાહકાર પ્રમુખશ્રી, સુરેન્દ્રનગર ઘટક

**બીનાબેન એસ. યાદવ**
પ્રમુખશ્રી, સુરેન્દ્રનગર મહિલા મંડળ

**જીગરભાઈ કે. રાઠોડ**
પ્રમુખશ્રી, સુરેન્દ્રનગર યુવા મંડળ

**તથા સમસ્ત સમાજબંધુઓના જયશ્રી કૃષ્ણ**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. અરૂણભાઈ જાદવજીભાઈ ટાંક

**જન્મ તા. ૨૭-૧૨-૧૯૬૦, સ્વ. તા. ૨૭-૦૫-૨૦૨૨**


**શુક્રવાર, વૈશાખ વદ બારસ**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. ચંપાબેન જાદવજીભાઈ ટાંક | (માતા-પિતા) |
| ગં.સ્વ. રસીલાબેન અરૂણભાઈ ટાંક | (ધર્મપત્ની) |
| કાજલબેન નયનભાઈ ટાંક | (પુત્રવધુ-પુત્ર) |
| ખુશ્બુબેન જયદીપભાઈ ટાંક | (પુત્રવધુ-પુત્ર) |
| દક્ષાબેન ચેતનભાઈ રાઠોડ | (દિકરી-જમાઈ) |
| ફાલ્ગુનીબેન હેતુલભાઈ મારૂ | (દિકરી-જમાઈ) |
| પલકબેન નયનભાઈ ટાંક | (પૌત્રી) |
| હેતાન્શી જયદીપભાઈ ટાંક | (પૌત્રી) |
| નેન્સી, અદિતી, દેવ, આયુષ | (દૌહિત્ર-દૌહિત્રી) |

**સમસ્ત ચિત્રોડા ટાંક પરિવારના જયશ્રી કૃષ્ણ**



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

यद्यदाचरति श्रेष्ठसतत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।। गीता ३-२१

"શ્રેષ્ઠ પુરૂષ જે જે આચરણ કરે છે, અન્ય જનો પણ તેવું જ આચરણ કરે છે. તે જે ધોરણો સ્થાપે છે, તે અનુસાર સમસ્ત જનસમુદાય વર્તે છે."

**સ્વ. શ્રી રણજીતભાઈ હરજીભાઈ પરમાર (બાલાઘાટ)ને**
વેવાઈ સ્વ. શ્રી રણજીતભાઈ તથા સ્વ. શ્રી વિશ્રામભાઈ શ્રી અર્જુનભાઈ ચૌહાણ – ઘાટકોપર (મુંબઈ) અને ગાંધીધામ (કચ્છ–ગુજરાત) તરફથી શ્રદ્ધાંજલિ...

| | | |
|---|---|---|
| **પૂર્ણિમા - નરેન્દ્ર** | **જ્યોત્સના - નરેશ** | **શિલ્પા - પરિમલ** |
| **જયા - પંકજ** | **ભૂમિકા - વિકાસ** | **નિશા - રવિકુમાર** |
| **હેમા - બિમલ** | **આશા - મેહૂલ** | **પ્રાચી - નિકુંજ** |
| **લતા - રમેશચંદ્ર** | **રાજવી - જય** | **તથા કુટુંબીજનો** |
| **સ્વ. હેમલતા - અમૃતલાલ** | **ભાવના - કેતન** | |

*A Life Enjoyed is a Life Worth Remembering*



**Sri Vishram Parbat Chauhan**
lived a full life, happy and healthy surrounded by his loved ones. He watched his family grow starting with his strength, his soulmate, his wife- Savita Chauhan, 7 sons and daughters, 13 grandchildren, and 15 great-grandchildren.

His voice still echoes in our ears, "tu pyar ka sagar hai, teri ek boond ke pyase hum."

Sri Vishram Parbat Chauhan was born on March 19th 1926 and he left for the heavenly abode 97 years later, on March 19th 2023.
His native village was Kukma.

**Fondly remembered by:**
Wife: **Savita Chauhan**
Son/Daughter: **Bharati-Arun, Rashmi-Tarun(Late), Dilip-Rekha, Bharat-Madhu, Kalpana-Bharat, Harshada-Rangaram, Vimal-Anamika**
Grandchildren: **Geeta-Chetan, Heena-Mukul, Tushar-Neelu, Vishal-Anusha, Sujay-Hemali, Jeet-Shruti, Arjun-Chandana, Karan, Kritika-Raghav, Kanishka, Shoban-Anamika, Keya, Armaan**
Great-Grandchildren: **Kush, Navya, Aarna, Diya, Dhruv, Siddh, Krish, Anik, Anav, Maheira, Anaira, Lucia, Camila, Niam, Riaan.**

## છઠ્ઠી પૂણ્યતિથિ



**સ્વ. મયુરભાઈ વલમજીભાઈ ચાવડા**
સ્વ. તા. ૨૬-૫-૨૦૧૭, રવિવાર
કચ્છમાં ગામ : ચંદીયા, હાલ : રાજકોટ

શ્રદ્ધાંજલી માટે શબ્દો ઓછા પડે છે4 પુષ્પાંજલી માટે પુષ્પો ઓછા પડે છે
હરદમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે, કયારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરેછે
યાદમાં સતત આપના દર્શન થયા કરે, દરેક કાર્યોમાં આપના આશિર્વાદના અહેસાસ થયા કરેછે
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ ભાવપુર્ણ શ્રદ્ધાંજલી

**પરિવારજનોની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**
ગં. સ્વ. પ્રભાવતીબેન વલમજીભાઇ ચાવડા (માતા)
ચંદ્રેશભાઇ વલમજીભાઇ ચાવડા (ભાઇ)
અ. સૌ. અંકિતાબેન ચંદ્રેશભાઇ ચાવડા (પુત્રવધુ)
અ. સૌ. અંજનાબેન નરેશભાઇ રાઠોડ (બહેન)
અ. સૌ. બબીતાબેન વિજયભાઇ રાઠોડ (બહેન)
અ. સૌ. જયનાબેન જયેશભાઇ જેઠવા (બહેન)
અ. સૌ. શ્વેતા ભાવેશભાઇ રાઠોડ (ભાણેજ)
અ. સૌ. ઉપાસના હાર્દિકભાઇ યાદવ (ભાણેજ)
હર્ષિકા, સોનમ, ધૈર્ય, અંજલી

**સમસ્ત ચાવડા પરિવારના જયશ્રીકૃષ્ણ**

Surbhi
CLOTHING




# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



## બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)












આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

## શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ - માધવ સ્વીમીંગ

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

## શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

## માધવ સ્વીટ એન્ડ નમકીન

બસ સ્ટેશન પાસે, કુકમા



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda | Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



Authorised Dealer

C&S electric
AVOCAB WIRES & CABLES
HPL The Power of Technology
connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON
*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938 Published on May-2023
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

॥ જય સીયારામ ॥



'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

SHREE RAM GROUP OF INDUSTRIES

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

આપના વિનમ્ર

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.